بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم

**બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ** رحمۃ اللہ علیہ **બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા *(માસિક)*


**તા. ૦૧-જુલાઈ-૨૦13**

શાબાનુલ મુઅઝ્ઝમ-રમઝાનુલ મુબારક

હિજરી સન : ૧૪૩૪

વર્ષ : ૧૦, અંક : ૦૭, સળંગ અંક : ૧૧૫

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



પત્ર વ્યવહારનુ સરનામું

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www.barkatekhwaja.net**

**Email : anjuman2006@hotmail.com**


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી** (B.Sc.)

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


**● અનુક્રમણિકા ●**


| | | |
|---|---|---|
| ૦૧ | શું અમેરિકામાં સ્ત્રીઓ આઝાદ તથા સુરક્ષિત છે ?! | ૦૨ |
| ૦૨ | દીનમાં અડગતાની અનિવાર્યતા અને વર્તમાન હાલાત | ૦૩ |
| ૦૩ | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | ૧૦ |
| ૦૪ | એ'તેકાફ માટે મસ્જિદમાં કપડાથી આડ કરવી જાઈઝ છે ? | ૧૨ |
| ૦૫ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૩ |
| ૦૬ | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | ૧૫ |
| ૦૭ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૧૭ |
| ૦૮ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૧૯ |
| ૦૯ | મોટો વ્યક્તિ કોણ ? | ૨૧ |
| ૧૦ | અલ્લાહના વલી મૃત્યુ પછી જીવંત રહે છે | ૨૪ |
| ૧૧ | સવાદે આ'ઝમ (મોટી જમાઅત) કોણ ? | ૩૦ |
| ૧૨ | ખિલાફત તથા સજ્જાદગી વાસ્તવિક્તાની રોશનીમાં | ૩૫ |
| ૧૩ | અલ્લાહ તઆલાને ''ઉપરવાળો'' અથવા ''અલ્લાહ મિયાં'' કહેવું કેવું છે ? | ૪૧ |
| ૧૪ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૪ |


**કલામુલ ઈમામ ઈમામુલ કલામ**

રઝા : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

સૂના જંગલ રાત અંધેરી છાઈ બદલી કાલી હૈ
સોનેવાલે જાગતે રહીયો ચોરોં કી રખવાલી હૈ
યે જો તુઝ કો બુલાતા હૈ યે ઠગ હૈ માર હી રખેગા
હાએ મુસાફિર દમ મેં ન આના મત કૈસી મતવાલી હૈ
સોના પાસ હૈ સૂના બન હૈ સોના ઝહેર હૈ ઉઠ પ્યારે
તૂ કહતા હૈ નીંદ હૈ મીઠી તેરી મત હી નિરાલી હૈ
બાદલ ગર્ઝે બિજલી તળપે ધક સે કલેજા હો જાએ
બન મેં ઘટા કી ભયાનક સૂરત કૈસી કાલી કાલી હૈ
સાથી સાથી કેહ કે પૂકારું સાથી હો તો જવાબ આએં
ફિર ઝુંઝલા કર સર દે પટકું ચલ રે મૌલા વાલી હૈ
તુમ તો ચાંદ અરબ કે હો પ્યારે તુમ તો અજમ કે સૂરજ હો
દેખો મુઝ બેકસ પે સબને કૈસી આફત ડાલી હૈ
શહદ દિખાએ ઝહર પિલાએ કાતિલ ડાઈન શૌહર કુશ
ઈસ મુર્દાર પે ક્યા લલચાના દુનિયા દેખી ભાલી હૈ
વો તો નિહાયત સસ્તા સૌદા બેચ રહે હૈ જન્નત કા
હમ મુફલિસ કયા મોલ ચૂકાએં અપના હાથ હી ખાલી હૈ
મૌલા તેરે અફવો કરમ હો મેરે ગવાહ સફાઈ કે
વરના **''રઝા''** સે ચોર પે તેરી ડિગ્રી તો ઈક્બાલી હૈ

*નોંધ : કોઈપણ બાબતે ન્યાયક્ષેત્ર ભરૂચ રહેશે.*

# શું અમેરિકામાં સ્ત્રીઓ આઝાદ તથા સુરક્ષિત છે ?!

કાર્યાલય

આખા જગતનો જમાદાર બનીને અમેરિકાએ અન્ય દેશોમાં વિશેષતઃ મુસ્લિમ દેશોની આંત્રિક બાબતો તથા રાજકરણમાં માથુ મારીને પબ્લિકને કહેવાતા જાલિમ કે ડિકટેટર રાજાઓથી મુક્તિ અપાવવાના ઓઠા હેઠળ (સિવાય તેના ગુલામ સઊદી અરબિયા !) અસંખ્ય મુસ્લિમ દેશોની આંત્રિક બાબતોમાં ચંચુપાત કરીને તેમજ માનવ અધિકારના હનનનો મુદ્દો આગળ ધરીને (પેલેસ્ટાઈન–ઈઝરાઈલ મામલા સિવાય ?!) આ જમાદારે કહેવાતા જાલિમ ડિકટેટરો કરતાં સેંકડો હજારો ગણો માનવસંહાર અનેક દેશોમાં કર્યો અને હજી ચાલુ છે. તેમજ અગણિત સ્ત્રીઓની આબરૂઓ લૂટાઈ, તેમજ સ્ત્રી અધિકાર તથા સ્ત્રી આઝાદી તથા સ્ત્રી રક્ષણની વાતો કરનારા ખૂદ અમેરિકા તથા યૂરોપના દેશોમાં સામાન્ય સ્ત્રીઓ પર તો બળાત્કારોના પુષ્કળ બનાવો રોજ રોજના રેકોર્ડ તોડી રહ્યા છે ! એટલું જ નહીં પણ દેશના રક્ષકો દ્વારા એટલે સૈનિકો દ્વારા જ સ્ત્રીઓ પર બળાત્કારના ગુનાઓ કેવા બની રહ્યા છે અને તે પણ સ્ત્રી સૈનિકો જ તેનો કેવી રીતે ભોગ બની રહી છે તે વાંચીને તો અમેરિકાના સ્ત્રી આઝાદીના નારાનો ભાંડો જ ફૂટી ગયો છે ! અને તેના માથે કાળુ કલંક લાગી ગયું છે.

### ★ અમેરિકી ફોજમાં જ વરસમાં ૨૬ હજાર જાતીય શોષણના ગુનાઓ ! ★

તમને અધધ લાગતુ હશે ! પણ આ છે સ્ત્રીના હક્કોના રક્ષણનાં બણગાં ફૂંકીને ઈસ્લામ પર ગલત આક્ષેપો કરનારા અમેરિકન લશ્કરીઓની વાસનાના જંગલીપણાની દાસ્તાન ! તે પણ પોતાના દેશની જ લશ્કરની સ્ત્રી સૈનિકો પર ! અમેરિકી ફોજીઓ વાસનાના બીમાર થઈ ચૂકયા છે, તેમના પર વાસનાનો શૈતાન સવાર થઈ ચૂક્યો છે. તેઓ દુશ્મનને પીંખી કાઢવાને બદલે પોતાના દેશની સૈનિક બહેનોની જ આબરૂ લૂટી રહ્યા છે ! ફોજી બેરેકોમાં વર્દીધારી સ્ત્રીઓની ચીસો તથા સીસકીઓ ઉઠી રહી છે, જેના પર કન્ટ્રોલ કરવાથી અમેરિકી સત્તા લાચાર છે !

આ અમે નથી કહેતા ! આ અલ્ કાયદાનો દાવો નથી ! ન તાલિબાનનો કે ઈરાનનો પ્રોપેગન્ડો છે, બલ્કે ખૂદ અમેરિકાના પેન્ટાગોનની એક રિપોર્ટે અમેરિકામાં ખતરના ઘંટી વગાડી દીધી છે. ૨૦૧૨માં અમેરિકી ફોજમાં સ્ત્રી શોષણના ગુનાહોની સંખ્યા ૩૩૭૪ હતી. આ વર્ષે ૨૬ હજારે આંકડો પહોંચ્યો છે. દરેક ચાર વર્દીધારી સ્ત્રીઓમાંથી એક સ્ત્રી શારીરિક શોષણનો શિકાર છે, પણ મોટાભાગની સ્ત્રીઓ નોકરી છૂટી જવાના તથા સિનિયર ઓફીસરના ડરથી ખામોશ છે તેમજ ફોજી ઈન્સાફ પર ભરોસો ન હોવાના કારણે પણ ચુપ છે.

### ★ પાદરીઓ પણ જાતીય શોષણના મુજરિમ ! ★

આ તો અમેરિકી સૈનિકોના વાસનામય જંગલીપણાની ઝલક હતી, પણ તમને એ જાણીને આશ્ચર્ય થશે કે અમેરિકાના કેથોલિક ખ્રિસ્ત્રી પાદરીઓ જેઓને સન્યાસી કહેવાય છે તેમની વાસનાનો આલમ આ છે ! જુઓ વર્તમાન પત્રો દર્શાવે છે કે : "અમેરિકાના કેથોલિક, ખ્રિસ્તી પાદરીઓ વિરુદ્ધ જાતીય શોષણના સાતસો નવા આરોપો લાગ્યા છે. કેથોલિક બિશપોની એક સંસ્થા તરફથી પ્રસિદ્ધ અહેવાલમાં જણાવાયું હતું કે આ આરોપો ગયા વર્ષે સામે આવ્યા હતા. અહેવાલમાં જણાવાયું હતું કે જાતીય શોષણની આ ઘટનાઓ ૧૯૬૦થી ૧૯૮૪ની વચ્ચે થઈ હતી. ફરિયાદ કરનાર લોકોમાં ૭૧ સગીરો પણ સામેલ છે. જે પાદરીઓ પર આરોપ લગાવાય છે તેમાંના ઘણાનાં મોત થઈ ચૂકયાં છે તથા ઘણા પાદરીઓને હોદ્દા પરથી હટાવી દેવામાં આવ્યા છે. અહેવાલમાં જણાવ્યા પ્રમાણે ૨૮૦ પાદરીઓ પર જાતીય દુરાચારના આરોપો લાગ્યા હતા. ગયા વર્ષે જાતીય દુરાચારના કેસોના નિકાલ માટે અમેરિકન સર્વે ૧૪.૪ કરોડ ડોલર ખર્ચ કર્યો હતો."

આ છે કહેવાતા સભ્ય દેશની પ્રજાના રક્ષકો એટલે લશ્કરીઓ તથા આધ્યાત્મિક ગુરૂઓ એટલે સન્યાસી પાદરીઓની હાલત ! તો સામાન્ય પ્રજાની શું હાલત હશે ?! (અલ્લાહની પનાહ !) જેથી મુસલમાનોએ યૂરોપ તથા અમેરિકાના કલ્ચરના અનુકરણને છોડીને ઈસ્લામી પવિત્ર કલ્ચર અપનાવવું જોઈએ.

# દીનમાં અડગતાની અનિવાર્યતા અને વર્તમાન હાલાત

તંત્રી લેખ

મુસલમાનો ! વિશ્વમાં અનેક ધર્મો વિવિધ માન્યતાવાળા અસ્તિત્વ ધરાવે છે. કોઈ ત્રણ ખુદામાં માને છે અથવા ખુદાના માટે પુત્ર હોવું દર્શાવે છે, કોઈ ક્રોસની પૂજા કરે છે, કોઈ અગ્નિપૂજક છે, કોઈ દુનિયામાં થઈ ગયેલા કહેવાતા મહાપુરૂષોની પૂજામાં રચ્યા પચ્યા છે તો કેટલાક લોકો અનેક ખુદાઓની ઈબાદતમાં (પૂજામાં) લાગેલા છે. એવામાં ઈસ્લામ જ એક એવો મઝહબ છે જેની તા'લીમ છે : લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ. "અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને પાત્ર નથી, મુહમ્મદ (ﷺ) અલ્લાહના રસૂલ છે." જ્યાં સુધી માણસ સાચા દિલથી આ કલમા પર ઈમાન, યક઼ીન, વિશ્વાસ નથી ધરાવતો ત્યાં સુધી તે મુસલમાન નથી. તેમજ જેવી રીતે કલમો પઢયા પછી પણ જો કોઈ અલ્લાહ સિવાય અન્યની પૂજાવિધિમાં શરીક થાય કે અન્યને પૂજ્ય સમજે ભલે લોકોને દેખાડવા પૂરતો પણ છતાંય એ કલમાનો ઈન્કાર ગણાશે, એવું કરનારનું કે માનનારનું કોઈ બહાનુ માન્ય થશે નહીં, તેવાને મુસલમાન સમજનાર પણ મુસલમાન રહેશે નહીં. તેવી જ રીતે "મુહમ્મદ" (ﷺ) અલ્લાહના રસૂલ છે." એનો સ્વીકાર કર્યા પછી કોઈ રસૂલે ખુદા ﷺને પોતાના જેવા બશર (પોતાના જેવા સામાન્ય માનવી) સમજે, તેમના ઈલ્મને બાળકો, પાગલો, ચોપગાં જાનવરો જેવો કહે તે પણ મુસલમાન નથી ! પછી ભલે ગમે તેવા લોચા વાળીને ખુલાસા કરવા માંડે. નબીપાક ﷺની મામૂલી સરખી તૌહીન જેણે કરી તેણે કલ્માનો ઈન્કાર કર્યો ગણાશે, એટલું જ નહીં એવી ગુસ્તાખ વ્યક્તિને મુસલમાન સમજનાર પણ મુસલમાન રહેશે નહીં.

## ★ દીન પર અડગતા તથા મજબૂતીનો અર્થ શું ? ★

આજકાલ એક બે કહેવાતા પીરો થકી પોતાની આરતી ઉતારાવતી તથા પોતે મૂર્તિપૂજા કરતા હોવાની વીડીઓ ક્લિપો ઈન્ટરનેટ પર જોવા મળે છે. તો તેના અનુસંધાનમાં દીન પર અડગતા કોને કહેવાય તેના સંબંધી લખાણ અત્રે રજૂ કરીએ છીએ જેથી મુસલમાનો સીધો માર્ગ પામી શકે અને ગુમરાહીથી બચી જાય.

દીન પર અડગતા (તસલ્લુબ)નો મતલબ છે સખ્તીપૂર્વક, મજબૂતીની સાથે જીવનભર દીન પર ક઼ાયમ રહેવું, તમામ દીનોમાં પોતાના દીનને જ હક્ક઼ સમજવો બાકી સર્વને બાતિલ જાણવા, અને વાણી તથા વર્તનથી એવું જ જાહેર કરવું, માથાથી પગ સુધી પોતાના દીનના રંગમાં જ રંગાયેલો હોય, દરેક વાતને દરેક કામને દીની દષ્ટિથી જ તોલે, વિચારે, દીનના અહકામની મજબૂતીથી પાબંદી કરે, દીનની તરક્કી તથા ખુશહાલી જોઈને ખુશ થાય અને તેની પડતી તથા બર્બાદી થતી જોઈને રંજમય બને, એને દીન પર તસલ્લુબ (અડગતા)વાળો કહે છે.

**દહનમેં ઝબાં તુમ્હારે લિએ, બદનમેં હૈ જાં તુમ્હારે લિએ**
**હમ આયે યહાં તુમ્હારે લિએ, ઉઠેં ભી વહાં તુમ્હારે લિએ**

એવા જ દીનવાળાઓ માટે કુર્આને કરીમ ફર્માવે છે : "બેશક ! તે લોકો જેમણે કહ્યું અલ્લાહ અમારો

રબ (પરવરદિગાર) છે પછી એના પર જામી રહ્યા, એમના પર ફરિશ્તા ઉતરે છે કે ન ડરો ન ગમ કરો અને ખુશ થાવ એ જન્નત પર જેનો તમને વાયદો કરવામાં આવ્યો હતો." *(સૂરએ હા–મીમ–સજદા, પારા : ૨ ૪, રૂકૂઅ : ૧૮)*

દીન પર અડગતાની તા'લીમ કુર્આન આ રીતે આપે છે : "હે અલ્લાહ ! અમને સીધા માર્ગે ચલાવ એમના માર્ગે જેમના પર તેં એહસાન કર્યું, ન એમના જેમના પર તેં ગઝબ (પ્રકોપ) કર્યો, ન ભટેલાઓના." *(સૂરએ ફાતિહા, આ. ૬–૭)*

વળી એ પણ જાણી લો કે નબી કરીમ ﷺના જાહેરી જમાનામાં અહલે કિતાબ યહૂદીઓમાંથી કેટલાક લોકો ઈમાન લઈ આવ્યા અને ઈસ્લામ સ્વીકારી લીધો, ત્યારબાદ પણ શરીઅતે મૂસવીની કેટલીક વાતો અપનાવી રાખતા હતા. શનિવારના દિવસની તા'ઝીમ કરતા અને તે દિવસે શિકાર પર ન જતા, ઊંટનો ગોશ્ત ખાવાથી પરહેઝ કરતા તથા એવું વિચારતા કે ઈસ્લામમમાં આ વાતો કેવળ મુબાહ છે અને તૌરાતમાં એનાથી બચવું જરૂરી કરવામાં આવ્યું છે જેથી એને ત્યજવામાં ઈસ્લામની વિરુદ્ધતા નથી થતી અને શરીઅતે મૂસવી પર અમલ પણ થાય છે. તેમની આ કાર્યપદ્ધતિનો વિરોધ દર્શાવીને ઈસ્લામમાં અડગ તથા મજબૂત રહેવાની નસીહત કુર્આને આ પ્રમાણે ફર્માવી :–

"હે ઈમાનવાળાઓ ! ઈસ્લામમાં સંપૂર્ણપણે દાખલ થઈ જાવ અને શૈતાનના પગલે ન ચાલો, બેશક ! તે તમારો ઉઘાડો દુશ્મન છે." *(સૂરએ બક઼રહ, આયત : ૨૦૮)*

વિચારો ! તૌરાત પણ અલ્લાહના પયગંબર હઝરત મૂસા عليه السلام પર અલ્લાહની જ નાઝિલ થયેલી કિતાબ તથા તેમનો દીન અલ્લાહનો જ નાઝિલ કરેલો હતો, છતાંય ઈસ્લામના તથા કુર્આનના આગમન પછી, નબી કરીમ ﷺના આગમન પછી કોઈ મુસલમાન થઈને તેના અહકામ કે તે મઝહબ પર ચાલી નથી શક્તો, તો પછી એકતાના નામે કે ગમે તે લોભમાં કોઈ ગૈરોના મઅબૂદોની પૂજા કરે અથવા જેની પણ તેઓ પૂજા કરતા હોય તેની તા'ઝીમ કરે, કે તેને તિલક કરે, ફૂલહાર ચઢાવે, આરતી ઉતારે તો એ ક્યાંથી ઈસ્લામમાં રહેશે ?! જાતે જ ફૈંસલો કરો.

## ★ આગલા યુગોમાં દીન પર અડગતાના બોધદાયક દષ્ટાંતો ★

હઝરત બિલાલ رضی اللہ عنہને કોણ નથી જાણતું ? ઈસ્લામનો કલ્મો સ્વીકારવાના કારણે ઉમૈયા જાલિમે તેમના પર કેટલા જુલ્મો કર્યા ? થાકી જતાં સુધી મારતો, તપતી રેતી પર સૂવાડી છાતી પર ગરમ પથ્થરો મૂક્તો, રસ્તા પર રસ્સી બાંધીને જાનવર જેમ ઘસેડતો... વગેરે છતાં "અહદ ! અહદ !" (અલ્લાહ એક છે) કહેતા રહ્યા અને અલ્લાહ વ રસૂલનો કલ્મો ન ત્યજ્યો. અને કઈ રીતે ત્યજતા ભલે જાન ચાલી જાય ?! કેમ કે એમણે તે નબીનો કલ્મો પઢયો હતો જેમણે પોતાને સમજાવવા આવેલ કાકા અબૂ તાલિબને આ જવાબ આપ્યો હતો કે, "ચચાજાન ! ખુદાની ક઼સમ ! તેઓ મારા જમણા હાથમાં સૂરજ અને ડાબા હાથમાં ચાંદ પણ રાખી દે એ વાત પર કે હું ઈસ્લામનો પ્રચાર ન કરું તો પણ કદાપિ એને છોડીશ નહીં ત્યાં સુધી કે અલ્લાહ આ દીનને ગાલિબ કરી આપે અથવા હું હલાક થઈ જાઉં. *(સીરતે ઈબ્ને હેશામ, ૧/૮૯)*

આજે દુનિયાની દૌલત, વાહ વાહ કે મામૂલી હોદ્દાની લાલચમાં લોકો જ્યાં ત્યાં નમન કરવા કે પૂજન કરવા લાગ્યા છે, પણ તેઓ ભૂલી જાય છે કે તેઓ કોના ઉમ્મતી છે ! એ નબીના ઉમ્મતી છેકે જેમને મક્કાના કુરૈશે ઈસ્લામના કલમાના પ્રચારથી રોકવા ઓફર કરી હતી કે જો તમો રાજ સત્તાના ઈચ્છુક

હોઉ તો અમો તમને અમારા સરદાર તથા અમીર અને હાકિમ બનાવી લઈએ, જો કોઈ ખૂબસૂરત સ્ત્રીથી નિકાહ કરવા ચાહતા હોઉ તો અરબની સૌથી અધિક સુંદરતાવાળી સ્ત્રી સાથે આપના નિકાહ કરી આપીએ, જો દૌલતના ઈચ્છુક હોઉ તો અમો સૌ કોશિશ કરીને ઘણો બધો માલ આપના કદમોમાં જમા કરી દઈએ. પણ ઈસ્લામના પયગંબરે એ સર્વ લોભામણી ઓફરો કે જેના કારણે જ આજે ઘણા લોકો લોભાયને ઈસ્લામથી બહાર થઈ રહ્યા છે તેને આપે ઠુકારાવી હતી અને "લા ઈલાહ ઈલ્લાહ"ના કલ્માને બુલંદ કર્યો હતો.

**તેરી આમદ થી કે બૈતુલ્લાહ મુજરે કો ઝુકા**
**તેરી હયબત થી કે હર બુત થર થરાકર ગિરા**

### ★ હઝરત ઉમરને તૌરાતની તિલાવતથી રોક્યા તો પછી..... ?! ★

સાંભળો ! સાંભળો ! હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہما રિવાયત કરે છે કે એક દિવસે જનાબ ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ તૌરાતનો એક નુસ્ખો લઈને આવ્યા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આ તૌરાત છે ! હુઝૂર ﷺ ખામોશ રહ્યા. હઝરત ઉમર رضی اللہ عنہએ તૌરાતની તિલાવત શરૂ કરી આપી. રસૂલુલ્લાહ ﷺના ચહેરા પર નારાઝગીના ભાવ જાહેર થયા અને ચહેરો ગઝબનાક થઈ ગયો ! જ્યારે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ આ જોયું તો હઝરત ઉમરને ચેતવ્યા કે તમે રસૂલુલ્લાહ ﷺના ચહેરાને નથી જોતા ! હઝરત ઉમરે જ્યારે ચહેરા મુબારક પર દૃષ્ટિ કરી તો તેમના પર ભય છવાઈ ગયો અને અર્ઝ કરવા લાગ્યા, "હું અલ્લાહની પનાહ (શરણ) ચાહું છું અલ્લાહના ગઝબથી અને એના રસૂલના ગઝબથી ! અમે અલ્લાહના રબ હોવા પર અને આપના નબી હોવા પર તથા ઈસ્લામના દીન હોવા પર રાજી છીએ !" ત્યારબાદ અલ્લાહના રસૂલ ﷺએ જે નસીહતભર્યા શબ્દો કહ્યા અને દીને ઈસ્લામ પર અડગ રહેવાની તાકીદ કરી તેને ગંભીરતાથી સાંભળો અને દિલમાં બેસાડી લો :–

ફર્માવ્યું, "કસમ એની જેની કુદરતના હાથોમાં મુહમ્મદ ﷺની જાન છે, જો મૂસા علیہ السلام તમારી સમક્ષ જાહેર થઈ જાય અને તમે લોકો મને છોડીને તેમની પાછળ લાગી જાવ તો તમો ગુમરાહી પર હશો. અને સાંભળો ! મૂસા علیہ السلام પણ જો આ દુનિયામાં હોત અને મારી નબુવ્વતનો જમાનો પામત તો તે પણ મારી પયરવી (અનુસરણ) કરત." *(મિશ્કાતુલ મસાબીહ, બાબુલ એઅ્તેસામ, પેજ : ૩૨, બહવાલા જહાંને મુફ્તીએ આ'ઝમ, પેજ : ૭૯૪)*

સુન્ની મુસલમાનો ! જરા ગંભીરતાથી ઈમાની નજરે ઉપરોક્ત લખાણ ફરી ફરી વાંચો અને વિચારો કે તૌરાત પણ અલ્લાહની કિતાબ અને મૂસા علیہ السلام પણ મહાન નબી, છતાં હુઝૂર ﷺનો કલ્મો પઢયા બાદ તેની તિલાવતની પણ ઈજાઝત નથી, બલ્કે હુઝૂર સરાપા રહમત ﷺ ગુસ્સામાં આવી જાય, તો પછી જેઓ મુસલમાન કહેવડાવીને વળી કહેવાતા પીર થઈને બાકાયદા ગૈરુલ્લાહની પૂજા કરે કે પોતાની આરતી ઉતારાવે તો એમના પર ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ કેટલા ગઝબનાક થશે ?! સમજો ! આ દીન ઈમાન કોઈ ખેલ તમાશો નથી !

દીન પર અડગતાને લીધે હઝરત ખબ્બાબ رضی اللہ عنہની સળગેલી પીઠ વિશે વાંચો તથા હઝરત ઝયનબ બિન્તે રસૂલુલ્લાહ, તથા અબૂ સલ્મા, ઉમ્મે સલ્મા رضی اللہ عنہاના હિજરતના બનાવો વાંચો, અન્ય સહાબાના હિજરતના તથા તકલીફોના વાક્યા વાંચો તો સમજાશે કે આ કલ્માને સાચવવા તથા આપણા સુધી પહોંચાડવા સહાબાએ કેવી કેવી કુર્બાની આપી છે ! *(જુઓ સહાબાનો ઈશ્કે રસૂલ તેમજ તોહફાએ નજાત, ભાગ : ૬)*

વાંચો ઈસ્લામનો ઈતિહાસ ! સહાબાની કુર્બાનીઓ વાંચો ! જો ગૈરો સાથે મળીને તેમના જેમ થોડીવાર પૂજન કરી લીધું હોત તો તેમણે પણ જંગો કરીને શહાદતો ન વહોરવી પડત ! પણ એવું કરવાથી ઈસ્લામનો કલ્મો આપણા સુધી હરગિઝ ન પહોંચતે. તે શહીદોને સલામ કરો જેમણે તમને ઈમાન નસીબ કરાવ્યું, તેને બદલે તમો ઉલ્ટી રાહ ચાલો છો ?! કેટલી તકલીફોમાં તેમણે લાઈલાહ ઈલ્લલ્લાહ પર અમલ કર્યો જ્યારે આજે રમત રમતમાં ગૈરોની ઈબાદત થાય ! તમારા આ હાલ છે ?! ઈમાની ગૈરત પેદા કરો !

## ★ સ્ત્રીઓની દીન પર અડગતા કેવી હતી ? ★

મદીના શરીફ હિજરત કર્યાના સાતમા વરસે મક્કાના કુરૈશે સુલહે હુદૈબિયાના કરારને તોડી પરેશાની વહોરી અને રસૂલુલ્લાહ ﷺએ મક્કા મુઅઝ્ઝમા પર હુમ્લાનો ઈરાદો કર્યો તો ગભરાય ગયેલા કુરૈશોએ પોતાના સરદારોમાંથી અબૂ સુફયાનને નવેસરથી કરાર કરવા માટે હુઝૂર ﷺની પાસે મોકલ્યા. મુસલમાનોને સતાવવામાં અગ્ર સ્થાને રહેનાર અબૂ સુફયાન (જે પાછળથી મુસલમાન થયા હતા) નબી ﷺના પવિત્ર ઘરે પોતાની સાહબઝાદી ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે હબીબા رضی اللہ عنہاના ઓરડામાં દાખલ થયા. તેમની એ સાહબઝાદી મુસલમાન થઈ ગયાં હતાં અને હુઝૂર ﷺએ તેમનાથી નિકાહ કરી લીધો હતો. અબૂ સુફયાને જ્યારે રસૂલુલ્લાહ ﷺના મુબારક બિસ્તર પર બેસવાનો ઈરાદો કર્યો તો ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہاએ રસૂલે પાક ﷺના બિસ્તરને હટાવી લીધું અને પોતાના સગા બાપ અબૂ સુફયાનને (જે ત્યારે મુસલમાન થયા ન હતા) એ પાક બિસ્તર પર બેસવા ન દીધા અને બાપના આશ્ચર્ય પર સ્પષ્ટ જણાવી આપ્યું કે, "આ અલ્લાહના રસૂલનું બિસ્તર છે અને તમે મુશ્રિક છો, નજિસ છો, જેથી હું પસંદ નથી કરતી કે તમો રસૂલુલ્લાહ ﷺના બિસ્તર બેસો." *(તારીખે ઈબ્ને જરીર તિબ્રી, મુતર્જિમ, ૧/૪૦૪, બહવાલા જહાંને મુફતીએ આ'ઝમ, પેજ : ૭૯૫)*

સુન્ની ભાઈઓ ! તથા બહેનો ! સમજો ! ઈમાન આનુ નામ છે ! અબૂ સુફયાન નજિસ શિર્ક કરવાના કારણે હતા ! તો ઈમાનનો એ જ તકાઝો છે કે જે ખૂદ નજિસ કાર્ય કરે અને તૌબા કરવાને બદલે છટકાં બહાનાં શોધે તે પીર કઈ રીતે રહી શકે ?!

## ★ એકતા થવી જ જોઈએ પણ દીન ઈમાનના ભોગે નહીં ! ★

આજે કૌમી એકતાના નામે આખેરતથી બેપરવા, ખુદાના ખૌફથી પર, દીન ઈમાનથી જાહિલ અને દુનિયાનો માલ, વાહ વાહ, સત્તા તથા દુનિયાની ઈજ્જત કમાવાના લાલચુ રાજકરણીઓ બે ટકાની ખુરશી પામવા ધર્મોમાં ભેળસેળ કરવા માંડયા છે. **હા ! વતની બંધુઓ સાથે વતન પ્રેમની ભાવના સાથે શરીઅતના વર્તુળમાં રહીને એકબીજાની હમદર્દી, એકબીજા સાથે સુમેળ ભર્યો સુલેહશાંતિ ભર્યો વહેવાર રાખવો, એકબીજાને મદદરૂપ થવું તથા સર્વને લાભદાયી એવાં સમાજ સેવાના કામોમાં સાથ આપી એકતાથી રહેવું, સર્વની ભલાઈને લક્ષમાં રાખી મેળ મેળાપથી રહેવું, આંત્રિક સમસ્યાઓને પ્રેમાળ રીતે, મશ્વરાથી, સલાહ શાંતિથી હલ કરીને એકતા જાળવી રાખવી જેથી દેશની ઉન્નતિ થાય અને શાંતિનું સામ્રાજ્ય સ્થાપિત રહે, એને અમો પણ માનીએ સ્વીકારીએ તથા ઈચ્છીએ છીએ.** દીન પર અડગતાનો મલતબ હરગિઝ એ નથી જ કે અન્ય કૌમો સાથે ઝઘડા કરવામાં આવે ! નહીં ! હરગિઝ નહીં ! બસ, સર્વ સાથે સુમેળભર્યો વહેવાર કરીને

સમાજની ભલાઈનાં કામોમાં એક થઈને સાથ આપતા રહો પણ તમારા દીનમાં દખલ ઉભી થવા ન દો ન અન્યના દીનમાં દખલ કરો. એકતાનો મતલબ એ નથી કે ગૈરો મસ્જિદોમાં નમાઝો પઢવા કે રોઝા છોડાવવા આવે અને તમો મંદિરોમાં પૂજા કરવા જાવ કે શિર્કિયા મેળાઓમાં શરીક થઈ હારતોરા કરો ! એ દીનમાં ભેળસેળ થશે અને ઈમાનને ગુમાવવાનો પ્રસંગ થશે. જેથી એવી એકતા એ અતિશયોક્તિપણુ તથા વધારે પડતુ ગણાશે અને ઈસ્લામની હદથી પાર થવું ગણાશે માટે એનાથી બચવું અનિવાર્ય છે.

## ★ હુઝૂર મુફતીએ આ'ઝમ અને દીન પર અડગતા તથા મજબૂતી ★

આજે કેટલીક ગૈર મુસ્લિમ સંસ્થાઓ જેમ કે આર.એસ.એસ. વગેરે લોકોને પોતાના દીન પર લાવવા કોશિશ કરી રહેલી છે અને એમાં કોઈ નાગરિકને વાંધો હોવો જોઈએ નહીં કેમ કે હિંદુસ્તાનના બંધારણ મુજબ દરેકને પોતાનો ધર્મ ફેલાવવાનો તથા પોતાના ધર્મ પર અમલ કરવાનો સ્વતંત્રપણે હક્ક છે, બંધારણીય હક્ક છે. જેમ કે થોડા દિવસો પર વડોદરા રાજમહેલ ખાતે જૂના રાજપૂત રજવાડાઓના વારસોને ભેગા કરીને સભાઓ ભરાઈ હતી તેમાં કેટલાક મુસલમાન થઈ ગયેલા રજવાડાઓના વારસોને પરત જૂના ધર્મ પર આવવા આમંત્રણ આપવામાં આવ્યું. જો કે એની સામે મુસ્લિમ સમાજ તરફથી સર્વત્ર ખામોશી જ છવાયેલી જોવા મળી. એ જ પ્રમાણે ઈ.સ. ૧૯૨૨માં આર્ય સમાજની ચળવળ દક્ષિણ પશ્ચિમ યુ.પી. તથા રાજસ્થાનના ઈલાકાઓમાં ઈસ્લામથી સંપૂર્ણપણે જાણકારી ન ધરાવતા એવા સાડા ચાર લાખથી અધિક મુસ્લિમ રાજપૂતોને શુદ્ધિ કરીને હિંદુ બનાવવા માટે શરૂ કરવામાં આવી હતી. માલ દૌલત અને શક્તિના જોર પર આર્ય સમાજના લીડરોને પોતાની સફળતા વિશે સંપૂર્ણ યકીન હતું.

મુસલમાનોની આટલી મોટી સંખ્યાને પોતાના ધર્મથી ફેરવવાની તૈયારીઓ સંપૂર્ણપણે થઈ ચૂકી હતી છતાં દેશભરમાં એના સામે ન કોઈ વિરોધ ન કોઈ સંસ્થાની ચળવળ ઉઠી હતી, બસ ! સર્વત્ર ખામોશી તથા સન્નાટો હતો ! પરંતુ કુર્બાન જાવ હજારો નાઝ તથા નેઅમતોમાં ઉછરેલા ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના સાહબઝાદા પર ! **જમાઅતે રઝાએ મુસ્તફા**ના પ્રતિનિધિમંડળમાં શેર બે શએ અહલે સુન્નત હઝરત મૌલાના હશ્મતઅલીખાં પીલીભીતી, સદરુલ અફાઝિલ હઝરત મૌલાના નઈમુદ્દીન મુરાદાબાદી, હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ... વગેરે رحمۃ اللہ علیہم اجمعینને સાથે લઈને ઘરેથી નીકળી પડયા અને ઉપર દર્શાવેલ સેન્સિટિવ વિસ્તારોમાં જેના પર આર્ય સમાજીઓની નજર હતી ત્યાં ગામે ગામ પહોંચ્યા. આર્ય સમાજીઓ સાથે મુનાઝરા કર્યા, જ્યાં મસ્જિદો ન હતી ત્યાં મસ્જિદો બનાવી તથા જ્યાં મદ્રસા, મકતબ ન હતા ત્યાં મકતબ ખોલાવ્યા, જ્યાં મુદર્રિસ તથા ઈમામો ન હતા ત્યાં ઈમામો પહોંચાડયા. કૌમ તથા મઝહબના ખાતર હુઝૂર મુફતીએ આ'ઝમ મુસ્તફા રઝાખાં બરેલ્વી رحمۃ اللہ علیہની સતત કેટલાય વરસોની કોશિશોના પરિણામે આર્ય સમાજીઓની ચળવળ નિષ્ફળ નિવડી અને સાડા ચાર લાખ લોકોનાં ઈમાન તો બચી જ ગયાં બલ્કે અન્ય કેટલાય લોકોએ ઈસ્લામને સ્વીકારી લીધો !" *(રામપુરના દબદએ સિંકદરીનો રિપોર્ટ, ઈ.સ. ૧૯૨૨ થી ૧૯૨૬ વાંચો)*

## ★ આવા મર્દે મુજાહિદો હવે ક્યાંથી મળશે ?! ★

આ હતી "જમાઅતે રઝાએ મુસ્તફા"ની કામગીરી ! પણ આજે ઉઘાડા છોગે ધર્મોમાં ભેળસેળ થતી જોવા છતાં સામાન્યતઃ કહેવાતા રહબરોમાંથી તો કોઈ હરફ ઉચ્ચારવા તૈયાર નથી થતું, બલ્કે પૂછવામાં આવેલ સવાલનો ફત્વા રૂપે જવાબ આપવામાં પણ ટાળમટોળ કરવામાં આવી રહ્યું છે ! એવા પણ

કહેવાતા મુસ્લિમો જોયા કે ન જાણે કોઈ લાલચે કે કોઈ ડરના કારણે રાજકરણીઓને મૂર્તિઓ ભેટ આપી રહ્યા છે ! સુન્ની સુન્ની વચ્ચેની નાની નાની વાતોમાં હંગામો ખડો કરી દેનારા કહેવાતા રહબરો આ બધુ જ જોવા છતાં ગુંગા છે ! કયામતમાં એઓ શું જવાબ આપશે ? આવો ! હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ રહમતુલ્લાહ અલય્હએ કઈ રીતે દીન સામેના પ્રતિકૂળ સંજોગોનો મુકાબલો કર્યો હતો તેની એક ઝલક જોઈ લઈએ.

કિતાબોમાં વર્ણન છે કે હિંદુસ્તાનમાં એક ચળવળ શુદ્ધિ સંગઠન નામથી મુસલમાનોને હિંદુ બનાવવાની શરૂ થઈ હતી. એના માટે પૂરા માલ દૌલત તથા ધામધૂમ સાથે વાજા ત્રાંસા સાથે આયોજનપૂર્વક એક ટોળી બનાવી એક લીડર નીકળી પડયો હતો. એવા નાઝુક સમયે જ્યારે ઘણા વિસ્તારોમાં મુસલમાન ક્યાંક લાલચમાં તો ક્યાંક ડરના માર્યા ધર્મ બદલવા તૈયાર થઈ જતા હતા, ત્યારે મુફતીએ આ'ઝમે હિંદની ગૈરતની રગ ભડકી ઉઠી અને, એ ફિત્નાને દફેઅ કરવા માટે આપે તેનો પીછો કર્યો અને ગામે ગામ જઈને આપ મુસલમાનોને દીન પર અડગતાથી રહેવાની શીખામણ આપતા. એકવાર ખબર મળી કે આગ્રાથી થોડેક દૂર કોઈ ગામમાં આ ચળવળ ચાલી રહી છે. આપે આપની સાથે શેરબે શએ અહલે સુન્નત હઝરત હશમત અલીખાં તથા અન્ય એક સાથીને સાથે લીધા અને જ્યાં સુધી ટ્રેન જતી હતી ત્યાં સુધી ટ્રેન થકી પછી પગપાળા કેટલાયે કિલોમિટર ચાલીને તે ગામમાં પહોંચ્યા. ત્યાં મોટી મોટી કઢાઈઓમાં પુરીઓ તળાઈ રહી હતી અને કેટલાયે નાઈ અસ્તરા તથા કાતરો લઈને બેઠા હતા અને તખ્ત પર ફિત્નો પેદા કરનાર બેઠો હતો. જોયું કે આખુ મુસ્લિમ ગામ દીનથી ફરી જવા તૈયાર છે. આપ તરત જ મજમાને ચીરતા સ્ટેજ પર પહોંચી ગયા અને તેને કહ્યું કે, ''આવો મુનાઝરો કરી લઈએ !'' પણ તેણે ઈન્કાર કર્યો અને બોલ્યો કે આ લોકો ધર્મ પરિવર્તન માટે તૈયાર છે જેથી મુનાઝરાની કોઈ જરૂરત નથી. તો શેરબે શએ અહલે સુન્નતે ઈસ્લામની સચ્ચાઈ રજૂ કરી અને બુત પરસ્તીની રદ કરી પણ મજમા પર કોઈ અસર ન પડી. તો હઝરત મુફતીએ આ'ઝમની ગૈરત જોશમાં આવી અને પંડિતને કહ્યું કે જો તું સાચો છે મારી સાથે તારી આ સળગાવેલી આગમાં કૂદી પડ ! જે બચીને નીકળે તે સાચો ! પછી આગળ વધીને તેનો હાથ પકડયો અને કહ્યું કે ચાલ ! સત્યની પરખ કરી લઈએ ! તો સચ્ચાઈના ભયથી તે ધ્રુજવા લાગ્યો અને એકદમ ચુપ થઈ ગયો. આપે જોશભેર તેને ખેંચવાનું શરૂ કર્યું પણ તે એટલો જાડો હતો કે ટસથી મસ ન થયો. છેવટે એ ખેંચતાણમાં કેટલાક લોકો સ્ટેજ પાસે આવી ગયા અને કહેવા લાગ્યા કે, મોલ્વી સાહબ ! તેનો હાથ છોડી દો ! અમારી સમજમાં આવી ગયું કે સત્ય શું છે ! જો એ સાચો હોત તો આગમાં કૂદવા તૈયાર થઈ જાત ! પછી હુઝૂર મુફતીએ આ'ઝમના હાથ પર સૌએ તૌબા કરી કલ્મો પઢયો અને સાચા પાકા મુસલમાન બની ગયા. *(અન્વારે મુફતીએ આ'ઝમ, પેજ : ૨૮૦, ૨૮૧)*

આવો ! એ જ મર્દે કલંદર હુઝૂર મુફતીએ આ'ઝમ રહમતુલ્લાહ અલય્હના ફત્વા પણ આ સંબંધે જોઈ લઈએ અને બોધગ્રહણ કરીએ. આજકાલ જે ગૈરમુસ્લિમોના ધાર્મિક સરઘસો, રથયાત્રાઓનું સ્વાગત તથા સન્માન કરવાનો રિવાજ કૌમી એકતાના નામે રાજકરણી લીડરોએ બનાવ્યો છે તેના સંબંધે એવા જ એક પ્રશ્નના જવાબમાં હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ રહમતુલ્લાહ અલય્હ ફર્માવે છે :–

''હિંદુઓના શિર્કમય મેળાઓમાં જે બુતોની પરસ્તિશના માટે થતા હોય છે...... એમાં કુફ્રી રસમો ઉપરાંત અન્ય એવી બાબતો ગીતો..... વગેરે હોય છે એવા મેળાઓમાં મુસલમાનોએ જવું કેવું ? તો

આપ ફર્માવે છે : ''એવા મેળાઓમાં (સરઘસોમાં) તમાશો જોવાની હૈસિયતથી (પણ) જવું હરામ, હરામ અને સખત હરામ, ઘણુ જ બુરું કામ છે અને ફક઼ીહોની દષ્ટિએ મઆઝલ્લાહ ! કુફ્ર પરિણામ છે. હદીષમાં છે : ''જે જે પ્રકારના ટોળાની સંખ્યામાં વધારો કરે તે તેમનામાંથી છે.'' ત્યારબાદ ''ખઝાનતુર્રિવાયાત''ના અરબી લખાણ થકી દલીલ કરતાં લખે છે : ''એ લોકો પર તૌબા કરી કલમો પઢવો તથા પત્નીવાળા હોય તો નિકાહ દોહરાવવા લાઝિમ છે. અને જેઓ વેપાર કરવા માટે જાય છે તો પ્રથમ તો એ કે જવું જ ન જોઈએ અને જાય તો ત્યાંથી દૂર રહે એ રીતે કે તેમના મજમામાં વધારો ન થાય..... તેમની આગળ કુફ્રી એલાનો ન થાય...... *(ફતાવા મુસ્તફવિય્યહ્, પેજ : ૯૬)*

તેમજ જેઓ એવા શિર્કમય મેળાઓમાં રસમ રિવાજ પૂરતા જાય અને તોહફારૂપે મીઠાઈઓ વગેરે ખરીદી સગા સ્નેહીઓમાં વહેંચે, એમના સંબંધી સવાલના જવાબમાં ફર્માવ્યું, ''એવું કરનારા નવેસરથી ઈસ્લામનો કલમો પઢે, એમના પર તૌબા કરવી, કલમો પઢવો અને નિકાહ દોહરાવવા લાઝિમ છે. એ લોકો જો ન માને તો તેમની સાથે જ્યાં સુધી તૌબા ન કરે સલામ, કલામ, મેલજોલ, ઉઠક, બેઠક તદ્દન અટકાવી દેવામાં આવે....વલ્લાહુ તઅલા અઅ્લમ. *(ફતાવા મુસ્તફવિય્યહ્, પેજ : ૯૭)*

જ્યારે શિર્કમય મેળાઓમાં રસમ રિવાજ પૂરતા જનાર પર આ હુકમ છે તો પછી જે જાતે હાજરી જ એટલા માટે આપે કે ક્યાં તો પોતાની આરતી ઉતરાવે અથવા પોતે મૂર્તિની આરતી ઉતારી, ફૂલહાર કરીને પૂજા કરે તેના માટે હવે તૌબા સિવાય કોઈ અવકાશ રહ્યો ખરો ?!

## ★ સુન્ની ભાઈ બહેનોને આજીજીભરી અપીલ ! ★

મારા પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! ઉપરોક્ત લેખને વારંવાર વાંચો અને ઈમાનની હક઼ીક઼તને સમજો. કોઈ ખોટો ભરમ કે હવાઈ વાતને આધાર બનાવી આવા ખોટા માર્ગે વહી રહ્યા હોઉ તો તેનો ત્યાગ કરી સાચા પાકા મુસલમાન બનો. કોઈ ખોટી વ્યક્તિની તરફદારીમાં તમે ગમે તેમ વાતો બનાવીને પબ્લિકને તો ધોકામાં નાખી શકો છો પણ તમારો આત્મા પણ તમારી વાતથી સંતુષ્ઠ નહીં રહે, અને રબ તઆલાને તો તમો ધોકો આપી જ નથી શક્તા ! ત્યાં તમારી સખત પકડ થશે, જેથી ડરો અલ્લાહથી ! ક્યાંક એવું ન બને કે તમારી હઠધર્મી આખેરતમાં હમેશાંના અઝાબનો સબબ બની જાય. (મઆઝલ્લાહ !)

અને જે કહેવાતા પીરોએ આવાં ગૈર ઈસ્લામી કામો કર્યાં છે, જેમની ક્લિપો ઠેર ઠેર લોકોએ જોયી છે તેમને પણ અમારી નમ્રતાપૂર્વકની વિનંતિ છે કે ખુદા ગવાહ છે કે અમને કોઈ વ્યક્તિથી કોઈ જ અદાવત કે દુશ્મની નથી, પણ જે વાતો ઈસ્લામથી વિરુદ્ધ છે અને કુફ્ર શિર્કની છે જેના માટે કુર્આન હદીષ સાક્ષી છે જેથી દીનની વિરુદ્ધ વર્તનારથી લોકોને સાવચેત કરવા અને નબી પાક ﷺના ઉમ્મતીઓને ગુમરાહીથી બચાવવા એક ઉમ્મતી તરીકેની ફરજ અને નબીના ઉમ્મતીઓની લાગણીને ખાતર આવી વાતો જાહેર કરવામાં આવતી હોય છે. દુનિયાની સત્તા કે સંપત્તિ કે વાહ વાહ આંખ મીંચાતાં જ સર્વ ફના થઈ જશે અને ઈમાન સિવાય કોઈ સાથે નહીં આવે, જેથી આજીજીભરી વિનંતિ કે ઠંડા દિલે વિચારીને એ ગલત કામોથી તૌબા કરી લેવામાં આવે. તેમજ ગંભીરતાપૂર્વક વિચારી શક્તા એવા પીરના મુરીદો સમજે અને એવા પીરો પાસે સાચા દિલથી તૌબા કરાવી લે અને તૌબા ન કરે તો એમનાથી સંબંધ કટ કરી આપે એમાં જ આપણા સૌની ભલાઈ છે, કેમ કે એ જ્યારે ઈસ્લામમાં જ નથી તો પીર થવાનું તો બહૂ દૂરની વાત છે ! વમા અલૈના ઈલ્લ બલાગ. વમા તૌફીક઼ી ઈલ્લા બિલ્લાહ !

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઇમાન વ ખઝાઇનુલ ઇરફાન


અઝ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ


## સૂરએ બક઼રહની તફસીર

**સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

فِیْ قُلُوْبِهِمْ مَّرَضٌ ۙ فَزَادَهُمُ اللّٰهُ مَرَضًا ۚ وَلَهُمْ عَذَابٌ
اَلِیْمٌ ۢ ۙ بِمَا كَانُوْا یَكْذِبُوْنَ ﴿۱۰﴾ وَ اِذَا قِیْلَ لَهُمْ لَا
تُفْسِدُوْا فِی الْاَرْضِ ۙ قَالُوْۤا اِنَّمَا نَحْنُ مُصْلِحُوْنَ ﴿۱۱﴾
اَلَاۤ اِنَّهُمْ هُمُ الْمُفْسِدُوْنَ وَلٰكِنْ لَّا یَشْعُرُوْنَ ﴿۱۲﴾ وَاِذَا
قِیْلَ لَهُمْ اٰمِنُوْا كَمَاۤ اٰمَنَ النَّاسُ قَالُوْۤا اَنُؤْمِنُ
كَمَاۤ اٰمَنَ السُّفَهَآءُ ؕ اَلَاۤ اِنَّهُمْ هُمُ السُّفَهَآءُ وَلٰكِنْ
لَّا یَعْلَمُوْنَ ﴿۱۳﴾ وَاِذَا لَقُوا الَّذِیْنَ اٰمَنُوْا قَالُوْۤا اٰمَنَّا ۚۖ وَاِذَا
خَلَوْا اِلٰى شَیٰطِیْنِهِمْ ۙ قَالُوْۤا اِنَّا مَعَكُمْ ۙ اِنَّمَا نَحْنُ
مُسْتَهْزِءُوْنَ ﴿۱۴﴾

**તેમના દિલોમાં બિમારી છે[૧૩] તો અલ્લાહે તેમની બીમારી ઓર વધારી અને તેઓ માટે કષ્ટદાયક અઝાબ છે બદલો તેઓના જૂઠનો[૧૪] (૧૦) અને જો તેઓને કહેવામાં આવે કે જમીનમાં ફસાદ ન કરો[૧૫] તો કહે છે અમે તો સુધારકો છીએ (૧૧) સાંભળે છે ! તેઓ જ ફસાદી છે પણ તેઓને ભાન નથી (૧૨) અને જ્યારે તેમને કહેવામાં આવે ઇમાન લાવો જેવું બીજા લોકો ઇમાન લાવ્યા છે[૧૬] તો કહે, શું અમે મૂર્ખાઓની જેમ ઇમાન લઇ આવીએ[૧૭] સાંભળે છે ! તેઓ જ મૂર્ખા છે પણ જાણતા નથી[૧૮] (૧૩) અને જ્યારે ઇમાનવાળા-ઓને મળે તો કહે અમે ઇમાન લાવ્યા અને જ્યારે પોતાના શયતાનો પાસે એકલા હોય[૧૯] તો કહે અમે તો એમ જ મશ્કરી કરીએ છીએ[૨૦] (૧૪)**

૧૩. فِیْ قُلُوْبِهِمْ مَّرَضٌ ۙ તેમના દિલોમાં બીમારી છે. અક઼ીદાઓની ખરાબીને દિલની બીમારી કહેવામાં આવ્યું. એનાથી જાણવા મળ્યું કે અક઼ાઇદનું ખરાબ હોવું રૂહાની જીવનને બરબાદ કરનાર વસ્તુ છે.

૧૪. **મસઅલો** : આ આયતમાં મુનાફિક઼ો માટે કહેવાયું છે કે તેઓને જૂઠ બોલવા માટે કષ્ટદાયક અઝાબ થશે, એનાથી સાબિત થયું કે જૂઠ બોલવું હરામ છે અને એના પર કષ્ટદાયક અઝાબ લાગુ પડે છે.

૧૫. અને જ્યારે તેઓને કહેવામાં આવે છે કે જમીનમાં ફસાદ ન કરો, દિલમાં ઇમાન ન હોવા છતાં ઇમાન જાહેર કરી મુસલમાનો સાથે ભળતા રહેવાની આદત જે મુનાફિકોમાં હતી, તેને જ આ આયતમાં તેમનો ફસાદ કહેવામાં આવે છે.

**મસઅલો** : એનાથી સાબિત થયું કે કુફ્ફાર અને બદ અકીદાવાળા લોકો સાથે મેળમિલાપ રાખવો, તેમના ખાતર દીનમાં (સુસ્તી) કરવી, ગૈર કોમો અને બદમઝહબના લોકો સાથે ચાપ-લુસી કરવી, તેમની ખુશી હાંસલ કરવા સુલ્હે-કુલ્લી બની જવું અને હક઼ વસ્તુ જાહેર ન કરવી, વિગેરે વાતો મુનાફિક઼ની નિશાનીઓ છે, અને એટલા માટે હરામ છે. આજકાલ ઘણા લોકોએ એ માર્ગ અપનાવી લીધો છે, જેમના જલ્સા સભામાં ગયા તેમના જેવા બની ગયા. ઇસ્લામમાં આની મનાઇ છે, જાહેર અને બાતિનનું એકસરખું ન

હોવું એક મોટી અયબ છે.

૧૬. અને જ્યારે તેમને કહેવામાં આવે ઇમાન લાવો જેવું બીજા લોકો ઇમાન લાવ્યા. આ આયતમાં 'લોકો'થી સહાબાએ કિરામ અથવા બીજા મુઅમિનો મુરાદ છે. કારણ કે અલ્લાહની ઓળખ, ફરમાંબરદારી અને આકેબતનો વિચાર એ બાબતો તેઓમાં એવી છે જેના કારણે એ લોકો જ 'ઇન્સાન' કહેવાના લાયક છે.

**મસઅલો** : 'اٰمَنَ كَمَآ اٰمَنُوْا' અર્થાત જેવું બીજા લોકો એટલે સહાબા અથવા મુઅમિન ઇમાન લાવ્યા છે તેવું ઇમાન લાવો, એવું કહેવાથી એ સાબિત થયું કે નેક લોકોનું અનુકરણ વખાણને પાત્ર અને આવશ્યક છે.

**મસઅલો** : એ પણ સાબિત થયું કે અહલે સુન્નતનો તરીકો સાચો અને હક્ છે કારણ કે એમાં નેક લોકો બુઝુર્ગોની ઇતાઅત થાય છે, અને એ પણ જાણવા મળ્યું કે એ સિવાયના બીજા બધા ફિરક઼ાઓ ગુમરાહ છે કારણ કે તેઓ સાલિહીન બુઝુર્ગોથી ફરેલા છે.

**મસઅલો** : અમુક ઉલમા આ આયતથી દલીલ કરે છે કે 'ઝિન્દીક'ની તવબહ પણ કબૂલ થઇ શકે છે. (બયઝાવી) ઝિન્દીક એવો માણસ કહેવાય છે જે નબીની નબુવ્વતને સ્વીકારે, ઇસ્લામની પ્રતિકરૂપ બાબતો જાહેરમાં કરે પણ અંદરખાને એવા અક઼ીદા ધરાવતો હોય જે બધાના મંતવ્યાનુસાર કુફ્ર હોય, આવા લોકો પણ મુનાફિક઼ોમાં ગણાય છે.

૧૭. તો કહે છે શું અમે મૂર્ખાઓની જેમ ઇમાન લઇ આવીએ? મુનાફિક઼ો ઇમાનવાળાઓને મૂર્ખાઓ કહેતા હતા, એનાથી ફલિત થયું કે નેક લોકોને બુરૂ કહેવું એ બાતિલ ફિર્ક઼ાઓની જૂની પ્રણાલિકા છે, આજ કાલના બાતિલ ફિર્ક઼ાઓ પણ બુઝુર્ગોને બુરા કહે છે, રાફઝી ફિર્ક઼ો સહાબા અને ખુલફાએ રાશેદીનને ખરાબ કહે છે, ખારજી લોકો હઝરત અલી અને તેમના સાથીઓનું બુરૂં બોલે છે. ગૈર મુકલ્લિદ લોકો ચાર ઇમામને સ્વીકારતા નથી, વહાબીઓ અનેક અવલિયા અને ખુદાના મકબૂલ બન્દાઓની શાનમાં ગુસ્તાખી કરે છે. ક઼ાદયાનીઓ પહેલાંના પયગમ્બરો સુદ્ધાંને બુરૂં કહે છે. ચકળાલવી સહાબા અને મુહદ્દિષોને તેમજ નેચરી લોકો ઉમ્મતની મહાન વ્યક્તિઓને મ્હેણાં-ટોણાં મારે છે. આ આયતથી સાબિત થયું કે એ તમામ લોકો ગુમરાહીમાં છે. અને આ આયતમાં દીનદાર આલિમોને સંતોષ અપાયો છે કે તેઓ ગુમરાહોના બકવાસથી દુ:ખી ન થાય એટલું જ સમજી લે કે આ તો બાતિલ ફિર્કાઓની પૂરાણી પદ્ધતિ છે. (મદારિક)

૧૮. સાંભળે છે તેઓ જ મૂર્ખાઓ છે પણ જાણતા નથી, મુનાફિકો જે કંઇ કહેતા હતા કે 'શું અમે મૂર્ખાઓની જેમ ઇમાન લાવીએ?' વિગેરે તો તેઓની આ બકવાસ મુસલમાનો સમક્ષ ન હતી, તેઓ મુસ્લિમોને તો એવું જ કહેતા કે અમે તો નિખાલસ મુઅમિન છીએ. જેમ કે હવે પછીની આયત وَاِذَا لَقُوا الَّذِيْنَ اٰمَنُوْا માં કહેવામાં આવ્યું છે, બલ્કે આવી બાબતો તેઓ પોતાની ખાસ મજલિસોમાં કહેતા હતા. તો અલ્લાહ તઆલાએ તેઓનો પર્દો ખોલી નાખ્યો. (ખાઝિન) એવી જ રીતે આજકાલના બાતિલ ફિર્ક઼ાઓ મુસલમાનો સામે પોતાના અક઼ીદા છુપાવે છે (અને પોતાની અંગત મજલિસોમાં એની ચર્ચા કરે છે) પણ અલ્લાહ તઆલા તેઓની કિતાબો અને લખાણોમાંથી ભેદ ખોલી દે છે, આ આયતથી મુસલમાનોને સાવધાન કરવામાં આવ્યા છે કે બેદીન લોકોની જાળથી હોશિયાર રહે અને ધોકો ન ખાય.

૧૯. અને જ્યારે પોતાના શયતાનો પાસે એકલા હોય, અહીં શયતાનોથી કાફિરોના એવા સરદારો મુરાદ છે કે જેઓ હમેશાં લોકોને ભટકાવવામાં મગ્ન રહે છે, (ખાઝિન-બયઝાવી) મુનાફિક઼ો જ્યારે આવા સરદારોને મળતા ત્યારે કહેતા કે અમે તો તમારી સાથે જ છીએ, અને મુસલમાનો સાથે અમારી મુલાકાત તો ફક્ત એક મશ્કરી પૂરતી જ છે, કે જેથી તેઓના ભેદની

વાતો જાણી શકીએ, અને તેઓમાં ફસાદ ઉભો કરવાનો મોકો મળે, (ખાઝિન).

૨૦. અમે તો એમ જ મશ્કરી કરીએ છીએ, એટલે કે ઇમાનની જાહેરાત મશ્કરી રૂપે કરી, તો એ ઇસ્લામનો સ્વીકાર નહીં પણ ઇન્કાર થયો.

**મસઅલો** : અમ્બિયા عليهم السلام અને દીન સાથે મશ્કરી કરવી કુફ્ર છે.

**શાને નુઝૂલ**

આ આયત અબ્દુલ્લા ઇબ્ને ઉબય અને બીજા મુનાફ઼િકો વિશે ઉતરી, એક દિવસ તેઓએ સહાબાએ કિરામની એક જમાઅતને આવતાં જોઇ, તો ઇબ્ને ઉબયે પોતાના મિત્રોને કહ્યું, તમે જુઓ હું આ લોકોને કેવા મૂર્ખા બનાવું છું. જ્યારે પેલા સહાબા નજીક આવ્યા ત્યારે ઇબ્ને ઉબયે પ્રથમ હઝરત સિદ્દીકે અકબરનો હાથ પોતાના હાથમાં પકડી આપના વખાણ કર્યા, ત્યાર પછી એ જ રીતે હઝરત ઉમર અને હઝરત અલી رضی اللہ عنہما ના વખાણ કર્યા, ત્યારે હઝરત અલી رضی اللہ عنہ એ કહ્યું કે અય ઇબ્ને ઉબય ! ખુદાથી ડર અને નિફાક઼થી દૂર થા, ઇબ્ને ઉબયે કહ્યું, ખુદાની ક઼સમ ! આ વાતો મેં નિફાક઼ની રીતે નથી કહી, હું આપની જેમ જ સાચો મોઅમિન છું, પછી જ્યારે સહાબા ચાલ્યા ગયા ત્યારે પોતાના ટોળામાં જઇ પોતાની ચાલબાઝી પર ગર્વ કરવા લાગ્યો ત્યારે આ આયત ઉતરી કે મુનાફ઼િકો મુસલમાનોની રૂબરૂમાં ઇમાનની જાહેરાત કરે છે. પણ પોતાની ખાસ મજલિસોમાં મુસલમાનોની ઠેકડી ઉડાવે છે, (આ રિવાયત 'સઅલબી' અને 'વાહીદી'ની બયાન કરેલી છે, પણ ઇબ્ને હજરે અને સૂયૂતીએ 'લુબાબુન્નકૂલ'માં એને ઝઇફ કહી છે.

**મસઅલો** : એનાથી સાબિત થયું કે સહાબાએ કિરામ અને દીનના રેહબરોની

## એ'તેકાફ માટે મસ્જિદમાં કપડાથી આડ કરવી જાઇઝ છે ?

કાર્યાલય

રમઝાનુલ મુબારકમાં મસ્જિદમાં એ'તેકાફની ઘણી ફઝીલત છે, તેમાંય છેલ્લા દસ રોઝામાં એ'તેકાફ સુન્નતે મોઅક્કદા કિફાયા છે. સામાન્યતઃ એતેકાફમાં બેસનાર માટે મસ્જિદની કોઈબાજુ કપડાથી આડ કરવામાં આવે છે જેથી એતેકાફ કરનાર એકાંતમાં ઈબાદત તિલાવત વગેરે એકાગ્રતાથી કરી શકે તથા જરૂરતના સમયે સૂઈ શકે જેથી એને તથા અન્ય કોઈને ડિસ્ટર્બ ન થાય અને મસ્જિદની અદબ પણ સચવાઈ રહે. પણ આજકાલ કેટલાક ઠેકાણે આ આડશ ઉભી કરવા પર અમુક જણ વાંધો ઉઠાવતા જોવા મળ્યા છે. તો એના સંબંધે સહીહ બુખારીમાંની હદીષે રસૂલ ﷺની રોશનીમાં સ્પષ્ટતા રજૂ કરીએ છીએ.

*"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, નબી ﷺ રમઝાનના છેલ્લા અશરામાં એતેકાફ કરતા હતા. હું હુઝૂરના માટે તંબૂ તાણતી. સવારની નમાઝ પઢ્યા બાદ એમાં તશરીફ લઈ જતા. હફસાએ આઈશાથી તંબૂ તાણવાની ઈજાઝત માંગી, તેમણે ઈજાઝત આપી દીધી અને તેમણે એક તંબૂ તાણી લીધો. ઝયનબ બિન્તે જહશે જ્યારે એને જોયો તો એક અધિક તંબૂ તાણી લીધો. સવારના સમયે નબી ﷺએ એ તંબૂઓને જોયા તો ફર્માવ્યું, આ શું છે ? હુઝૂરને બતાવવામાં આવ્યું. ફર્માવ્યું, શું તમે લોકો એમની સાથે એતેકાફ કરવાને નેકી ગુમાન કરો છો. એ મહિનાનો એતેકાફ છોડી આપ્યો પછી શવ્વાલમાં દસ દિવસ એતેકાફ કર્યો." (બુખારી ૧/૨૭૨ બાબુલ અખ્બિયહ ફિલ્ મસ્જિદ, ૧/૨૭૩ બાબુલ એતેકાફ ફિશ્શવ્વાલ, ૧/૨૪૭, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી—અસ્સૌમ, નિસાઈ—અસ્સલાત, અલ્એતેકાફ, ઈબ્ને માજહ—અસ્સૌમ, મુસ્નદે ઈમામ અહમદ)*

ફક઼ીહુલ હિંદ શારેહે બુખારી હઝરત અલ્લામા મુફ઼તી મુહમ્મદ શરીફુલ હક઼ رحمۃ اللہ علیہ એ આ હદીષ પરથી નીચે મુજબ મસાઈલ બયાન કર્યા છે :—

**મસાઈલ** : આ હદીષ પરથી જણાયું કે સ્ત્રીઓએ મસ્જિદમાં એતેકાફ કરવું મના છે, તેણીઓ પોતાના ઘરમાં એતેકાફ કરે. એ પણ જાણવા મળ્યું કે સ્ત્રીઓને પતિઓની રજા વિના એતેકાફ મના છે. એ પણ જાણવા મળ્યું કે **મસ્જિદમાં તંબૂ તાણવો જાઇઝ છે.** *(નુઝહતુલ ક઼ારી શરહે સહીહ બુખારી, ભાગ : ૫, પેજ : ૧૪૯ ઉર્દૂ)*

***હદીષ*** *: હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે : મેં હુઝૂર ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે જેને આગ પકાવે એનાથી વુઝૂ કરો ! (મુસ્લિમ) મહાન ઈમામ મોહયુસ્સુન્નહએ ફર્માવ્યું કે આ હુકમ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષથી મન્સૂખ છે જેઓ ફર્માવે છે કે હુઝૂર ﷺ એ બકરીનો ખભાનો (આગળના પગનો ઉપરનો) ભાગ ખાધો પછી વુઝૂ કર્યા વિના નમાઝ પઢી લીધી[૨]." (મુસ્લિમ તથા બુખારી)*

*હઝરત જાબિર ઈબ્ને સમુરહ رضوان الله تعالى عليهم اجمعين થી[3] રિવાયત છે કે એક સાહબે રસૂલુલ્લાહ ﷺ ને પૂછ્યું કે શું અમે બકરીના ગોશ્તથી વુઝૂ કરીએ ? ફર્માવ્યું, જો ચાહો તો કરો ન ચાહો તો ન કરો. અર્ઝ કરી કે શું અમે ઊંટના ગોશ્તથી વુઝૂ કરીએ ? ફર્માવ્યું, હા ![૪] અર્ઝ કરી, હું બકરીઓના વાડામાં નમાઝ પઢી શકુ છું ! ફર્માવ્યું, હા. અર્ઝ કરી કે શું ઊંટોના તબેલામાં નમાઝ પઢી શકુ છું ? ફર્માવ્યું, નહીં[૫]. (મુસ્લિમ શરીફ)*

*હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે : રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ પોતાના પેટમાં કાંઈક પામે એના પર શંકા થઈ જાય કે કાંઈ નીકળ્યું કે નહીં ? તો મસ્જિદથી ન જાય, ત્યાં સુધી કે અવાજ સાંભળી લે અથવા ગંધ મહેસૂસ કરે[૬]. (મુસ્લિમ શરીફ)*

*હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺ એ દૂધ પીધું તો કુલ્લી (કોગળો) કરી અને ફર્માવ્યું કે એમાં ચીકાશ છે[૭]. (મુસ્લિમ , બુખારી)*

*હઝરત બરીદા رضی اللہ عنہ થી[૮] રિવાયત છે કે નબી ﷺ એ ફતહે મક્કાના દિવસે એક વુઝૂથી કેટલીક નમાઝો પઢી લીધી અને પોતાના મોજાઓ પર મસહ કર્યો[૯]. તો હઝરત ઉમર رضی اللہ عنہ એ અર્ઝ કરી કે આજે હુઝૂરે તે કામ કર્યું જે કરતા ન હતા. ફર્માવ્યું, હે ઉમર ! અમે ઈરાદાપૂર્વક કર્યું છે[૧૦]. (મુસ્લિમ)*

**-:: સ....મ....જૂ....તી.... ::-**

**૧.** અહીં વુઝૂ શાબ્દિક અર્થમાં છે. وَضَاءَة થી મુશતક્ છે સફાઈના અર્થમાં, શરઈ અર્થ મુરાદ નથી. મતલબ એ છે કે આગની પકાવેલી ચીજ ખાઈને હાથ ધોવા અને કુલ્લી કરવી બહેતર છે. ફળ ફ્રૂટ ખાધા પછી એની જરૂરત નથી જેમ કે આગલી હદીષોથી જાહેર થઈ રહ્યું છે. તેમજ એકવાર હુઝૂર علیہ السلام એ ગોશ્ત ખાઈને હાથ ધોયા, કુલ્લી કરી અને ફર્માવ્યું, આગની પાકેલી ચીજનું વુઝૂ આ છે. આ સ્થિતિમાં આ હદીષ મન્સૂખ નથી. ખાવા ખાઈને હાથ ધોવા મુસ્તહબ છે.

**૨.** મસાબીહના કર્તા શૈખ મુહયુસ્સુનહએ શરહુસ્સુન્નહમાં આ હદીષને મન્સૂખ માની. એટલા માટે કે તેમણે વુઝૂનો શરઈ અર્થ મુરાદ લીધો અને વાજિબ બાબતને લીધે. પરંતુ અમારી રજૂ કરેલ સ્પષ્ટતા પર હદીષ મન્સૂખ નથી. નસ્ખમાં તારીખનું માલૂમ હોવું જરૂરી છે. તેમજ કૌલી હદીષ ફેઅલી હદીષ વડે ત્યારે મન્સૂખ થઈ શકશે જ્યારે તે ફેઅલ હુઝૂર ﷺ ની વિશિષ્ટતાઓમાંથી ન હોય. એટલા માટે મુનાસિબ એ જ છે કે હદીષને મન્સૂખ માનવામાં ન આવે.

**3.** આપની કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ છે. કબીલા

આમિરના અર્થમાં છે. સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہના ભાણીયા છે, સહાબી અને સહાબીઝાદા છે, કૂફામાં રહ્યા. હિ.સ. ૭૪માં વફાત પામ્યા.

**૪.** અહીં પણ વુઝૂનો અર્થ હાથ ધોવા તથા કુલ્લી કરવું છે. કેમ કે ઊંટના ગોશ્તમાં વાસ તથા ચીકાશ વધુ હોય છે કે હાથ મોં ધોયા વિના જતી નથી, બકરીના ગોશ્તમાં એ વાત નથી, એટલા માટે ઊંટના ગોશ્ત પર સફાઈની તાકીદ કરવામાં આવી. ઈમામ અહમદની નજીક ઊંટના ગોશ્તથી પણ વુઝૂ વાજિબ છે, આ હદીષના આધાર પર.

**૫.** એટલે કે જ્યાં ઊંટો બાંધેલાં હોય ત્યાં નમાઝ ન પઢો, કેમ કે નમાઝીને ખતરો રહે છે કે કદાચ ઊંટ ખુલે અને મને કચડી નાખે, એટલા માટે એકાગ્રતા ન થશે. બકરીમાં એ ખતરો નથી. કારણનો તફાવત આ છે. નહીં તો ઊંટ તથા બકરી બંનેનો પેશાબ ખફીફા છે અને જમીન સૂકાયને પાક થઈ જાય છે. એ પણ શક્ય છે કે ઊંટના પેશાબના છાંટા દૂર સુધી જાય છે ન કે બકરીના પેશાબના છાંટા, જેથી નમાઝીને ત્યાં ફિકર રહેશે, ન કે અહીં. તેમજ ઊંટવાળા ઊંટોની આડમાં પેશાબ કરી લેતા હતાં જેથી ત્યાં જમીન અધિક ગંદી થતી હતી.

**૬.** એટલે કે જો કોઈ શખ્સ મસ્જિદમાં જમાઅતથી નમાઝ પઢી રહ્યો છે એવામાં એના પેટમાં ગળ ગળ અવાજ થયો પરંતુ ન ગંધ મહેસૂસ થઈ ન હવા નીકળવાનુ યકીન થયું, આમ જ શંકાનો ભરોસો ન કરે, કેમ કે તે બાવુઝૂ છે નમાઝ પઢતો રહે. અવાજ સાંભળવાથી મુરાદ છે, વા સરવાનું યકીન થાય. એનાથી જાણવા મળ્યું કે યકીની વુઝૂ શંકાસ્પદ હદષ (વા સરવાની શંકા)થી નથી જતુ. આપણને યકીન છે કે ઝોહરના સમયે આપણે વુઝૂ કર્યું હતું પણ તૂટવાની કેવળ શંકા છે, યકીન નથી, તો આપણુ વુઝૂ સલામત છે.

**૭.** આ હદીષ ખાવાના વુઝૂની તફસીર છે. એનાથી જાણવા મળી રહ્યું છે કે ચીકણી ચીજ ખાયને કે પીને કુલ્લી (કોગળો) કરવી જોઈએ, ભલે આગથી પાકેલી ન હોય. જાહેર એ છે કે હુઝૂર ﷺએ કાચુ દૂધ પીધુ હતું, કેમ કે ચીકણી ચીજની અસર મોઢામાં રહે છે. જો એ હાલતમાં નમાઝ પઢવામાં આવે તો એની અસર પેટમાં પહોંચતી રહેશે કે જે કરાહતથી ખાલી નથી. *(મિર્કાત)*

**૮.** આપ બુરૈદા ઈબ્ને અબી હુસૈબ અસ્લમી છે. બદરથી પહેલાં ઈસ્લામ લાવ્યા. બયઅતે રિદ્‌વાનમાં હાજર રહ્યા. પ્રથમ મદીના તૈયબહ પછી બસરામાં વસવાટ રહ્યો, પછી ખુરાસાનમાં ગાઝી બનીને ગયા. મરૂ સ્થળે હિ.સ. ૭૨માં વફાત પામ્યા.

**૯.** ફતહે મક્કાના દિવસે એક વુઝૂથી પાંચ નમાઝો પઢી અને વુઝૂમાં ચામડાના મોજાઓ પર મસહ પણ કર્યો. એના પહેલાં દરેક નમાઝ માટે વુઝૂ કરતા હતા અને પગ મુબારક ધોતા હતા. એટલા માટે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہને આશ્ચર્ય થયું.

**૧૦.** જેથી કરીને પોતાના અમલ શરીફ વડે ઉમ્મતને બે મસ્અલા બતાવી આપે, એક એ કે એક વુઝૂથી કેટલીય નમાઝો જાઈઝ છે. બીજો એ કે મોજા પર મસહ સુન્નત છે ભલે નમાઝના માટે હોય. તાજુ વુઝૂ બહેતર છે. યાદ રાખશો કે હુઝૂર ﷺનું ગૈર મુસ્તહબ કામ કરવું પણ સવાબનો સબબ છે. કેમ કે એમાં તબ્લીગ (નો હેતુ) છે.

## અલ્લાહ જઝાએ ખૈર અતા કરે !

બોલ્ટન : **જનાબ શફીકભાઈ અસૂર્યાવાળા** તરફથી ''દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ)''ની લાયબ્રેરી માટે અરબી ભાષામાં તફસીર તથા ફિક્હની કિતાબો ખાસ્સી સંખ્યામાં મોકલવામાં આવેલ છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં તેમની ઈલ્મે દીનના ફેલાવા માટેની આ કોશિશ તથા કુર્બાનીને કબૂલ ફર્માવે, દુનિયા વ આખેરતની નેઅમતોથી તેમને તેમની ઔલાદને ખૂબ નવાઝે એવી દુઆ છે. (આમીન)

*–લિ. (નાઝિમે આ'લા) હાફેઝ અ. રહીમ ભોલાવવાળા*

## દલીલુલ આરિફીન



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

**(મજલિસ : ૮)**

**(દલીલુલ આરિફીન :** મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)

(**સંપાદક** : હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ)

### ★ વિર્દ તથા વઝાઈફ ★

જુમેરાતના દિવસે કદમબોસીની દૌલત નસીબ થઈ. વિર્દ તથા તસ્બીહના બારામાં ચર્ચા થઈ રહી હતી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે જે શખ્સ વિર્દ નિશ્ચિત કરે તેણે દરરોજ પઢવું જોઈએ, અને જો દિવસે ન પઢી શકે તો રાત્રે જરૂર પઢે, પરંતુ જરૂર પઢે.

ત્યારબાદ કોઈ અન્ય કામમાં વ્યસ્ત થયા. કેમ કે હદીષ શરીફમાં છે કે વિર્દને ત્યજનારો લઅનતી છે. ત્યારબાદ એ જ મોકાના અનુરૂપ ફર્માવ્યું કે એકવાર મૌલાના રઝાઉદ્દીન رحمۃ اللہ علیہ ઘોડા પરથી ગબડી પડયા જેનાથી પગોમાં વાગ્યું. જ્યારે ઘરે આવ્યા તો વિચાર્યું કે આ બલા મારા પર ક્યાંથી આવી ? તો યાદ આવી ગયું કે સવારની નમાઝ પછી સૂરએ યાસીન પઢયા કરતો હતો તે આજે નથી પઢયું !

પછી એ જ પ્રસંગાનુરૂપ આ હિકાયત વર્ણવી કે એક બુઝુર્ગ ખ્વાજા અબ્દુલ્લાહ મુબારક નામના હતા. તેમનાથી એકવાર વઝીફો ન થઈ શક્યો. એ જ વખતે ગયબથી અવાજ આવ્યો કે હે અબ્દુલ્લાહ ! તેં અમારી સાથે જે વાયદો (કરાર) કર્યો હતો તેને કદાચ તું ભૂલી ગયો છે ! એટલે કે રોજનો વઝીફો આજે તેં નથી પઢયો.

પછી ફર્માવ્યું કે અંબિયા, અવલિયા, મશાઈખ અને મર્દાને ખુદાનો વઝીફો જે હોય છે તેને નિયમિત પઢે છે અને જે કાંઈ પોતાના પીરોથી સાંભળે છે તેના પર અમલ કરે છે. ત્યારબાદ ફર્માવ્યું કે જે વિર્દ આપણા ખ્વાજગાનથી નકલ થયેલ છે તેને અમો પઢીએ છીએ, તમો પણ પઢયા કરો જેથી વઝીફામાં ગેપ ન ઊભી થાય. અને જયારે ઉઠો તો જમણા પડખે ઉઠો અને બિસ્મિલ્લાહ પઢીને શર્તો મુજબનું વુઝૂ કરો. પછી બે રકાત (નફ્લ) અદા કરીને મુસલ્લા પર બેસો અને સૂરએ બકરહની અમુક થોડીક આયતો અને સૂરએ અન્આમની ૧૭ આયતો પઢીને આ ઝિક્ર સો

لَا اِلٰہَ اِلَّا اللّٰہُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰہِ صلی اللہ تعالیٰ علیہ وسلم اجمعین

**લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.** પછી સવારની નમાઝની સુન્નતો આ રીતે અદા કરો : પ્રથમ રકાતમાં **સૂરએ ફાતિહા** અને **અલમ નશ્રહ.** બીજી રકાતમાં **સૂરએ ફાતિહા** અને **અલમતર કયફ** પઢો. ત્યારબાદ ફર્માવ્યું કે સો વાર :–

سُبْحَانَ اللّٰہِ وَبِحَمْدِہٖ سُبْحَانَ اللّٰہِ الْعَظِیْمِ

وَبِحَمْدِہٖ اَسْتَغْفِرُ اللّٰہَ مِنْ کُلِّ ذَنْبٍ وَّاَتُوْبُ اِلَیْہِ

**સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી સુબ્હાનલ્લાહિલ અઝીમ વબિહમ્દિહી. અસ્તગફિરુલ્લાહ મિન કુલ્લિ ઝંબિંવ વ અતૂબુ ઈલૈહ** પઢે. જયારે સવારની નમાઝ અદા કરી ચૂકે તો કિબ્લા તરફ મોં કરીને બેસીને દસવાર :–

لَآ اِلٰہَ اِلَّا اللّٰہُ وَحْدَہٗ لَا شَرِیْکَ لَہٗ لَہُ الْمُلْکُ وَلَہُ

الْحَمْدُ یُحْیِی وَیُمِیْتُ وَھُوَ حَیٌّ لَا یَمُوْتُ اَبَدًا

اَبَدًا ذُوالْجَلَالِ وَالْاِکْرَامِ بِیَدِہِ الْخَیْرُ وَھُوَ عَلٰی

کُلِّ شَیْءٍ قَدِیْرٌ۔

**લા ઈલાહ ઈલ્લલ્લાહુ વહદહૂ લાશરીકલહૂ લહુલ મુલ્કુ વલહુલ હમ્દુ યુહયી વયુમીતુ વહુવ હૈયુલ્લાયમૂતુ અબદન અબદા અઝ વલ જલાલિ વલ્ઈકરામ બિયદિહિલ ખય્ર. વહુવ અલા કુલ્લિ શૈઈન કદીર** પઢે. પછી ત્રણવાર : **اَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ۔ અશ્હદુ અન્ન મુહમ્મદન્ અબ્દુહૂ રસૂલુહ** કહે. પછી ત્રણ વાર :–

**لَآ اِلٰهَ اَلَّااللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ يُحْيِى وَ يُمِيْتُ وَهُوَ حَىٌّ لَا يَمُوْتُ اَبَدًا اَبَدًا ذُوْالْجَلَالِ وَالْاِكْرَامِ بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ۔**

**અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિમ્ મખ્તલફલ મલવાનિ વ તઆકુબલ્ અસ્રાનિ વ તકરારલ્હદીદાનિ અસ્તસ્હબિલ્ફર્કદાનિ વલ્કમરાનિ બલગ઼ અલા રૂહિ મુહમ્મદિમ્ મિનત્તહિય્યતિ વસ્સલામ** પઢે. પછી ત્રણવાર : **يَا عَزِيْزُ يَاغَفُوْرُ યા અઝીઝુ યા ગફૂર** પઢે.

પછી ત્રણવાર :–

**سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَااِلٰهَ اِلَّااللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّابِاللّٰهِ الْعَلِىِّ الْعَظِيْمِ۔**

**સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર વલા હૌલ વલા કુવ્વત ઈલ્લાબિલ્લાહિલ અલીય્યિલ અઝીમ** પઢે. પછી ત્રણવાર : **اَسْتَغْفِرُ اللّٰهَ مِنْ كُلِّ ذَنْبٍ وَّاَتُوْبُ اِلَيْهِ અસ્તગફિરુલ્લાહ મિન્કુલ્લિ ઝંબિંવ વ અતૂબુ ઈલેહ** પઢે. ત્યારબાદ આ પ્રમાણે પઢે :–

**سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ اَسْتَغْفِرُاللّٰهَ الَّذِىْ لَا اِلٰهَ اِلَّاهُوَ الْحَىُّ الْقَيُّوْمُ غَفَّارُ الذُّنُوْبِ سَتَّارُالْعُيُوْبِ عَلَّامُ الْغُيُوْبِ كَشَّافُ الْكَرُوْبُ مُقَلِّبَ الْقُلُوْبِ اَتُوْبُ۔**

**સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી સુબ્હાનલ્લાહિલ અઝીમિ વબિહમ્દિહી અસ્તગ્ફિરુલ્લાહિલ્લઝી લાઈલાહ ઈલ્લા હુવલ્ હૈયુલ કૈયૂમિ ગફ્ફારિઝ્ ઝુનૂબિ સત્તારિલ ઉયૂબિ અલ્લામિલ્ ગુયૂબિ કશ્શાફિલ્ કરૂબિ મુક઼લ્લબિલ્ કુલૂબિ અતૂબ.**

ત્યારબાદ ત્રણવાર :–

**يَا حَىُّ يَا قَيُّوْمُ يَا حَنَّانُ يَا مَنَّانُ يَا دَيَّانُ يَا سُبْحَانُ يَا سُلْطَانُ يَا بَدِيْعُ السَّمٰوَاتِ وَالْاَرْضِ يَاذُالْجَلَالِ وَالْاِكْرَامِ بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ۔**

**યા હય્યૂ યા ક઼ય્યૂમુ યા હન્નાનુ યા મન્નાનુ યા દય્યાનુ યા સુબ્હાનુ યા સુલ્તાનુ યા બદીઉસ્સમાવાતિ વલ્અર્દિ઼ યા ઝુલ જલાલિ વલ્ઈકરામ બિરહ્મતિક યા અર્હમર્રાહિમીન.**

ત્યારબાદ ત્રણવાર કહે :–

**لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِىِّ الْعَظِيْمِ يَا قَدِيْمُ يَا دَائِمُ يَا حَىُّ يَا قَيُّوْمُ يَا اَحَدُ يَا صَمَدُ يَا حَلِيْمُ يَا عَظِيْمُ يَا عَلِىُّ يَا نُوْرُ يَا فَرْدُ يَا وِتْرُ يَابَقِىُّ يَاحَىُّ يَا قَيُّوْمُ يَاحَىُّ رَفَضْ حَاجَتِىْ بِحَقِّ مُحَمَّدٍ وَّاٰلِهٖ اَجْمَعِيْنَ۔**

**લાહૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ અલીય્યિલ અઝીમિ યા ક઼દીમુ યા દાઈમુ યા હૈયૂ યા કૈ઼યૂમુ યા અહદુ યા સ઼મદુ યા હલીમુ યા અઝીમુ યા અલીયુ યા નૂરુ યા ફર્દુ યા વિતરુ યા બાકી યા હૈયૂ યા કૈયૂમુ યા હૈયુ રફદ઼ હાજતી બિહક્કિ઼ મુહમ્મદિંવ્ વ આલિહી અજમઈન.**


**નિકાહ રજીસ્ટર 3 કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

(કાયમીક)

મુનાફિક઼ત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

## કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !

### ★ મોલ્વી અબ્દુલગફ્ફાર સાહબ સરહદીનો પ્રસંગ : એક જિનનો કિસ્સો ★

કિતાબ 'દર્સે હયાત'ના દેવબંદી લેખક તેમના નાના મોલ્વી અબ્દુલ ગફ્ફાર સાહેબ સરહદીના સંબંધે એવો દાવો કર્યો છે કે, ઈન્સાનો સિવાય જિન્નાત પણ તેમની પાસે શિક્ષણ લેતા હતા અને ઘણા જિન્નો તેમના વર્ગમાં સામેલ હતા.

એવા જ એક વિદ્યાર્થી જિનનો કિસ્સો તેમણે લખ્યો છે કે, તેમના વિદ્યાર્થીઓમાંથી એક વિદ્યાર્થીને ખબર પડી ગઈ કે, તે જિન છે તેની સાથે પ્રથમથી જ મિત્રતા હતી જ, પરંતુ હવે તેની સાચી ઓળખાણ થતાં જ તે વિદ્યાર્થી તેના પાછળ પડી ગયો અને કહેવા લાગ્યો કે, હું એક ગરીબ માણસ છું માટે મારી નાણાકીય સહાય કરીને મિત્રતાનો હક્ક઼ અદા કરો, તમારા માટે એ કાર્ય કાંઈ મુશ્કેલ નથી. તેના જવાબમાં એ જિન વિદ્યાર્થીએ કહ્યું કે, એ મારાથી થઈ શકે તેમ નથી, અલ્બત્ત હું તમારા માટે ચોરી કરું તો જ એ બની શકે.

લખ્યું છે કે, એ જિન વિદ્યાર્થીનુ છેલ્લુ વર્ષ હતું, 'બુખારી શરીફ' ખત્મ કરીને તે પોતાના ઘેર જવા લાગ્યો ત્યારે ફરી એ વિદ્યાર્થી તેને ખાનગીમાં મળ્યો અને અશ્રુભરી આંખે કહ્યું કે, હવે તો તમે જઈ રહ્યા છો, તો છેલ્લી વિદાય વખતે મને એટલું તો બતાવો કે, તમારા સાથે મુલાકાત કેવી રીતે થઈ શકે ? તેના જવાબમાં તે જિન વિદ્યાર્થીએ તેને અમુક શબ્દો બતાવીને કહ્યું કે જ્યારે મુલાકાતનું દિલ ચાહે ત્યારે આ શબ્દોચ્ચાર કરવાથી હું હાજર થઈ જઈશ. ત્યાર પછી જ્યારે પણ તેને મળવાની ઈચ્છા થતી ત્યારે તેના બતાવેલા શબ્દોચ્ચાર કરવાથી તે જિન વિદ્યાર્થી હાજર થઈ જતો હતો.

હવે ત્યાર પછીનો બનાવ વાંચો :–

*એક સમયે તેઓ આર્થિક રીતે ખૂબ જ પરેશાન થઈ ગયા, તેમની પુત્રીની શાદી કરવી હતી અને તેમની પાસે પૈસા ન હતા, આ પ્રસંગે તેમને તેમના જિન મિત્ર યાદ આવી ગયા, તેમણે બતાવેલો શબ્દોચ્ચાર કરતાં તે જિન મહાશય પધાર્યા. તેમણે તેની પાસે પોતાની મુસીબત બયાન કરી, તો જિને કહ્યું કે, વારૂં, હું તમારા માટે ચોરી તો નહીં કરું કેમ કે એ હરામ તરીક઼ો હું ઈખ્તિયાર નથી કરી શકતો, પણ જાઈઝ માર્ગે રકમનો હું તમારે માટે બંદોબસ્ત કરીને તમારી જરૂર સહાય કરીશ તમે ગભરાશો નહીં. બીજે દિવસે એ જિન મહાશય આવીને તેમના નાણા ભીડમાં સપડાએલા મિત્રને યોગ્ય એવી રકમ આપી ગયા, તેની સાથે સાથે તાક઼ીદ કરી ગયા કે, આ બાબતની વાત તેમણે કોઈને પણ કરવી નહીં.* (દર્સે હયાત, પેજ–૬૨)

આ રકમથી તેમણે ખૂબ જ ધામધૂમથી પોતાની પુત્રીની શાદી કરી, તેમનો શ્રીમંતો જેવો ઠાઠમાઠ જોઈને લોકો અચંબામાં પડી ગયા અને વિચારવા લાગ્યા કે અચાનક આટલી મોટી રકમ તેમને ક્યાંથી મળી ગઈ ! બીજાઓને તો પૂછવાની હિંમત હતી નહીં, પરંતુ તેમની પત્નીએ જાણવાની જીદ પકડી તો તેમણે તે વાતને

ટાળવાની ઘણી કોશિશ પણ તેણી એકની બે થઈ નહીં એટલે લાચાર થઈને તેમણે આખુય રહસ્ય જાહેર કરી દીધું, ત્યાર પછીનો બનાવ આશ્ચર્યની સાથે વાંચો, લખ્યું છે કે :–

તેની એ અસર થઈ કે હવે તેમણે જ્યારે પણ એ જિન મહાશયને એ આશાએ શબ્દોચ્ચાર કરીને બોલાવ્યા તો તેમની એ આશા પૂરી થઈ નહીં, અને જિન મહાશયે મુલાકાતનો એ ક્રમ ખતમ કરી દીધો. *(દર્સે હયાત, પેજ–૬૩)*

હવે એક તરફ ઉપરોક્ત બનાવને નજર સમક્ષ રાખો અને બીજી તરફ દેવબંદી ધર્મની બુનિયાદી કિતાબ તક્વિયતુલ ઈમાનનો આ ફર્માન વાંચો :–

*જો કોઈ ઉઠતાં બેસતાં અલ્લાહ તઆલા સિવાય અન્ય કોઈનું નામ લે અથવા પોતાની મુસીબત દૂર કરવા માટે દૂર યા નજીકથી એને પુકારે ..... (અથવા એવું માને કે) જે વાત મારી જીભેથી નીકળે છે તે એને સાંભળી લે છે અને મારા દિલના વિચારો અને કલ્પનાઓથી તે માહિતગાર રહે છે.* ***આ બધી વાતોથી શિર્ક સાબિત થઈ જાય છે...........*** *એમનું આ ઈલ્મ* ***ઝાતી*** *આપબળે મેળવેલું યા* ***ખુદાપાકે આપેલુ*** *સમજવામાં આવે. હરેક સૂરતમાં આ* ***શિર્કભરી માન્યતા*** *લેખાશે. –(તક્વિયતુલ ઈમાન–ગુજરાતી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૩૭, ૩૮, મૂળ લેખકઃ ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

**આ છે ધર્મ અને તે છે બનાવ ! બંને એકબીજાને ખુલ્લી રીતે જૂઠલાવી રહ્યા છે !**

**અહીં જોવાનું એ છે કે, ખરેખર ! એ જિન મહાશયને ગયબનો ઈલ્મ ન હોતો તો ઘરની અંદર પત્ની સાથે થએલી ચર્ચાની ખબર તેને કેવી રીતે પડી ગઈ ? જો તેને ખબર ન થઈ હતી તો મુલાકાતનો ક્રમ શા માટે તોડી નાખ્યો ?** પાછી ખૂબી તો એ છે કે, આ ક્રમ કાંઈ એક વખતનો માત્ર ન હતો કે તેને આકસ્મિક ઘટના કહી શકાય, બલ્કે **કિતાબના લેખકના કથન મુજબ સેંકડો માઈલ દૂર બેસીને બતાવેલા શબ્દોચ્ચાર કરતાં જ જિનને બરાબર ખબર થઈ જતી કે, અમુક સ્થળેથી અમુક માણસ તેને યાદ કરી રહ્યો છે.**

આનો મતલબ એ સિવાય બીજો શું હોઈ શકે છે કે, ગયબદાનીનો એ અધિકાર સામાન્યતઃ દરેક સમયે તેને હાંસલ હતો બિલકુલ વાયરલેસની જેમ ત્યાં સિગ્નલ આપ્યું અને અહીં લાઈન મળી ગઈ.

લડાઈના મેદાનમાં બંને લશ્કરો વચ્ચે ખૂનખાર લડાઈના બનાવો મોટાભાગે બને છે, પરંતું પોતાના ધર્મની સાથે આવો ખૂનખાર જંગ ઈતિહાસમાં કદાચિત જ પેશ આવ્યો હશે !

**આશ્ચર્ય સાથે અફસોસની સીમા છે કે, આ 'દીન' અને 'નીતિ' પર ઉલમાએ દેવબંદને ઘમંડ છે કે તેઓ દુનિયાભરમાં તવહીદના અક઼ીદાના સૌથી મોટા અલમબરદાર છે !** આવા બેવડી શરીઅતવાળા દેવબંદીઓએ ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવું જોઈએ !


**બુખારી શરીફની શરહ (ભાગ : ૪) નુઝહતુલ ક઼ારી શરહે સહીહ બુખારી (ભાગ : ૪)**

અઝ : **શરહે બુખારી હઝરત અલ્લામા મુફ્તી શરીફુલ હક્ક઼ અમજદી** رحمۃ اللہ علیہ

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા, મુા.પો. દયાદરા તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

નોંધ : **ભાગ ૧ થી ૪ સાથે મંગાવનાર ફક્ત રૂા. ૬૫૦/– M.O. કરે.**

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

### ★ મૈયતના ખાણા વિશે ખુલાસો ★

મૈયતનું તીજીયુ, દસમુ, ચાળીસુ વગેરે મૌક઼ાઓ પર દાવત કરીને ખાણુ ખવડાવવાનો જે રિવાજ છે, એ પણ એકદમ ખોટુ અને શરીઅતની વિરૂદ્ધ છે. હા, ગરીબો અને ફક઼ીરોને બોલાવીને ખવડાવવામાં વાંધો નથી. આ'લા હઝરત ફર્માવે છે : "મુર્દાનું ખાણુ ફક્ત ફક઼ીરો માટે છે, આમ દાવતની રીતે કરવામાં આવે છે તે મના છે, તે ગની (માલદાર) ન ખાય." *(અહકામે શરીઅત, ભાગ-૨, પેજ-૧૬)*

અને આગળ ફર્માવે છે "મૌતમાં દાવતનો કોઈ અર્થ નથી." ફત્હુલ ક઼દીરમાં તેને બુરી બિદઅત ફર્માવ્યું. *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ-૪, પેજ-૨૨૧)*

***જરૂરી નોંધ** : આ મસ્અલાના અનુસંધાનમાં એક સવાલ તથા તેનો જવાબ અત્રે રજૂ કરીએ છીએ જેનાથી ઘણી ગલતફહમીઓ દૂર થઈ જશે. કેટલાક મૈયતના ખાણાને સદંતર હરામ સમજે છે તેનો પણ એમાં ખુલાસો આવી જશે. (તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

### ★ શું મૈયતનું ખાણુ સગાં સંબંધીઓને ખવડાવવાથી મુડદાને સવાબ પહોંચશે ? ★

**સવાલ** : ચાળીસુ વગેરેની ફાતિહામાં સગાં સંબંધીઓને, કુંટુંબીજનોને આમંત્રણ આપવામાં આવે છે એ લોકો આવીને ખાવાનુ ખાય છે અને બીજી બાજુ ઘરમાં ઈમામ સાહબ ફાતિહા પઢે છે. તો શું આ પ્રમાણે ખવડાવવાથી મુડદાને સવાબ પહોંચશે ? અથવા આ ફુઝૂલખર્ચીમાં ગણાશે ? કેમ કે આવનાર લોકો ખાયને ચાલ્યા જાય છે. એક વ્યક્તિનું કહેવું છે કે ખવડાવવું સવાબ છે, બીજી વ્યક્તિ કહે છે કે આ ફુઝૂલખર્ચી છે કેમ કે આ લોકો ખાયને પઢયા વિના ચાલ્યા જાય છે.

અને શું કુંટુંબીજનોને ખાવા ખવડાવવામાં સવાબ છે ? આનાથી મુડદાને સવાબ પહોંચે છે ? *(પૂછનાર : હાફિઝ ગુફરાન અહમદ-ઈંદોર)*

**જવાબ** : તીજીયુ, દસમુ તથા ચાળીસુ વગેરેમાં ગરીબો ફક઼ીરોને પોતાના સગાં સંબંધીઓને સાથે એ મુજબ ખાવા ખવડાવવું કે એક તરફ આ લોકો જમી રહ્યા હોય અને બીજી બાજુ ઈમામ સાહબ ઘરમાં ફાતિહા આપી રહ્યા હોય તો આ પ્રમાણે ખાણુ ખવડાવવાથી પણ મુડદાને સવાબ પહોંચે છે.

ફતાવા રઝવિય્યહમાં છે "ખાવા (ભોજન) પર ફાતિહા જાઈઝ છે. જમ્યા પહેલાં પણ અને પછી પણ. અને ખાધા પહેલાં ફાતિહા દેવાથી સવાબ જલ્દી પહોંચશે અને જલ્દીમાં જ ફાયદો છે." *(ભાગ-૪, પેજ-૨૨૭)* અને ઈસાલે સવાબ માટે ખાવા પકાવવું અને ત્યાર પછી ફાતિહા અપાવવા બીજુ સારુ કામ છે. ફતાવા રઝવિય્યહમાં છે, "ખાણુ પકાવી મુસલમાન મુડદાંઓના નામે ઈસાલે સવાબ માટે સદક઼ો કરવો બિલકુલ જાઈઝ અને મુસ્તહસન (સારુ) કાર્ય છે, અને એના પર ફાતિહાથી ઈસાલે સવાબ બીજુ મુસ્તહસન (સારુ) કાર્ય છે અને બે વસ્તુઓને જમા કરવું વધારે સારું છે." *(ભાગ-૪, પેજ-૨૧૪)*

મૈયતના નામ પર ખાવા બનાવવા તથા ખવડાવવાથી મક઼સદ માત્ર મર્હૂમની રૂહને સવાબ પહોંચાડવો છે, આ મક઼સદથી જ ખાવા (ભોજન)

પકાવવામાં આવે છે. માટે આ ખાણુ નફલી સદકાથી થયું. અને સદક્એ નફલ સગાં સંબંધીઓ, કુટુંબીજનો, ગરીબો તથા માલદારો **બધા માટે જાઈઝ છે. મના નથી** અને આ ફુઝૂલખર્ચી પણ નથી, બલ્કે જો સગાં સંબંધીઓ પઢયા વિના ખાવા ખાયને ચાલ્યાં જાય તો પણ એનો સવાબ મર્હૂમની રૂહને પહોંચે છે.

**ફતાવા રઝવિય્યહમાં છે** : ''ઉર્ફે આમમાં ચાળીસુ વગેરેના અવસરે ખાવા પકાવવાથી લોકોનો મૂળ મક્સદ મૈયતને સવાબ પહોંચાડવો હોય છે. આ જ મક્સદથી આ કાર્ય કરે છે, માટે એને ફાતિહાનું ખાવાનું, ચાળીસાના ફાતિહા વગેરે કહેવામાં આવે છે અને **તહક઼ીક મુજબ માત્ર ફક઼ીરો પર સદક઼ો કરવામાં જ સવાબ નથી બલ્કે માલદારો ઉપર પણ સદક઼ો કરવામાં સવાબ છે.** હુઝૂર ﷺ ફર્માવે છે : દરેક ગરમ જિગરમાં સવાબ છે. મતલબ કે દરેક જાનદારને ખાવા ખવડાવવા તથા પાણી પીવડાવવામાં સવાબ મળશે. અને હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, જે કાંઈ પણ માણસ ખાય છે એમાં સવાબ છે, અને જે જાનવર તથા પક્ષીઓ ખાય છે એમાં પણ સવાબ છે.'' *(ભાગ–૪, પેજ–૨૨૮)*

જો કે માલદારો કરતાં કુટુંબનાં ફક઼ીર ગરીબોને ખવડાવવુ અફઝલ છે, પણ એનો એ મતલબ નથી કે માલદારોને ખવડાવવુ મના તથા નાજાઈઝ છે, **ભલે અફઝલ એ હતું કે ફક઼ીરો ગરીબો પર સદક઼ો કરવામાં આવે, કેમ કે જ્યારે ખાણુ ખવડાવવાથી મક઼સદ માત્ર ઈસાલે સવાબ છે તો એ જ કામ વધારે યોગ્ય છે જેમાં વધારે સવાબ હોય, તો પણ મૂળ મક઼સદ મફ઼કૂદ (લુપ્ત) નથી, જ્યારે કે નિય્યત સવાબ પહોંચાડવાની હોય.**

**હા ! જેની નિય્યત ઈસાલે સવાબની ન હોય બલ્કે શાદીઓની જેમ દાવત તથા મહેમાનનવાઝીની નિય્યતથી પકાવે તો એને સવાબથી કોઈ સંબંધ નથી અને ન આ પ્રમાણેની દાવત ઈસાલે સવાબના અવસરે શરીઅતમાં પસંદ છે અને ન આ દાવત ક઼બૂલ કરવી જોઈએ કેમ કે આ પ્રમાણેની દાવતો શાદીઓમાં થાય છે ન કે ગમીમાં.**

ફત્હુલ ક઼દીર નામની કિતાબમાં છે : ''મૈયતના ખાણાને મહેમાનનવાઝીની નિય્યતથી બનાવવું મકરૂહ છે એટલા માટે કે મહેમાનનવાઝી ખુશીના અવસર પર હોય છે ન કે ગમીના અવસર પર, આ પ્રમાણેની મહેમાનનવાઝી બિદઅતે કબીહા (બુરી બિદઅત) છે.'' *(ભાગ–૨, પેજ–૧૫૧)*

**માટે રિશ્તેદારો, કુંટુંબીજનોને પણ ખાણુ ખવડાવવાથી મર્હૂમની રૂહને સવાબ પહોંચે છે, જ્યારે કે નિય્યત સારી હોય.**

લખનાર : મુહમ્મદ નૌશાદુલ બરકાતી

સમર્થક : **મુફ્તી નિઝામુદ્દીન રઝવી બરકાતી**

*(સદર : દારૂલ ઈફતા જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

### ★ દસ્તારે ફઝીલત વ દસ્તારબંદીનો જલસો ★

**ચાંચવેલ** : (તા. આમોદ, જિ. ભરૂચ) દારુલ ઉલૂમ બુખારીયા ફયઝુર્રસૂલ ખાતે તા. ૪–૬–૨૦૧૩ મંગળવારે ઈશાની નમાઝ બાદ કુલ ૫ હાફિઝ, ૬ ક઼ારીની દસ્તારબંદીનો શાનદાર ઈજલાસ થયો જેમાં હઝરત મૌલાના સૈયદ ગુલામરસૂલ ક઼ાદરી નૂરી સદારતમાં તથા હઝરત મૌલાના સરફરાઝ મિસ્બાહી કુરચનવીની તથા હઝરત મૌલાના જમીલ રઝવી (ગોરવા)ની નિઝામત હેઠળ, હઝરત મૌલાના અશ્ફાક મિસ્બાહી (સદર મુદર્રિસીન દારુલ ઉલૂમ હાઝા)ની નિગરાનીમાં ફારિગ થનાર તલબાની દસ્તારબંદી સાદાત તથા ઉલમાના મુબારક હાથો વડે કરવામાં આવી. જેમાં ખતીબે ઝીશાન આલે રસૂલ ઔલાદે ગૌષે આ'ઝમ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દાવતે ઈસ્લામી–માલેગાંવ)એ ઈલ્મની ફઝીલત તથા શબે મેઅરાજ સંબંધી માલૂમાતી બયાન તેમજ અક઼ીદાએ તૌહીદ સંબંધી ઈમાન અફરોઝ બયાન કર્યુ હતું.

# મોટો વ્યક્તિ કોણ ?

**શું પુષ્કળ દૌલત કમાવી, ખ્યાતિની ટોચો પર ચડી જવું અને ઊંચા હોદ્દા સુધી પહોંચી જવાથી માણસ મોટો વ્યક્તિ બની જાય છે ?**

રજૂકર્તા : **અસ્રાર હાફિઝ દાઊદ નક્શબંદી-પારખેત**
(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

આજના સૌ તાલિબે ઈલ્મ જ નહીં પણ દરેક માણસની એ પહેલી ઈચ્છા હોય છે કે તે વહેલી તકે મોટો વ્યક્તિ બની જાય, ભલે પછી તે ખ્યાતિની હવામાં ઉડાન ભરીને હોય અથવા વધારેથી વધારે પૈસા કમાયને હોય અથવા ઉચ્ચથી ઉચ્ચ હોદ્દા પર પહોંચીને હોય અથવા બીજા કોઈપણ રસ્તાથી હોય. પરંતું એક મોટો સવાલ એ છે કે શું તે એક સારો વ્યક્તિ પણ બનવા માગે છે ? આપણે વિચારવું જોઈએ કે શું ઉચ્ચ તાલીમ મેળવી લેવી, સારામાં સારી નોકરી પ્રાપ્ત કરી લેવી, વધારેથી વધારે પૈસા કમાય લેવા પોતાની કલામાં કમાલ અને મહારત પેદા કરી બીજાઓને અચંબામાં નાખી દેવા અને કોઈ હરિફાઈમાં પ્રથમ સ્થાન મેળવી વાહ વાહ મેળવવાથી કોઈ માણસ મોટો અને ગર્વના લાયક વ્યક્તિ બની જાય છે ? નિઃશક ! આ બધી વસ્તુઓ મોટો વ્યક્તિ બનવામાં મદદરૂપ બને છે પણ જ્યાં સુધી તેના અખ્લાક઼ અને તેનો કિરદાર, એની આદતો અને એની રહેણીકરણી સારી ન હોય તે મોટો હરગિઝ નથી. જેવી રીતે કે એક વ્યક્તિ ખૂબ જ ઊંચા હોદ્દા પર છે, લોકોની નજરમાં તેની ઘણી ઈજ્જત અને એહમિયત છે, હજાર લોકો તેના હાથ નીચે છે અને તેના એક ઈશારાથી ન જાણે શું શું થઈ શકે છે ! પણ તે પોતાની નીચે કામ કરતા લોકો સાથે ખૂબ જ ખરાબ વર્તન કરે છે, સરદાર બનીને તેમના પર હુકમ ચલાવે છે, એમની સાથે નાઈન્સાફી કરે છે અને કોઈ પણ કામ કરાવવા માટે હજારો લાખો રૂપિયાની લાંચ લે છે. તો શું તે મોટો વ્યક્તિ છે ? દુનિયાની નજરમાં તે મોટો વ્યક્તિ હોય તો હોય પણ ઈસ્લામની દષ્ટિએ અને સાચા લોકોની નજરમાં તે કદાપિ મોટો વ્યક્તિ નથી થઈ શકતો, કારણ કે ઈસ્લામ જાહેર નહીં પણ બાતિન (અંતર) જુએ છે, તે બહાર કરતાં વધારે અંદરના હુસ્ન પર ભરોસો કરે છે.

એમાં કોઈ શક નથી કે દુનિયામાં નામ પેદા કરી લેવું, ખ્યાતિની બુલંદીઓમાં ઉડીને સમાજની ઈજ્જત હાંસલ કરવાનાં અને વધુથી વધુ પૈસા કમાવાનાં સપનાં જોવાં સારી વાત છે, આપણે સપનાં જરૂર જોવાં જોઈએ અને પછી એના પ્રમાણે એની મહેનત અને લગન પણ ચાલુ રાખવી જોઈએ કે કામયાબી અને તરક્કી તેના જ વડે આપણી પાસે આવે છે. પણ મારા સાથીઓ ! એક વાત આપણે ક્યારેય ન ભૂલવી જોઈએ કે આપણામાં બુઝુર્ગોનો એહતેરામ ન હોય, નાનાઓ પર મહેરબાની ન હોય, ગરીબોથી હમદર્દી ન હોય, હક઼થી દોસ્તી અને બાતિલથી દુશ્મની ન હોય, તો આપણે મોટા વ્યક્તિ તો બની શકીએ છીએ પણ સારા અને નેક નામ વ્યક્તિ નથી બની શકતા.

થોડા વરસો પહેલાં દિલ્હીના અંગ્રેજી અખબારમાં બાબા રામદેવનું ઈન્ટરવ્યુ આવ્યું હતું તેમાં એમણે કહ્યું હતું કે બાળપણથી જ મારું સપનુ આ હતું કે હું મોટો માણસ બનું અને કુદરતે આજે મને મોટો માણસ બનાવી દીધો ! યાદ રહે કે બાબા રામદેવને આખુ ભારત જાણે છે, એની પાસે હજારો રૂપિયાની સંપત્તિ છે, પણ તપાસ કરવાથી એ વાત સામે આવી કે તેમાંની વધારે પડતી સંપત્તિ ગૈરકા઼નૂની અને ધોકો દઈ મેળવેલી છે, અને તેના પર કેસ ચાલી રહ્યા છે.

હવે તમે સાચા દિલે જવાબ આપો કે બાબા રામદેવ પોતાની દષ્ટિએ તો મોટામાં મોટો માણસ બની ગયો, એની ખૂબ જ ખ્યાતિ થઈ ગઈ, પરંતુ શું તે હકીકતમાં એવો જ છે ? શું સારા લોકોના દિલોમાં તેના માટે ઈજ્જત અને એહતેરામ છે ? દુનિયાની નજરમાં તે મોટો માણસ છે પણ શું તે હકીકતમાં સારો અને નેક નામ છે ?

એક વ્યક્તિ ખૂબ જ ઝડપથી માલદાર બનવા માટે અને ન્યૂઝ પેપરના ફ્રન્ટ (Front) પેજ પર છવાઈ જવા માટે બેંકને લૂંટે છે, લાખો કરોડો રૂપિયા ચોરી કરે છે. બીજા દિવસે ન્યૂઝ પેપરમાં તેનો મોટી સાઈઝમાં ફોટો આવે છે અને તે પ્રખ્યાત થઈ જાય છે. બીજો વ્યક્તિ તે છે જે બોમ્બની વર્ષા કરે છે, સેંકડો લોકોના ખૂનથી પોતાના હાથ રંગે છે, મિડીયા તેની ખૂબ જ એડવર્ટાઈઝ (Advertise) કરે છે અને તેને ભયાનકતાની નિશાની રૂપે પેશ કરે છે અને તેનો કિસ્સો દરેક નાના મોટાની ઝબાન પર આવી જાય છે. આ લોકોએ રાતોરાત મોટા માણસ બનવા તથા ખૂબ જ રૂપિયા કમાવા અને ખ્યાતિના આસમાન પર પહોંચવાની કોશિશ કરી હતી પરંતુ શું તેઓ મોટા માણસ બની શક્યા ખરા ?

યાદ રાખો કે માણસ સદીઓ સુધી ત્યારે જ જીવંત રહી શકે છે અને લોકોના દિલોમાં તેની ઈજ્જત અને એહતેરામ બાકી રહી શકે છે જ્યારે એ સારો માણસ હોય, જ્યારે એ નેક નામ હોય, અચ્છાઈને છોડી ફક્ત મોટા બનવાથી માણસની થોડાક દિવસોની ખ્યાતિ પછી લોકોની નફરત અને લા'નત બરાબર તેના પર (લગાતાર) વરસતી રહે છે.

એક વાત યાદ રાખો કે સાચા અર્થમાં મોટા માણસ બનવા માટે તો પહેલાં સારા વ્યક્તિ બનો, એના માટે ઈસ્લામી તાલીમાતની રોશનીમાં પોતાનો કિરદાર ઢ ાળવો પડશે. એનાથી વિરૂદ્ધ જવામાં નેકનામી નહીં પણ બદનામી હાથ આવશે. અમુક લોકોનું એવું વિચારવું છે કે "બદનામ થઈશું તો શું ? નામ નહીં થાય !" આવું વિચારવું બિલકુલ ખોટુ છે.

આ ક્ષેત્રે આપણા આજના તલબા અને તાલિબાત અને બીજા લોકોને પણ પોતાના વિચારો તથા પોતાના અમલના કિબ્લાને દુરુસ્ત કરવો પડશે. એ જે પણ ક્ષેત્રે આગળ વધે, જે વિષયમાં ડૂબકી લગાવે, જે ઈલ્મના ઝાડ પર ચડે તો એમાં પોતાની ખ્વાહિશ મુતાબિક કમાલ અને મહારત તો જરૂર પેદા કરે, પોતાને મોટો માણસ બનવા અને મશહૂર થવાના સપનાની તાબીર માટે જરૂર મહેનત અને કોશિશ કરે, પરંતુ અખ્લાકનો દામન કદાપિ ન છોડે, પોતાના કિરદારમાં રજમાત્ર પણ ફરક ન આવવા દે અને પોતાની મુલાકાત લેવાવાળો હમેશાં માટે તમારો ચાહક બની જાય.

સામાન્ય રીતે જોવામાં આવે છે કે આપણામાંથી જો કોઈ મોટા હોદ્દા અને ઊંચા મકામે પહોંચી જાય છે, બીજા શબ્દોમાં એમ કહીએ કે મોટો વ્યક્તિ બની જાય છે અને સમાજમાં એક મોટો મકામ અને મર્તબો મળી જાય છે તો તે પોતાના ભૂતકાળને ભૂલી જાય છે, પોતાના મિત્રો સાથે તેનો વર્તાવ બદલાય જાય છે, ત્યાં સુધી કે તે પોતાના રિશ્તેદારો સાથે પણ ખચકાઈને મળે છે. અને એવાં ઘણા બધાં ઉદાહરણો જોવા અને સાંભળવા મળે છે કે દૌલત અને હોદ્દાના નશામાં ધૂત આ માણસ પોતાના પ્રોફેશન (ઉચ્ચ હોદ્દા) અને લેવલ (ઊંચી કક્ષા)ના લોકો સાથે પોતાના ગરીબ અને અભણ માતા પિતાને મુલાકાત કરાવવામાં પણ તૌહીન અને શરમ મહેસૂસ કરે છે ! તમે મને ઈન્સાફથી બતાવો કે આવો માણસ કે જે અલ્લાહના ફઝ્લથી આ ઉચ્ચ સ્થાન સુધી પહોંચ્યો તે પોતાના ભૂતકાળને ભૂલી જાય, પોતાના સમાજને ભૂલી જાય, જે ગરીબ અને અભણ લોકો સાથે મુલાકાત કરવામાં પોતાની બદનામી અને તૌહીન ખ્યાલ કરે, પોતાના નીચેવાળાઓમાં મોટી મોટી વાતો કરી પોતાની બડાઈ બયાન કરે અને પોતાના રૂપિયાથી તેઓને તેમની ગરીબી અને કમતરીનો એહસાસ કરાવે, શું આવો માણસ કશીય ઈજ્જત મેળવવાનો હક્કદાર છે ? દુનિયાની નજરમાં તે ઈજ્જતવાળો તો થઈ શકે છે પણ દીનની નજરમાં તેની કશીય ફઝીલત નથી.

આપણા તલબા અને મિત્રોએ કોઈ મુફક્કિર

(ચિંતક)ની આ વાતને પોતાના દિમાગની ડાયરીમાં નોટ કરી લેવી જોઈએ કે મોટો વ્યક્તિ તે નથી હોતો કે જે લોકો સાથે ખચકાઈને મળે, તેમની સાથે સારા તરીકાથી વાતચીત ન કરે, પોતાનાથી નાનાઓ સાથે તકબ્બુરથી વર્તે, પરંતું હકીકતમાં મોટો વ્યક્તિ તે છે કે એનાથી કોઈ નાનો વ્યક્તિ પણ મુલાકાત કરે તો તે નાનાને પોતાની જાતની ઓળખ મળે, તેને પોતાના અંદર છુપાયેલી મહારત, કલા નિપૂણતા (આવડત) કાબેલિયતનો સાચો અંદાજો થઈ જાય, આ મોટો વ્યક્તિ તે નાનાની હોસલા અફઝાઈ કરે અને એની એહમિયતનો એહસાસ કરાવી દે, અને તેની સાથે એવા અંદાજે વાત કરે કે તે પોતાને પણ કાબેલ સમજવા લાગે.

વ્હાલા વાંચક મિત્રો ! ખૂબ જ સારી રીતે યાદ રાખજો કે તમે ખ્યાતિ અને ઈજ્જતના જેટલા મોટા મીનારા પર પહોંચી જાવ પરંતું આ વાતને કદાપિ ભૂલશો નહીં, પોતાની જમીનથી ક્યારેય જુદા થવાની કોશિશ ન કરશો. ભવિષ્યની ભૂલ ભૂલૈયામાં (ઝાંઝવાના જળ પાછળ) એટલા બધા દૂર ન નીકળી જશો કે તમે પોતાના ભૂતકાળને ભૂલાવી દો. પોતાના શાનદાર અને રોશન કેરીયરના નશામાં એટલા પ્રમાણમાં ન ડૂબી જશો કે તમને પોતાનાં માતા પિતા, પોતાના રિશ્તેદાર, પોતાના મિત્રો, પોતાનો વિસ્તાર અને શહેરવાળા પણ યાદ ન રહે. મોટો માણસ બનવાના ચક્કરમાં ન રહેશો પણ સારા અને નેક માણસ બનવાની કોશિશ કરજો. તમે એ યક઼ીન કરી લો કે જો તમે સારા અને નેક માણસ બની ગયા તો પછી તમે આપમેળે જ મોટા માણસ બની જશો. એક વાત યાદ રાખો કે જે સારા અને નેક નામ છે અને જે પોતાના સારા અખ્લાક઼ અને શ્રેષ્ઠ સંસ્કાર, ઉચ્ચ વર્તાવથી બીજાઓને પ્રભાવિત કરે છે હક઼ીક઼તમાં સમાજના તે જ મોટા લોકો હોય છે. મોટો માણસ પૈસાથી, ખ્યાતિથી, ઈલ્મથી નથી બનતો, પરંતું પોતાના ઉમદા અને શ્રેષ્ઠ અખ્લાક઼ અને સંસ્કારથી બને છે અને જ્યારે દૌલત, ખ્યાતિ અને ઈલ્મની સાથે અખ્લાક઼, સંસ્કાર અને સારી આદતો પણ આવી જાય તો સોના પર સુહાગા છે, તો પછી એ મોટી ફઝીલતવાળો મોટો માણસ બની જાય છે. તમે પોતાના બુઝુર્ગોના ઈતિહાસ પર કેમ વિચારણા નથી કરતા ? શું તેમની પાસે કોઈ દૌલત હતી કે પછી કોઈ મર્તબો હતો ? તો પણ તે મોટા માણસો છે અને એવા મોટા માણસો છે કે જેમની શુભ ચર્ચાથી કિતાબોનાં પાનાંઓ આજ સુધી રોશન અને મુનવ્વર છે અને ક઼યામત સુધી રહેશે, અને એમને વાંચવાવાળા તેમનાથી નૂર હાંસલ કરી મોટા માણસ બનતા રહેશે. હવે તમે કહો કે શું તમે સાચા અર્થે અને હક઼ીક઼તમાં મોટા વ્યક્તિ બનવા માટે તૈયાર છો ?

*(સુન્ની દાવતે ઈસ્લામી મંથલી, એપ્રિલ–૨૦૧૩, અઝ : સાદિક રઝા મિસ્બાહી)*

## ★ મિસરમાં જશ્ને હાફિઝે મિલ્લત ★

**મિસર** : ખાતે જામે અઝહર યુનિવર્સિટીના સામે મસ્જિદે ઈમામ હુસૈનમાં તારીખ ૨૦–૪–૨૦૧૩ને શનિવારના દિવસે ફારિગીને અશરફિયાએ જશ્ને હાફિઝે મિલ્લત નામથી જલ્સો ક઼ાયમ કર્યો. આ જલ્સાની શરૂઆત તિલાવતે કુર્આનથી કરવામાં આવી. ત્યારબાદ મૌલાના નૂર અહમદ અઝહરી ગુજરાતીએ નાતે રસૂલ પેશ કરીને મહેફિલમાં મૌજૂદ લોકોને ઝુમાવી દીધા હતા. ત્યારબાદ મહેમાને ખુસૂસી શૈખે યમન અલ્લામા શૈખ અબ્દુલ કરીમ યમની તથા અલ્લામા શૈખ મુહમ્મદ મુસ્તફા ફારસી મદનીએ હાફિઝે મિલ્લત તથા ઔલિયાએ કિરામની શાનમાં અરબી ઝબાનમાં પોતાના મુબારક ખિતાબથી આ જલ્સાને કામયાબ બનાવ્યો હતો. આ જલ્સામાં વિવિધ દેશો હિંદસ્તાન, પાકિસ્તાન, યમન, ફારસ, ઈન્ડોનેશિયા, મલેશિયા તથા મિસરના ઓલમા તથા તલબાએ હાજરી આપી હતી અને આખિરમાં આ પ્રોગામ શૈખે યમનીની દુઆઓ સાથે સમાપ્ત થયો. (મૌલાના ઈમ્ત્યાઝ મિસ્બાહી કુરચનવીનો રિપોર્ટ ટૂંકાવીને રજૂ કર્યો) *–તંત્રી :*

અહલે સુન્નત વ જમાઅતનો સર્વમાન્ય અક઼ીદો

# અલ્લાહના વલી મૃત્યુ પછી જીવંત રહે છે

અઝ : **મુફ્તી મુહમ્મદ મુઝમ્મિલ બરકાતી** *(દારુલ ઈફ્તા : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*
અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*ઝિંદા હો જાતે હૈં જો મરતે હૈં હક઼્ક઼ કે નામ પર*
*અલ્લાહ ! અલ્લાહ ! મૌત કો કિસને મસીહા કર દિયા*

અહલે સુન્નત વ જમાઅતનો બાતિલ ફિર્કાઓ તથા બદ્‌મઝહબોથી જે મસાઈલમાં ઈખ્તેલાફ રહ્યો છે એમનામાંથી "હયાતે અવલિયા" (વલીઓનું ક઼બ્રમાં ઝિંદા હોવું)નો મસ્અલો છે. અને હઝરાતે અવલિયાએ કિરામ رحمۃ اللہ علیہم اجمعین ની હયાતના મુન્કિરો આ મસ્અલા પર અધિક જોર આપતા હોય છે, કારણ કે અંબિયાએ કિરામ علیہم السلام તથા શહીદ હઝરાત رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની પવિત્ર હયાત પુષ્કળ હદીષો તથા આયતોથી સ્પષ્ટપણે સાબિત છે. તેમ છતાં વહાબીઓએ આયતો તથા હદીષોને પીઠ પાછળ રાખી દીધી અને આક્ષેપ કરવા લાગ્યા કે મઆઝલ્લાહ ! હુઝૂર જાને કાઈનાત ﷺ "મરીને માટીમાં મળી ગયા." પણ જ્યારે આ અપમાનજનક અક઼ીદાની હક઼ીક઼ત લોકો સમક્ષ જાહેર થઈ ગઈ તો પોતાના આ અક઼ીદા પર ઢાંકપિછોડ કરવા માટે અને પોતાને બેઈજ્જતીથી બચાવવા માટે અવલિયા હઝરાતની પવિત્ર હયાત (ક઼બ્રમાં ઝિંદા હોવા)ના સંબંધે કુર્આન તથા હદીષોથી દલીલો માગવાની શરૂ કરી આપી જેથી પબ્લિક આ પ્રકારના મસ્અલામાં ગુંચવાયને રહી જાય અને કોઈ રીતે તેમની પેલી બદ્‌અક઼ીદગી ઢંકાય જાય.

જેથી આવો ! નીચેના લખાણમાં અવલિયાએ કિરામની બરઝખી (મૃત્યુ બાદથી ક઼યામત સુધીની) જિંદગીની હક઼ીક઼ત કુર્આન તથા હદીષ તથા બુઝુર્ગાને દીનના અક઼વાલ (કથનો) તથા વાક઼ેઆઓની રોશનીમાં જોઈએ.

આ તો સર્વ સ્વીકૃત મસ્અલો છે કે રૂહ મૃત્યુ પછી પણ નાશ પામતી નથી બલ્કે રૂહ ઝિંદા રહે છે અને એના પર જ સવાબ તથા અઝાબ લાગુ થાય છે. મતભેદ એના બારામાં છે કે શરીરના માટે પણ જિંદગી (હયાતી) હોય છે કે નહીં ? અહલે સુન્નત વ જમાઅતની નજીક શરીરથી રૂહ અલગ થયા પછી પણ શરીર સાથેથી રૂહનો સંબંધ તદ્દન કટ નથી થઈ જતો, બલ્કે કાંઈ ન કાંઈ સંબંધ તો બાકી રહે છે જેના લીધે શરીરને પણ સવાબ તથા અઝાબ થાય છે. જેમ કે બાદશાહનું પોતાની રાજ્ય સત્તાની હદોની બહાર નીકળી ગયા પછી પણ રાજ્ય સત્તા સાથે સંબંધ રહે છે અને બહાર રહીને પણ તે પોતાની સલ્તનતમાં અધિકાર ચલાવે છે. જેમ કે હઝરત ઈમામ તક઼ીઉદ્દીન સુબકી رحمۃ اللہ علیہ પોતાની વિશ્વ વિખ્યાત કિતાબ શિફાઉસ્સિક઼ામ બિઝિયારિતિ ખૈરિલ અનામ"માં ફર્માવે છે : "અહલે સુન્નત વ જમાઅતનો ઈજમાઅ છે કે મુડદુ ક઼બ્રમાં જીવંત હોય છે." અને ઈમામુલ હરમૈનથી નક઼લ કરે છે કે ઉમ્મતના સલફ (પૂર્વજ બુઝુર્ગો) એના પર એકમત છે કે ક઼બ્રમાં અઝાબ થાય છે, મુર્દાને ક઼બ્રમાં જીવંત કરવામાં આવે છે અને રૂહ શરીરમાં પરત આવી જાય છે. તેમજ ઈમામ કુર્તબી رحمۃ اللہ علیہ ના હવાલાથી ફર્માવે છે કે આ સર્વ વાતો પર

ઈમાન લાવવું અહલે સુન્નતનો મઝહબ છે, અને તે સહાબાએ કિરામ જેમની લુગત (શબ્દકોશ) તથા ભાષાના પ્રમાણે કુર્આન નાઝિલ થયું છે તેઓ સૌ આ વાતો પર ઈમાન ધરાવતા હતા. *(શિફાઉસ્સિકામ, પેજ : ૨૫૧–૨૫૨)*

હવે જો એ (રૂહ તથા શરીરનો) સંબંધ કમજોર હોય તો શરીર સડી જાય છે, જેમ કે સર્વ કાફિરો તથા ગુનેહગાર મુસલમાનોનાં શરીરો. અને જો રૂહનો શરીર સાથે સંબંધ મજૂબત હોય, જેમ કે સાલેહીન (નેક લોકો) તથા બારગાહે ઈલાહીના નિકટવર્તી બંદાઓ (મુકર્રબીન)ની મુબારક રૂહો, તો એમના શરીરો પણ સડવા તથા કહોવાવાથી સુરક્ષિત તથા મહેફૂઝ રહે છે. શરીરો તો શરીરો છે પણ તેમના કફન પણ સહી સલામત રહે છે અને સદીઓ પસાર થઈ જવા છતાં તેમની મુબારક લાશો તદન તરોતાઝા રહે છે બલ્કે અવલિયાએ કિરામની જિંદગીની સાબિતી તો ખૂદ કુર્આન મુકદ્દસની એ આયતથી પણ થાય છે જે સૂરએ નહ્‌લમાં છે, અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઈર્શાદ ફર્માવે છે :

مَنْ عَمِلَ صَالِحًا مِّنْ ذَكَرٍ اَوْ اُنْثٰى وَهُوَ مُؤْمِنٌ فَلَنُحْيِيَنَّهٗ حَيٰوةً طَيِّبَةً ۚ وَلَنَجْزِيَنَّهُمْ اَجْرَهُمْ بِاَحْسَنِ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿۹۷﴾

"જે સારું કામ કરે પુરૂષ હોય કે સ્ત્રી અને હોય મુસલમાન તો જરૂર અમે એને પણ સારી જિંદગી અર્પણ કરીશું અને જરૂર એમને એનો બદલો તથા સવાબ આપીશું જે એમના સૌથી બેહતર કામના લાયક હોય." *(પારા : ૧૪, સૂરએ નહલ, આયત : ૯૭)*

આ આયતની તફસીરમાં હઝરત સૈયદના ઈમામ રાઝી رحمۃ اللہ علیہ તફસીરે કબીરમાં હઝરત ઈમામ સુદ્દીથી ફર્માવે છે : حَيٰوةً طَيِّبَةً (પવિત્ર જિંદગી)થી મુરાદ તે જિંદગી છે જે કબ્રમાં હાંસલ થશે. *(તફસીરે કબીર, ૭/૨૬૬, ૨૬૭)*

અને "જુમલ" હાશિયા જલાલૈનમાં છે કે ઈમામ સુદ્દી ફર્માવે છે : حَيٰوةً طَيِّبَةًથી મુરાદ તે જિંદગી છે જે કબ્રમાં હાંસલ થશે, કેમ કે નેક તથા સાલેહ મો'મિન મૃત્યુના કારણે દુનિયાની તંગી તથા તકલીફોથી આરામ (છૂટકારો) પામે છે. *(હાશિયા જુમલ, ૫/૫૯૭)*

અને સાવી શરીફમાં છે : એક કૌલ એ છે કે حَيٰوةً طَيِّبَةًથી મુરાદ કબ્રની જિંદગી છે......અને એક કૌલ એ છે કે તેના સામાન્યપણા (ઉમૂમ) પર બાકી છે, તો દુનિયામાં પાકીઝા જિંદગી, રબના આજ્ઞાપાલનની તૌફીક તથા હલાલ રોજીથી છે અને કબ્રમાં દુનિયાની તંગી અને તકલીફથી રાહત પામવાની અને જન્નતમાં હમેશાની સુખ શાંતિની પ્રાપ્તિથી છે. *(તફસીરે સાવી, ૨/૨૮૮)*

આ આયત અને એની તફસીરથી સ્પષ્ટ થઈ ગયું કે સાલેહીન તથા નેક બંદાઓને અલ્લાહ તઆલા કબ્રમાં પણ જિંદગી અર્પણ કરે છે, ન કેવળ જિંદગી જ, બલ્કે ઉમદા તથા પાકીઝા જિંદગી !

## અવલિયાની હયાત હદીષોની રોશનીમાં

**(૧)** મિશ્કાત શરીફ હઝરત ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત છે કે, હું તે મકાન જન્નત આસ્તાનમાં જેમાં હુઝૂર સૈયદે આલમ ﷺનો મઝારે પાક છે, આમ જ બેપર્દા ચાલી જતી હતી અને મનમાં કહેતી, ત્યાં કોણ છે ?! એ જ મારા પતિ કે મારા પિતા. (પણ) જ્યારથી ઉમર દફન થયા, ખુદાની કસમ ! હું આખુ શરીર છુપાવ્યા વિના નથી ગઈ, ઉમરની શરમના કારણે. *(પેજ : ૧૫૪)*

આ હદીષને ઈમામ અહમદ ઈબ્ને હંબલે પોતાની મુસ્નદમાં રિવાયત કરી અને ઈમામ હાકિમ અબૂ અબ્દુલ્લાહ નીશાપૂરીએ પણ "મુસ્તદરક"માં એને રિવાયત કરી અને બુખારી તથા મુસ્લિમની શરતે સહીહ કહી.

વિચારવાની વાત છે કે જ્યાં સુધી હુઝૂરે અક્દસ ﷺ તથા આપના યારે ગાર હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ હઝરત આઈશાના હુજરામાં દફન થયેલા હતા ત્યાં સુધી હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا પોતાના હુજરાતમાં પર્દાની ખાસ વ્યવસ્થા કર્યા વિના દાખલ થઈ જતાં, કેમ કે તે હુઝૂરના પત્ની હતાં અને હઝરત સિદ્દીક઼ رضی اللہ عنہના સાહબઝાદી હતાં. અને પતિ અથવા બાપથી પર્દો વાજિબ નથી. પણ જ્યારથી હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ દફન થયા ત્યારથી હઝરત ઉમ્મુલ મો'મિનીન જ્યારે પણ ત્યાં દાખલ થવાનો ઈરાદો કરતાં તો સંપૂર્ણ પર્દો કરી લેતાં પછી અંદર પ્રવેશ કરતાં. અને એનું કારણ પણ ખૂદ વર્ણવે છે કે હઝરત ઉમર કેમ કે અજનબી તથા ગૈર મેહરમ હતા એટલા માટે તેમનાથી પર્દો કરવા તથા શરમ કરવાના કારણે એવું કરતાં હતાં. જો હઝરત આઈશા رضی اللہ عنہاનો એ જ અક઼ીદો હોત કે અલ્લાહના મહબૂબ બંદાઓ મરીને માટીમાં મળી જાય છે તો પછી હઝરત ઉમરથી હયાનો શો મતલબ ?! શું કદી કોઈ મુડદાથી પણ હયા કરવામાં આવે છે ?!

સાબિત થયું કે હઝરત ઉમ્મુલ મો'મિનીનનો પણ એ જ અક઼ીદો હતો કે અલ્લાહના મહબૂબ બંદાઓ આ નાશવંત જગતથી કૂચ કર્યા બાદ પણ જીવતા હોય છે, ન કેવળ જીવતા બલ્કે એમની ચોખટ પર હાજરી આપનારાઓને પણ સારી રીતે ઓળખે છે. જેમ કે હઝરત શયખ મુહક્કિ઼ક઼ શાહ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ આ હદીષની શરહમાં ફર્માવે છે :–

''આ હદીષમાં એના માટે ઉઘાડી દલીલ છે કે મૃત્યુ પામેલાને હયાત (જીવન) તથા ઈલ્મ હાંસલ છે અને ઝિયારતના સમયે એમની અદબ વાજિબ છે. ખાસ કરીને સાલેહીનનો એહતેરામ (લાઝમી છે.) અને એમના મર્તબાઓના લેહાઝથી અદબની કાળજી લેવી જાહેરી જીવનની જેમ જરૂરી છે.'' *(અશિઅતુલ લમ્આત, બાબુઝ્ ઝિયારતિલ્ કુબૂર, ફસ્લ :૩, ૧/૭૨૦)*

***તૂ ઝિંદા હૈ વલ્લાહ ! તૂ ઝિંદા હૈ વલ્લાહ !***
***મેરે ચશ્મે આલમસે છુપ જાનેવાલો***

**(૨)** ઈમામ તિર્મિઝી અને ઈમામ બયહક઼ીએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે એક સહાબીએ કોઈ ક઼બ્ર પર પોતાનો તંબૂ તાણ્યો અને એમને ખબર ન હતી કે અહીં ક઼બ્ર છે તો એમણે સાંભળ્યું કે કોઈ શખ્સ સૂરએ મુલ્ક પઢી રહ્યો છે. જ્યારે તે સૂરએ મુલ્ક પઢી ચૂક્યા તો તે સહાબી હુઝૂરની ખિદમતમાં આવ્યા અને પ્રસંગ વર્ણવ્યો, તો આપે ફર્માવ્યું કે, એ અઝાબથી નજાત અપાવનારી તથા અઝાબને રોકનારી છે. *(હવાલો : ઉપર મુજબ)*

ઈમામ અબૂ ક઼ાસિમ સઅદી કહે છે : એનાથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺએ એ બાબત પર મહોર મારી આપી કે મૈયત ક઼બ્રમાં કુર્આન પઢે છે, કેમ કે આપે એ સહાબીને રદિયો નથી આપ્યો. *(હવાલો : ઉપર મુજબ)*

**અક઼ુલ (હું કહું છું)** : જ્યારે એ સહાબીની રદ ન કરવાથી એ વાતનું સમર્થન પ્રાપ્ત થયું કે મૈયતનું ક઼બ્રમાં કુર્આન શરીફની તિલાવત કરવું દુરસ્ત છે, જ્યારે કે પઢવું એવો ગુણ છે જેના માટે જિંદગી શર્ત છે અને જે જીવતાની ખૂબીઓમાંથી છે. જેથી આ હદીષના શબ્દોના તકાઝાથી સાબિત થઈ ગયું કે મૈયત, અને ખાસ કરીને નેકોની મૈયતો ક઼બ્રમાં જીવંત હોય છે. જેમ કે શયખ મુહક્કિ઼ક઼ શાહ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ''જઝબુલ કુલૂબ''માં ફર્માવે છે :–

''આ સર્વ હદીષોમાં એ વાત માટે દલીલ છે કે મુડદાંઓને સમઅ તથા ઈદરાક (શ્રવણ શક્તિ તથા પહોંચ) હાંસલ છે અને નિઃશંક ! શ્રવણ શક્તિ એ એવો ગુણ છે જેના માટે જીવંત હોવું જરૂરી છે, જેથી સૌ ઝિંદા છે પરંતુ એમની જિંદગી શહીદોની જિંદગીથી ઉતરતી (કમ દરજાની) છે, અને

અંબિયાએ કિરામની જિંદગી શહીદોની જિંદગીથી અધિક કામિલ છે.'' *(જઝબુલ કુલૂબ, બાબ ચહારુમ, પેજ : ૨૦૬, ૨૦૭)*

અને હઝરત અલ્લામા તક઼ીઉદ્દીન સુબકી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''આ સર્વનો હેતુ મૃત્યુ બાદ સાંભળવું (સમાઅ) વગેરે ગુણોની તહેક઼ીક઼ હતી, કે અમુક લોકો કહેવા લાગે છે કે, આ ખૂબીઓ માટે જિંદગી શર્ત છે તો પછી એ મૃત્યુ બાદ કેવી રીતે હાંસલ થશે ?! જ્યારે આ નીચ ખયાલ છે. અમે એવું નથી કહેતા કે જે ચીજ મુર્દા છે તે સાંભળે છે, બલ્કે એવું કહીએ છીએ કે મૃત્યુ બાદ સાંભળવું એના માટે સાબિત છે જે ઝિંદા છે એટલે કે રૂહ ક્યાં તો એકલી તે જ જ્યારે શરીર મુર્દા હોય અથવા શરીર સાથે જોડાયને જ્યારે હયાત (જીવન) શરીર તરફ પરત થાય. *(અલ્બાબુન્નાસિઅ અલફસ્લુલ્ ખામિસી, ૨૦૯)*

આ હતી અમુક નમૂના પૂરતી આયતો તથા હદીષો જેનાથી અલ્લાહના વલીઓ વિસાલ બાદ જીવતા હોવાની સારી રીતે ભાળ મળે છે. આમ તો અસંખ્ય હદીષો મુડદાંઓની સાંભળવાની શક્તિ (શ્રવણ શક્તિ) તથા પહોંચ તથા ઈલ્મના હવાલાથી રિવાયત પામેલી છે જેનાથી સિહાહ સિત્તહ તથા અન્ય હદીષની કિતાબો ભરેલી પડી છે, પણ હક્ક઼ માર્ગની તલાશ કરનારાઓ તથા સાચી તડપ રાખનારાઓ માટે આટલાં જ દૃષ્ટાંતો પૂરતાં છે, નહીં તો હઠધર્મીઓ માટે ઢગલાના ઢગલા પણ અપૂરતા છે.

જો કોઈને એવી શંકા હોય કે વર્ણવેલ આયતો તથા હદીષો તમારા વર્ણન કરેલા ઉદ્દેશ (હેતુ) માટે નસ્સે ક઼તઈ (ક઼તઈ દલીલ) નથી, તો એમને અમે સીધો સાદો જવાબ આપીએ છીએ જે હઝરત શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ ''જઝબુલ કુલૂબ''માં ''તવસ્સુલ વ ઈસ્તિમ્દાદ''ના બારામાં ફર્માવ્યો છે :–

''એના બારામાં કોઈ નસ્સે ક઼તઈની જરૂરત નથી, બલ્કે એની મનાઈ પર દલીલ ન હોવું જ પૂરતુ છે.'' *(જઝબુલ કુલૂબ, બાબ યઝદહુમ, દર બયાને ઝિયારતે ક઼બ્રે મુકર્રમ, પેજ : ૨૨૪)*

## બુઝુર્ગાને દીનનાં કથનોથી સાબિતી

**(૧)** હઝરત શયખ મુહક્કિક઼ શાહ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''અવલિયા''ને દારે ફાનીમાંથી દારે બક઼ા (નાશવંત ઘરથી આખેરતના સલામત ઘર) તરફ તબદીલ કરી દેવામાં આવે છે. તેઓ પોતાના પરવરદિગાર عزوجلને ત્યાં જીવતા છે, તેમને રોજી મળે છે અને ખુશહાલ રહે છે અને લોકોને એની ખબર નથી.'' *(અશ્અિતુલ લમ્આત, બાબુ હુકમિલ ઈસ્રાઅ, ફસ્લ : ૧, ૩/૪૦૨)*

**(૨)** હઝરત અલ્લામા અલી ક઼ારી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''અવલિયાએ કિરામની બંને હાલતો (જિંદગી તથા મૌત)માં તદ્દન ફરક નથી. એટલા માટે કહેવામાં આવ્યું કે એઓ મરતા નથી બલ્કે એક ઘરથી બીજા ઘરે તશરીફ લઈ જાય છે.'' *(મિર્ક઼ાતુલ મફાતીહ, કિતાબુસ્સલાત, બાબુલ જુમ્આ, ૩/૨૪૧)*

**(૩)** ઈમામ ઈબ્ને અમીર અલ્હાજ رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''અહલે બસીરત (દૃષ્ટિવાનો) નજીક મુહક્ક઼ક઼ (સિદ્ધ) થઈ ચૂક્યું છે કે સાલેહીનની ક઼બ્રોની ઝિયારત બરકત તથા ઈબ્રત હાંસલ કરવાના હેતુથી પ્રિય છે. એમની બરકતો જેવી રીતે જિંદગીમાં ચાલુ હતી તેવી જ રીતે વિસાલ બાદ પણ ચાલુ છે.'' *(અલ્મુદખલ, ફસ્લ ફી ઝિયારતિ ક઼ુબૂર, ૧/૨૪૯)*

**(૪)** કશ્ફુલ ગ઼તાઅ્માં છે : ''કામિલીન (વલીઓ)ની રૂહો તેમની જિંદગીમાં રબ્બુલ ઈઝ્ઝતથી કુર્બે મર્તબત (નિકટતાના મર્તબા)ના કારણે કરામતો તથા તસર્રુફો (અધિકારો–પહોંચ) તથા હાજતમંદોની મદદ કર્યા કરતી હતી, મૃત્યુ બાદ તે મુબારક રૂહો એ જ કુર્બ તથા મર્તબાની સાથે

સલામત છે જેથી હજી પણ તેમના તસર્રુફાત (અધિકારો, પહોંચ શક્તિ) એવા જ હોય છે જેવી રીતે શરીર સાથે દુનિયવી સંબંધ વખતે હતા, બલ્કે એના કરતાંય વધારે હોય છે.'' *(કશ્ફુલ ગ઼તાઅ, ફસ્લ દહુમ, ઝિયારતે કુબૂર, પેજ : ૮૦)*

**(૫)** આ'લા હઝરત સૈયદના ઈમામ અહમદ رحمۃ اللہ علیہ ''કશ્ફુલ ગ઼તાઅ''થી નક઼લ કરે છે : ''કામિલીનની રૂહોમાં જીવનની હાલત તથા મૃત્યુની હાલતમાં કોઈ ફરક નથી, એ સિવાય કે મૃત્યુ બાદ કમાલોમાં તરક્કી (પ્રગતિ) થઈ જાય છે.'' *(ફતાવા રઝવિય્યહ્ જદીદ, ૯/૭૮૦)*

આ તે અગ્રગણય બુઝુર્ગો છે જેઓ દીનના સ્તંભ તથા તેના પાયાઓને મજબૂતી આપનારા છે અને એમના પર મુસ્લિમ ક઼ૌમ ગર્વ અનુભવે છે અને ઉપર વર્ણવેલ ચારેવ બુઝુર્ગ અને છેલ્લા વર્ણન થયેલ (આ'લા હઝરત) જેના હવાલાથી નક઼લ કરે છે તેમના સહિત સૌ બુઝુર્ગો વિરોધીઓની નજીક પણ માન્યવર પેશવા તથા સ્વીકૃત બુઝુર્ગ છે. આવા કુદસી સિફાત (ફરિશ્તા જેવી ખૂબીઓવાળા) મશાઈખ તથા સમયના ફાઝિલો કેટલા હક઼ીક઼ત દર્શાવતા અંદાઝમાં અવલિયાએ કિરામ رحمۃ اللہ علیہم اجمعین ની ક઼બ્રની (બરઝખી) જિંદગી વર્ણન કરે છે અને કેટલા હસીન અંદાઝમાં એમના પ્રતિ મૃત્યુ બાદ દરજાઓ તથા કમાલો અને તસર્રુફાતમાં તરક્કી તથા વધારાનો સ્વીકાર કરે છે.

*મર કે જીતે હૈં જો ઉન્કે દર પે જાતે હૈં ''હસન''*
*જી કે મરતે હૈં જો આતે હૈં મદીના છોળકર*

## અવલિયાની હયાત સંબંધી બનાવો

આમ તો આ વિષયે એટલા પ્રમાણમાં બનાવો કિતાબોમાં પ્રદર્શિત થયેલા છે કે એ સૌને આ ટૂંકા લેખમાં રજૂ કરવા મુશ્કેલ છે, ત્યાં સુધી કે ખૂદ વિરોધીઓની કિતાબોમાં પણ એવા બનાવો લખેલા છે ! અત્યારે આપણી ચર્ચાને અધિક દલીલબદ્ધ તથા સંપૂર્ણ કરવાના માટે ''રિસાલાએ કુશૈરિયહ''માંથી વિષયાનુરૂપ અમુક બનાવો નક઼લ કરીએ છીએ :–

**(૧)** હઝરત અબૂ સઈદ ખિરાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, હું મક્કા મોઅઝ્ઝમામાં હતો. બાબે બની શયબા પર એક યુવાન મૃત્યુ પામેલો જોયો. જ્યારે મેં એના પ્રતિ નજર કરી તો મને જોઈને સ્મિત કર્યું એટલે હસ્યો અને કહ્યું, હે અબૂ સઈદ ! શું તમે નથી જાણતા કે અલ્લાહના પ્યારા (વલી) ઝિંદા છે ભલે મૃત્યુ પામે ! તેઓ તો આમ જ એક ઘરથી બીજા ઘરમાં ચાલ્યા જાય છે. *(રિસાલા કુશૈરિયહ્, પેજ : ૧૪૦)*

**(૨)** સૈયદના અબૂ અલી દક્ક઼ાક઼ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મેં એક ફક઼ીરને ક઼બ્રમાં ઉતાર્યો. જ્યારે કફન ખોલ્યું અને એમનુ માથુ માટી પર રાખી દીધું કે અલ્લાહ એમની ગુર્બત (નિઃસહાયતા) પર રહમ કરે. તો ફક઼ીરે આંખો ખોલી નાખી અને મને કહ્યું, હે અબૂ અલી ! મને એની સમક્ષ ઝલીલ કરો છો જે મારા નાઝ ઉઠાવે છે ! મેં અર્ઝ કરી, મારા સરદાર ! શું મૌત પછી જિંદગી ?! ફર્માવ્યું, હું ઝિંદા છું અને દરેક ખુદાનો પ્યારો ઝિંદા છે. *(હવાલો : ઉપર મુજબ, પેજ : ૧૪૦)*

**(૩)** હઝરત ઈમામ અબૂ યાકૂબ સૂસી رحمۃ اللہ علیہ ફર્માવે છે : મેં એક મુરીદને નવડાવવા માટે તખ્તા પર સૂવડાયો. તેણે મારો અંગૂઠો પકડી લીધો. મેં કહ્યું, હે જાને પિદર ! હું જાણું છું કે તું મુર્દા નથી ! આ તો કેવળ મકાનનું બદલાવું છે, લે ! મારો હાથ છોડી આપ ! *(પેજ : ૧૭૦)*

**(૪)** એ જ ઈમામ ફર્માવે છે : મક્કા મોઅઝ્ઝમામાં એક મુરીદે મને કહ્યું કે પીરો મુર્શિદ ! હું કાલે ઝહોરના સમયે મરી જઈશ. હઝરત ! આ અશરફીઓ લો, અડધીથી મારું કફન અને અડધીથી દફન કરજો. જ્યારે બીજો દિવસ થયો અને ઝહોરનો સમય આવ્યો તો એ મુરીદે તવાફ કર્યો, પછી કા'બાથી હટીને સૂઈ ગયો તો રૂહ પરવાઝ કરી ચૂકી

હતી. મેં કબ્રમાં ઉતાર્યો તો આંખો ખોલી નાખી. મેં કહ્યું, મૃત્યુ પછી જીવન ?! કહ્યું, હા ! હું ઝિંદા છું અને અલ્લાહનો દરેક દોસ્ત (વલી) ઝિંદા છે. *(પેજ : ૧૭૧)*

ઉપરોક્ત પ્રસંગો જે કિતાબમાંથી લીધા છે એની સચ્ચાઈની સનદ એટલા પ્રમાણમાં ઉચ્ચ છે કે વિરોધીઓની નજીક પણ વિશ્વસનીય તથા મુસ્તનદ છે અને તમામે તમામ સર્વ એ વાતની સાબિતી પૂરી પાડે છે કે મૃત્યુ અલ્લાહ નેક બંદાઓના માટે બારગાહે કુદ્સ સુધી પહોંચવાનો એક ઝરીયો છે જેના થકી તેમને પોતાની હમેશાંની જિંદગી પ્રાપ્ત થઈ જાય છે, ભલે દુનિયાવાળા પોતાની આ ભૌતિક નજરો તથા માથાની આંખો વડે તેને ન જોઈ શકે.

આ ઉપરાંત અનેક બનાવો તારીખની સનદી કિતાબોમાં મૌજૂદ છે કે કેટલાક કારણોસર કબ્રમાંથી શરીર મુબારક અન્ય સ્થળે પણ લઈ જવામાં આવ્યાં તેમજ સંજોગોવસાત ખોદકામ કરતાં જીવંત માણસો જેમ વરસો પહેલાં દફન કરેલ શરીરો નીકળ્યાં હતાં. જે અલ્લાહના વલીઓની કબ્રની હયાતને સાબિત કરે છે. તેમજ વધુ દૂર જવાની જરૂરત નથી હાલમાં જ સીરીયાની ગવર્નમેન્ટની વિરુદ્ધ અમેરિકી સમર્થન પામેલા બળવાખોરોએ તા. ૨–૫–૨૦૧૩ના રોજ જુમેરાતે દમાસ્કસની નજીક ઉઝરા સ્થળે આવેલ સહાબીએ રસૂલ હઝરત હજર બિન અદી رضی اللہ عنہના મઝાર મુબારકને તોડી પાડીને જમીનમાંથી ખોદીને એમાંથી એ સહાબીએ રસૂલના શરીર મુબારકને લઈ ગયા. જેને પાછળથી મેળવી લેવામાં આવ્યું. ૧૪૦૦ વરસ પછી પણ આ સહાબીની લાશ મુબારક તદ્દન સહીસલામત હતી જેનામાં કોઈ ખરાબી પેદા થઈ ન હતી. આ તાજો બનાવ એ લોકોની આંખો ખોલવા માટે પૂરતો છે જેઓ નબી صلی اللہ علیہ وسلمને પણ મરીને માટી બની ગયા કહેતા હોય છે. જ્યારે અલ્લાહના નેક બંદાઓના શરીરો સેંકડો વરસો બાદ સલામત રહે છે તો નબીની હયાતની તો વાત જ શું પૂછવી ?

## ★ વેરાવળમાં સુન્ની ઈજતેમા ★

**વેરાવળ (સૌરાષ્ટ્ર)** : ખાતે તા. ૧૯–૪–૨૦૧૩ જુમ્આના રોજ ઈશા બાદ વેરાવળની વિવિધ સુન્ની કમિટીઓ હેઠળ "પયગામે રિસાલત કોન્ફ્રન્સ" નામથી સુન્ની ઈજતેમા હઝરત મૌલાના ગુલઝાર અહમદ નૂરી (જુનાગઢ)ની સદારતમાં, પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા–દયાદરા)ની હિમાયત હેઠળ, જનાબ હાફિઝો કારી જાવિદ રઝા સાહબની નિઝામત હેઠળ યોજાયો જેમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી સાહબે "સિરાતે મુસ્તકીમ" સંબંધે કુર્આન હદીષની રૂએ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. વિવિધ ઉલમાએ કિરામ તથા સાદાતે કિરામે હાજરી આપી હતી તથા બહોળી સંખ્યામાં સુન્ની અવામ હાજર રહી. તેમજ કોન્ફ્રન્સમાં હઝરત હાફિઝ શરજીલ સાહબ, હઝરત હાફિઝ જાવિદ રઝા ગડુ, જનાબ સુલ્તાન રઝા–વડોદરા....વગેરે શોઅરા–નઅતખ્વાંએ નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા. *–તંત્રી*

## ★ પેટલાદમાં જશ્ને ગરીબ નવાઝ ★

**પેટલાદ (જિ. આણંદ)** : મુકામે "અંજુમને બરકાતે રઝા" હેઠળતા. ૫–૬–૨૦૧૩ બુધવારે ઈશાની નમાઝ બાદ સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબનવાઝ رضی اللہ عنہની યાદમાં જશ્ન મનાવાયો જેમાં હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ ઈમાન અફરોઝ વલવલા અંગેઝ બયાન કરીને હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رضی اللہ عنہની ખૂબીઓ, કરામતો બયાન કરી મજમાના ઈમાનમાં તાજગી પેદા કરી આપી હતી. તંત્રી : બરકાતે ખ્વાજા પટેલ શબ્બીર અલી રઝવી (ખલીફા તાજુશ્શરીઅહ) તેમજ જનાબ હાફિઝ અબ્દુર્રહીમ સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) વગેરેએ હાજરી આપી હતી. બહોળી સંખ્યામાં પેટલાદના સુન્નીભાઈઓ હાજર રહીને ફયઝાને ખ્વાજાથી માલામાલ થયા હતા. *–તંત્રી*

અહલે સુન્નત એટલે મોટી જમાઅત વિશે સ્પષ્ટતા

સવાદે આ'ઝમ (મોટી જમાઅત) કોણ ?

રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

# અહલે સુન્નત એટલે મોટી જમાઅત વિશે સ્પષ્ટતા......

# સવાદે આ'ઝમ (મોટી જમાઅત) કોણ ?

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

*દુનિયવી એજ્યુકેશનમાં મુસ્લિમોએ આગળ આવવું જોઈએ. ઈંગ્લિશ, અરબી ભાષા શીખવી જોઈએ, એનો ઈન્કાર નથી, પણ દીન તથા અક઼ીદાને અભરાઈ પર ચઢાવીને નહીં ! જો દીન તથા અક઼ીદાને ગણકારવાનો જ ન હોય તો મુસલમાન જ ક્યાં બાકી રહેવાનો છે ?! પછી જે દુનિયવી પ્રગતિ થશે તે કઈ ક઼ૌમની થવાની છે ? માટે આજકાલ કેટલાક રાજકરણીઓ તથા બની બઠેલા સામાજિક લીડરો જે કહે છે કે ફિર્ક઼ાબંદી, વાડાબંધી દૂર કરો અને સૌ ફિર્ક઼ાવાળા (શીઆ, વહાબી, દેવબંદી વગેરે) એક થઈ જઈને એજ્યુકેશનમાં ક઼ૌમને આગળ વધારો ! તો એમની વાત દુનિયવી ભ્રામક ક્ષણિક જન્નત દેખાડીને હમેશાંની જન્નતથી દૂર કરનારી છે. "અહલે સુન્નત" એટલે "સવાદે આ'ઝમ" પર મજબૂતીથી રહીને દુનિયવી શિક્ષણ મેળવવામાં આવે પણ એના ભોગે નહીં, કેમ કે* ***જે "સવાદે આ'ઝમ"થી હટયો તે જહન્નમી છે.*** *અને સવાદે આ'ઝમ કોણ છે ? તેનું શું મહત્વ છે ? તેને સમજવા આ લેખ વાંચશો અને સહાબીઓમાં કોઈ વહાબી કે શીઆ જેવા અક઼ીદાવાળા કદાપિ હતા જ નહીં જેથી એઓ સહાબાના માર્ગથી એટલે કે સવાદે આ'ઝમ અહલે સુન્નતથી બહાર છે એ યાદ રાખશો. –તંત્રી*

ઈસ્લામના તોત્તેર ફિર્ક઼ાઓમાં એ જ જમાઅત સિરાતે મુસ્તક઼ીમ પર છે જે સવાદે આ'ઝમ છે એટલે કે મુસલમાનોની (કલ્મો પઢનારાઓની)ની સૌથી મોટી જમાઅત અને ફિક઼ર્એ નાઝિયા (નજાત પામનાર જમાઅત)ની અમુક ખાસ નિશાનીઓ પૈકી એક નિશાની તેનું સવાદે આ'ઝમ (મોટી જમાઅત) હોવું પણ છે. હદીષ શરીફમાં વર્ણન થયેલ શબ્દ "સવાદે આ'ઝમ"ની સમજૂતીમાં બુઝુર્ગોના વિવિધ કથનો છે જેમાંથી અમુક અહીંયા રજૂ કરવામાં આવે છે.

ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા, હઝરત મુલ્લા અલી ક઼ારી, સદરુશ્શરીઅહ અલ્લામા અમજદ અલી આ'ઝમી તથા અન્ય ઉલમા رضوان الله تعالیٰ علیہم اجمعین ના કથનોથી તો એ જ સ્પષ્ટ થાય છે કે "સવાદે આ'ઝમ"નો અર્થ સંખ્યાના આધારે મોટી જમાઅત છે. હાફિઝે મિલ્લત અલ્લામા શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી (બાની : અલ્ જામિઅતુલ અશ્રફિયા, મુબારકપુર) (رحمۃ اللہ علیہ)એ "સવાદે આ'ઝમ"ની સમજૂતીમાં ફર્માવ્યું, "સવાદે આ'ઝમ"મુસલમાનોની સૌથી મોટી જમાઅત છે."

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે : હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم ફર્માવે છે :– **اتبعوا السواد الاعظم فمن شذ شذ فی النار-** "મોટી જમાઅતની પેરવી કરો (એટલા માટે) કે જે એકલો રહ્યો એકલો દોઝખમાં ગયો." *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧૨, પેજ : ૭૨, રઝા એકેડમી, મુંબઈ)*

શૈખ અબ્દુલ હક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ઉપરોક્ત હદીષમાં વર્ણન થયેલ શબ્દ "શઝઝ" (**شذ**)ની સમજૂતીમાં ફર્માવે છે :–

**الشذوذ، الانفراد والتفرد عن الجمھور** અર્થાત "શુઝૂઝનો અર્થ છે જમ્હૂર ઉમ્મત (બહુમતિ ઉમ્મતના અક઼ીદાઓ)થી અલગ થવું." *(લમ્આતુત્તન્ક઼ીહ શર્હે મિશ્કાતુલ મસાબીહ, ૪૫૬)*

હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, ''એહલે હક્કના પર્દામાં ઈમાનના દાવેદાર બની ઘણા ફિર્કા જે હકીકતમાં મો'મિન નથી, પેદા થવાના હતા. મુખ્બિરે સાદિક ﷺએ એમની ખબર આપી જેથી અહલે હક્ક એમનાથી બાખબર રહે, તેમની જાળમાં ન આવે. (નબી ﷺએ) ફર્માવ્યું :–

**وتفترق امتی علٰی ثلث وسبعین ملة کلهم فی النار الا ملة واحدة، قالوا من هی یارسول الله ﷺ۔ قال ما انا علیه واصحابی۔ رواه الترمذی۔ وفی روایة احمد وابی داؤد۔ عن معاویة، ثنتان وسبعون فی النار۔ واحدة فی الجنة وهی الجماعة۔**

''મારી ઉમ્મતે ઈજાબત જે મને નબી માને અને કિબ્લા તરફ મોઢું કરીને નમાઝ પઢે તેના તોત્તેર ફિર્કા થઈ જશે. **સૌ દોઝખી છે માત્ર એક ફિર્કો જન્નતી થશે.**

**کما قال الشیخ فی اشعة اللمعات فی تفسیر هذا الحدیث۔ وتفترق امتی علٰی ثلث وسبعین ملة۔**

''જેમ કે શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી અશિઅતુલ્ લમ્આતમાં આ હદીષ ''મારી ઉમ્મત તોત્તેર ફિર્કાઓમાં વિભાજિત થઈ જશે''ની સમજૂતીમાં ફર્માવ છે : (ભાવાર્થ) : મારી ઉમ્મત જે ઈમાન લાવી છે અને કિબ્લા તરફ મોઢું કરીને નમાઝ પઢે છે મૂળ અકીદાઓમાં ૭૩ મઝહબોમાં વિભાજિત થઈ જશે.

''તે સૌ બદ્ અકીદા હોવાના કારણે જહન્નમના પાત્ર થશે.'' એટલે કે હુઝૂર ﷺની ઉમ્મત ઈમાન અને અકીદાના આધારે ૭૩ ફિર્કાઓમાં વિભાજિત થઈ જશે અને તે સૌ પોતે પોતાને ઈમાનવાળા બતાવશે અને કિબ્લા તરફ નમાઝ પણ પઢશે, જો કે સૌ પોતાની બદ્ એઅ્તેકાદી (બદ્અકીદગી)ના કારણે જહન્નમની આગના મુસ્તહિક હશે સિવાય એક ફિર્કએ નાજીયા (નજાત પામનાર)ના. સહાબાએ કિરામ رضوان الله تعالٰی علیهم اجمعینએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ નજાત પામનારી જમાઅત કઈ છે ? ફર્માવ્યું, જેના પર હું અને મારા સહાબા છે.

(ઈમામ) અહમદ તથા અબૂ દાઊદની રિવાયતમાં ફર્માવ્યું, ''તે જન્નતી ગિરોહ મોટી જમાઅત છે.'' હદીષનો તાત્પર્ય એ થયો કે ઈસ્લામના દાવેદારોના ૭૩ ફિર્કા થઈ જશે. બોત્તેર ફિર્કા જહન્નમી અને એક જન્નતી. તે જન્નતી ફિર્કો મારા અને મારા સહાબાના તરીકા પર કાયમ રહેવાવાળો છે અને તે મોટી જમાઅત છે.

બીજી હદીષમાં ઈર્શાદ ફર્માવ્યું :–

**اتبعوا السواد الا عظم فانه من شذشذفی النار**

(અર્થાત) ''મોટી જમાઅતનું અનુસરણ કરો કારણ કે જે મોટી જમાઅતથી અલગ થયો તે દોઝખમાં નાખવામાં આવશે. સહાબા અને તાબઈનના યુગથી લઈને આજ સુધી આ સર્વ ફિર્કા જાહેર થયા છતાં પરંતુ દરેક જમાનામાં મોટી જમાઅત તે જ રહી જેના પર સહાબા, તાબઈન તથા તબ્એ તાબઈન, અઈમ્મએ મુજતહિદીન, ઉલમાએ મોઅતમદીન (ભરોસાપાત્ર ઉલ્મા), અવલિયાએ કામેલિન કાયમ રહ્યા. તે જ મઝહબ અહલે સુન્નત વ જમાઅતનો છે. **આજે પણ અલ્લાહના ફઝ્લ અને તેના હબીબ ﷺના કરમથી એહલે સુન્નત જ એ મોટી જમાઅત છે કે સમગ્ર દુનિયાના ઈસ્લામના દાવેદારોના સર્વ ફિર્કા જમા કરી લેવામાં આવે તો પણ તેની સંખ્યાને ન પહોંચી શકે.** તો પછી એક એક કરીને તો તેની તુલના કઈ રીતે કરી શકે ?! માટે બંનેવ હદીષોથી સ્પષ્ટ પરિણામ એ જ નીકળ્યું કે **નજાત પામનાર ફિર્કો ''સવાદે આ'ઝમ'' કેવળ એહલે સુન્નત વ જમાઅત છે, બાકી સર્વ ફિર્કા જેમ કે દેવબંદી, ગૈર મુકલ્લિદ, કાદયાની, નેચરી વગેરે સર્વે સર્વ દોઝખી.''** *(જન્નતી ફિર્કા, ૧૬, ૧૭, અલ્મજ્મઉલ મિસ્બાહી, મુબારકપુર)*

હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہએ મઆરિફુલ હદીષમાં પણ ફર્માવ્યું કે સવાદે આ'ઝમ સૌથી મોટી જમાઅત છે.

ઈમામે એહલે સુન્નત આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, જે રીતે ફિક્હમાં ચાર ઉસૂલ છે : કિતાબ (કુર્આન), સુન્નત (હદીષ), ઈજમાઅ, ક્યાસ. એ જ પ્રમાણે અક઼ાઈદમાં ચાર ઉસૂલ છે : કિતાબ, સુન્નત, સવાદે આ'ઝમ, અક્લે સહીહ. તો જે એમનામાંથી કોઈ એક દ્વારા અક઼ીદાનો કોઈ મસ્અલો જાણે છે તે દલીલથી જાણે છે ન કે વિના દલીલ કેવળ તક઼લીદના લીધે. એહલે સુન્નત જ સવાદે આ'ઝમ છે, તો તેમનો હવાલો દલીલનો હવાલો છે ન કે તક઼લીદ. આ જ રીતે ઈમામોના કથનોને દલીલ બનાવવા એ જ અર્થ પર છે કે આ અહલે સુન્નતનો મઝહબ છે. માટે એક બે, દસ, વીસ મોટા આલિમો જ ભલે જો બહુમતિ એટલે જમ્હૂર તથા સવાદે આ'ઝમના વિરુદ્ધ લખશે તે સમયે ન એમના કથનો પર ભરોસો જાઈઝ ન તેને દલીલ બનાવવું જાઈઝ. કારણ કે હવે આ (રીતે કરવું) તક઼લીદ થશે અને તે અક઼ાઈદમાં જાઈઝ નથી. આ દલીલ એટલે સવાદે આ'ઝમની તરફ માર્ગદર્શન અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની આગળ રહમત છે. દરેક વ્યક્તિ ક્યાં એ લાયક હતો કે કિતાબ તથા સુન્નતથી અક઼ીદાને સાબિત કરે. અક્લ તો પોતે જ સમઈય્યાત (સાંભળેલી વાતો) માં કાફી નથી. મજબૂરન સામાન્ય લોકોને અક઼ાઈદમાં તક઼લીદ કરવી પડતી. એટલા માટે આ સ્પષ્ટ રોશન દલીલ અતા ફર્માવી કે સવાદે આ'ઝમ મુસલમાનો (મુસલમાનોની મોટી જમાઅત) જે અક઼ીદા પર હોય એ હક્ક઼ છે. તેની ઓળખ કાંઈ મુશ્કેલ નથી. સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَના સમયમાં તો કોઈ બદ્‌મઝહબ હતો જ નહીં. અને બાદમાં ભલે પેદા થયા પરંતુ દુનિયાભરના સર્વ બદ્‌મઝહબો મળીને પણ કદી એહલે સુન્નતની ગણત્રીને નથી પહોંચી શક્તા. લિલ્લાહિલ હમ્દ ફિક્હમાં જે રીતે ઈજમાઅ પ્રબળ (મજબૂત) દલીલ છે કે ઈજમાઅના વિરુદ્ધ તો મુજતહિદને પણ ઈખ્તેયાર નથી, ભલે તે પોતાના ખ્યાલમાં કિતાબો સુન્નતથી તેના વિરુદ્ધ પામતો હોય. (તો) યક઼ીન સાથે સમજવામાં આવશે કે ક્યાં તો તે સમજવામાં ભૂલ છે અથવા એ હુકમ મન્સૂખ થઈ ચૂક્યો છે ભલે મુજતહિદને તેના નાસિખનો ઈલ્મ ન હોય. આમ જ ઈજમાએ ઉમ્મત તો એક મહાન વસ્તુ છે. સવાદે આ'ઝમ એટલે એહલે સુન્નતની કોઈ અક઼ાઈદના મસ્અલા પર સર્વસમંતિ અહીંયાં પ્રબળ દલીલ છે, કિતાબો સુન્નતથી તેના વિરુદ્ધ સમજમાં આવે તો સમજની ભૂલ છે. હક્ક઼ સવાદે આ'ઝમની સાથે છે. અને એક અર્થમાં અહીંયાં દલીલોમાં પ્રબળ દલીલ અક્ક઼લ છે કે અન્ય દલીલોનું દલીલ હોવું પણ તેનાથી જ જાહેર થયું છે. પરંતુ અસંભવ છે કે સવાદે આ'ઝમની સર્વસમંતિ કોઈ અક઼લી સહીહ દલીલ વિરુદ્ધ હોય."

*(ફતાવા રઝવિય્યહ્‌, ભાગ : ૧૧, પેજ : ૫૬, ૫૭)*

હઝરત મુલ્લા અલી ક઼ારી હનફી رحمۃ اللہ علیہએ ઉપરોક્ત હદીષની સમજૂતીમાં ફર્માવ્યું :–

"અધિક્તાવાળી જમાઅત (મોટી જમાઅત)નું વર્ણન સવાદે આ'ઝમ વડે થાય છે. અને વર્ણન થયેલ હદીષમાં મુરાદ એ છે કે જે અક઼ીદા પર અધિક્તમ મુસલમાનો હોય એ જ અક઼ીદાને અપનાવો."

મિશ્કાતના હાશિયામાં છે :–

**قوله "اتبعوا السواد الاعظم" يعبر به عن الجماعة الكثيرة۔ والمراد ما عليه اكثر المسلمين۔**

ઉપરોક્ત બંનેવ ઈબારતો (લખાણો)નો પણ એ જ મતલબ છે કે અક઼ીદાઓમાં મુસલમાનોની મોટી જમાઅતની પૈરવી કરો.

સદરુશ્શરીઅહ્‌ અલ્લામા અમજદ અલી આ'ઝમી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, હદીષમાં છે :

**ستفترق امتی ثلثًا وسبعین فرقة كلهم فی النار الا واحدة۔**

(ભાવાર્થ) : આ ઉમ્મત તોત્તેર ફિર્ક઼ાંમાં વિભાજિત થઈ જશે, એક ફિર્ક઼ો જન્નતી થશે બાકી સૌ જહન્નમી. સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَએ અર્ઝ કરી, **من هم يا رسول الله** ﷺ؟ "એ નજાત પામનાર ફિર્ક઼ો કયો છે ? યા રસૂલલ્લાહ ! ﷺ **ما انا عليه واصحابی** "તે જેના પર હું અને મારા

સહાબા છે, એટલે કે સુન્નતને અનુસરનારા.''

બીજી રિવાયતમાં છે, ફર્માવ્યું, هم الجماعة ''તેઓ જમાઅત છે, જે એનાથી અલગ થયો જહન્નમમાં અલગ થયો. એટલા જ માટે એ નજાત પામનાર ફિર્કાનું નામ એહલે સુન્નત વ જમાઅત થયું.'' *(બહારે શરીઅત, ભાગ :૧, પેજ ૯૭, ૯૮, મકતબુલ મદીના)*

ત્રીજી સદીથી એહલે સુન્નત વ જમાઅતના ચાર વિભાગો છે : હનફી, માલિકી, શાફઈ, હંબલી. જ્યારે આ ચારેવને જમા કરી દેવામાં આવે તો એહલે સુન્નત વ જમાઅત દરેક જમાનામાં સૌથી મોટી જમાઅત ઠરે છે. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ જ અકીદાઓ પર હતા જે એહલે સુન્નત વ જમાઅતના અકીદાઓ છે. અને સમગ્ર દુનિયાના હનફીઓ, શાફઈઓ, માલિકી તથા હંબલી એહલે સુન્નતના એ જ અકીદાઓ પર કાયમ છે. આ રીતે સમસ્ત જગતના એહલે સુન્નતના મુસલમાનો ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہના અકીદા પર છે, ભલે એ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને જાણતા હોય કે ન જાણતા હોય.

અરબમાં ઘણા બધા સુન્ની મુસલમાનો હિંદુસ્તાન તથા પાકિસ્તાનના સુન્નીઓને બિદઅતી અને દેવબંદીઓને સુન્ની સમજે છે. આનુ કારણ એ છે કે આપણે અરબમાં પોતાની ઓળખાણ ન કરાવી શક્યા જે રીતે ઓળખાણ થવી જોઈતી હતી અને બદ્‌મઝહબોએ આપણા પર જાતજાતના આક્ષેપો મૂક્યા. ન અરબ જગત સુધી આપણી એવી પહોંચ થઈ શકી ન એ આક્ષેપોને આપણે દૂર કરી શક્યા. તદ્‌ઉપરાંત પાછલા કેટલાય વરસો પરસ્પર ઝઘડાઓની ભેટ ચડી ગયા જેના કારણે આપણી શક્તિ વેડફાઈ ગઈ અને હજી પણ સ્થિતિ ગંભીર છે.

**સલ્ફીઓ (ગૈર મુકલ્લિદો)ની ખુશફહેમી :** અરબના વહાબીઓ હવે પોતાનોનું સ્વરૂપ બદલીને પોતાને સલ્ફી કહેવા લાગ્યા છે અને પોતાના સિવાય સમગ્ર દુનિયાના મુસલમાનને બિદઅતી યા મુશ્રિક સમજે છે. અહલે સુન્નતની તુલનામાં એમની સંખ્યા ઘણી જ ઓછી છે માટે તેમણે પોતાની પુરાણી આદત પ્રમાણે હદીષે નબ્વી (اتبعوا السوادا لا عظم فانه من شذشذ فی النار۔)માં ફેરબદલ કરવા માટે નુઐમ બિન હમ્માદના કથનને પોતાની દલીલ બનાવી. જ્યારે કે નુઐમ બિન હમ્માદનું કથન ધારવાના આધારે હતું.જ્યારે કે તેનો કૌલ علٰی سبیل الفرض وعلٰی سبیل التقدیر و التمثیل હતો નુઐમ બિન હમ્માદનું કથન અને સમજૂતી જોતા ચાલીએ. વિવિધ કિતાબોમાં છે :–

**قال نعیم بن حماد۔ یعنی اذا فسدت الجماعة فعلیك بماکانت علیه الجماعة قبل ان تفسد۔ وان کنت وحدك۔ فانك انت الجماعة حینئذ۔**

''નુઐમ બિન હમ્માદે કહ્યું કે જ્યારે જમાઅતમાં ફસાદ પેદા થઈ જાય તો તમે એ જ તરીકા પર રહો જેના પર જમાઅતવાળાઓ ફસાદ (અકીદામાં ખરાબી પેદા) થયા પહેલા હતા, ભલે તમે એકલા રહો એટલા માટે કે તમે જ એ સમયે જમાઅત છો.''

ખતીબ બગદાદીએ અલ્ફકીહ વલ્ મુતફકિહ, ભાગ–૩, પેજ–૨૯૯માં અને અબુલ કાસિમ લાલકાઈ શાફઈએ એઅ્તેકાદો અહલિસ્સુન્નહ (ભાગ : ૧, પેજ : ૧૦૯)માં નુઐમ બિન હમ્માદના કથન જેમ હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہનું કથન પણ નકલ કરેલ છે :–

**عن عبد اللّٰه بن مسعود رضی اللّٰه عنه۔ انما الجماعة ماوافق الحق وان کنت وحدك۔**

(ભાવાર્થ) : ''હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે જમાઅત એ જ છે જે હક્કનું અનુસરણ કરે ભલે તું એકલો હોય.'' અને ખતીબ બગદાદીએ હઝરત ઈબ્રાહીમ નખઈ رضی اللہ عنہનું કથન નકલ કર્યુ : **الجماعة هو الحق وان کنت وحدك** ''જમાઅત જ હક્ક છે, ભલે તું એકલો હોય.'' *(અલ્ ફકીહ વલ મુતફકિહ, ભાગ : ૩, પેજ : ૩૦૦)*

આ સર્વ કથનો શક્યતાના આધારે છે. અર્થાત ધારો કે કોઈ જમાનામાં એક જ સુન્ની હોય તો તે પોતાને એહલે હક્ક (હક્ક પર) જાણે, એ પોતાને

એક જમાઅત સમજે. પરંતુ આવી સ્થિતિ ન કદી થઈ ન કદી થશે. (ઈન્શાઅલ્લાહ !) આ હદીષોને ધ્યાનથી વાંચો :–

**عن ثوبان قال قال رسول الله صل الله تعالٰی علیه وسلم لاتزال طائفة من امتی ظاهر ین علی الحق لا یضرهم من خذلهم حتّٰی امر الله۔**

*(મુસ્લિમ, બુખારી, તિર્મિઝી)*

**عن محمدبن کعب قال قال رسول الله صلی الله تعالٰی علیه وسلم لاتبرح عصابة من امتی ظاهرین علی الحق لا یبالون من خالفهم حتّٰی یخرج المسیح الدجال فیقاتلونه۔**

*(સુનને સઈદ ઈબ્ને મન્સૂર, ૨/૧૭૫)*

"આ બંનેવ હદીષોનો ભાવાર્થ એ છે કે ઉમ્મતે મુસ્લિમાનો એક તબકો કયામત સુધી મઝહબે હક્ક પર કાયમ રહેશે. તેમના વિરોધીઓ તેમને કોઈ નુકસાન નહીં પહોંચાડી શકે ત્યાં સુધી કે દજ્જાલ જાહેર થશે અને તે લોકો દજ્જાલ સાથે જંગ કરશે. બંનેવ હદીષોમાં "તાઈફતુન" અને "ઈસાબુન"ના શબ્દો આવ્યા છે. જેમનો ઉપયોગ એક વ્યક્તિ માટે નથી થતો. જેનાથી સ્પષ્ટ થાય છે કે હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ, હઝરત ઈબ્રાહીમ નખઈ رضی اللہ عنہما વગેરેના કથનો ધારવાના આધારે હોય છે. જ્યારે હઝરત ઈસા علیہ السلامનું નુઝૂલ થશે તે સમયે સર્વ ઈન્સાનો મો'મિન અને અહલે સુન્નત વ જમાઅતના મઝહબ પર હશે. હઝરત સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہએ હઝરત ઈસા علیہ السلامના નુઝૂલ પછીની સ્થિતિ વર્ણન કરતાં ફર્માવ્યું, "સમગ્ર જગતમાં દીન એક દીને ઈસ્લામ હશે અને મઝહબ એક મઝહબે એહલે સુન્નત હશે." *(બહારે શરીઅત, ભાગ : ૧, પેજ : ૬૦, મકતબુલ મદીના)*

નબવી યુગના થોડાક ભાગમાં અમુક મુનાફિકો હતા. મુનાફિકોના ખાત્મા પછી સહાબાએ કિરામના જમાનામાં જે રીતે સર્વ મુસલમાનો મઝહબે હક્ક પર કાયમ હતા એ જ રીતે હઝરત ઈસા علیہ السلامના આગમન પછી **સર્વ મુસલમાનો મઝહબે એહલે સુન્નત વ જમાઅત પર હશે.** અને એ જ પ્રમાણે દરેક જમાનામાં અહલે સુન્નત વ જમાઅત મૌજૂદ રહેશે. હદીષ શરીફમાં "લા તઝાલુ"નો શબ્દ બતાવી રહ્યો છે કે એહલે હક્ક નબવી યુગથી કયામત સુધી રહેશે અને કોઈ જમાનો એમનાથી ખાલી નહીં હોય. અને જેટલી જમાઅતો નબવી યુગ પછી પૈદા થઈ તે સૌ નબવી યુગથી (કપાયેલ અલગ) છે જેથી તેમના હક્ક હોવાનો કોઈ સવાલ પૈદા નથી થતો. અને હદીષ પાકે **اتبعوا السوادلا عظم فانه من شذشذفی النار۔** "મોટી જમાઅત સાથે રહો કારણ કે જે એનાથી અલગ થયો જહન્નમમાં નાખવામાં આવશે."થી જાહેર થાય છે કે એહલે હક્ક દરેક યુગમાં બીજા ફિર્કાઓની તુલનામાં અધિક સંખ્યામાં હશે.

યાદ રાખશો કે હાલ ઈસ્લામના નામે જેટલાય ફિર્કા છે તેમનામાંથી અધિક્તમ નવી ઉપજ છે જે અમુક વરસો પહેલાં જાહેર થયા. માત્ર બે ફિર્કા લાંબા સમયથી ચાલતા આવ્યા છે : એક એહલે સુન્નત વ જમાઅત અને બીજો શીઆ ફિર્કો છે. પરંતુ શીઆ ફિર્કો હક્ક પર નથી હોઈ શક્તો, કારણ કે આ ફિર્કો પણ નબવી યુગથી અલગ છે. એટલા માટે કે એ તો હઝરત અલી رضی اللہ عنہના જમાનામાં પેદા થયો. હવે બાકી રહ્યો એક ફિર્કો એહલે સુન્નત વ જમાઅત અને આ જ ફિર્કો નબવી યુગથી આજ સુધી ક્રમશઃ ચાલતો આવ્યો છે. અલ્લામા સઅદુદીન તફતાઝાની رحمۃ اللہ علیہએ શર્હે અકાઈદે નસફીમાં ફર્માવ્યું કે હઝરત હસન બસરી رحمۃ اللہ علیہનો શાર્ગિદ વાસિલ બિન અતા મોઅતઝલી મઝહબ અપનાવી હઝરત હસન બસરી رحمۃ اللہ علیہથી અલગ થઈ ગયો. જેથી વાસિલના માનવાવાળાઓને મોઅતઝેલા કહેવામાં આવ્યા અને એ જ જમાનાથી એહલે હક્કને એહલે સુન્નત વ જમાઅત કહેવામાં આવ્યા. એટલે તાબઈનના જમાનાથી જ નજાત પામનાર ફિર્કાને એહલે સુન્નતના નામથી યાદ કરવામાં આવે છે. *(અશરફિયહ્ મંથલી, મે–૨૦૧૩, અઝ : તારિક અન્વાર મિસ્બાહી–કેરાલા)*

**નોંધ** : વહાબી, દેવબંદી તથા સુન્ની વચ્ચે ફરક જાણવા દયાદરાથી ફ્રીમાં કિતાબ મંગાવો : **"હક્ક તથા નાહક્કની પહેચાન"**

# ખિલાફત તથા સજ્જાદગી વાસ્તવિક્તાની રોશનીમાં

રજૂકર્તા : **અલ્તાફહુસૈન મિસ્બાહી-કુરચણ** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*

*__ગંભીરતાથી વિચારો !__ આજકાલ પીરી મુરીદી એક અજબનો તમાશો બનતી જઈ રહી છે. હાલની પીરી મુરીદી વિશે એ કહું તો ખોટું નથી જણાતુ કે પોલિટિક્સમાં જેમ પક્ષો વચ્ચે પક્ષાપક્ષી હોય છે અને રોજ એકબીજા વિરુદ્ધ નવા નવા નિવેદનોમાં તથા તકરીરોમાં તમાશા થાય છે તેમ વિવિધ પીરોનાં વિવિધ ગૃપો બની ચૂક્યાં અને "સુન્ની એકતા" કરવાને બદલે આમને સામને આથડી રહ્યાં છે અને સુન્નીને સુન્નીથી દૂર કરી રહ્યાં છે, તો એ અસલ હેતુ અલ્લાહ સુધી કઈ રીતે પહોંચાડશે ? સુન્નિયતને શું નુકસાન થઈ રહ્યું છે અને બાતિલ ફિર્કાઓ એનો શો લાભ ઉઠાવી રહ્યા છે એની ઉપરથી નીચે દરેક ગ્રેડની કોઈ વ્યક્તિને જાણે પરવા જ નથી ! (ઈલ્લા માશા અલ્લાહ !) વળી લાયકાત હોય કે ન હોય પીરનો બેટો પીર ! સજ્જાદાનો બેટો સજ્જાદા બનવાનો ક્રમ ચાલુ જ છે જેના લીધે __એવા એવા જાહિલ પીરો પેદા થઈ ગયા છે કે જેમને હરામ હલાલ તો ઠીક પણ શિર્ક તથા કુફ્રનું પણ ભાન નથી ! અને ઈસ્લામી કલમા 'લાઈલાહ ઈલ્લલ્લાહ"..... (અલ્લાહ સિવાય કોઈ પૂજાને લાયક નથી)નું પણ ભાન નથી રહ્યું, અને કલમા વિરુદ્ધ જઈને અલ્લાહ સિવાય અન્ય ચીજો, પ્રાણીઓ તથા ગૈરોની મૂર્તિઓની બાક઼ાયદા પૂજા કરી રહ્યા છે !__ અસ્તગફિરુલ્લાહ ! __અને છતાં કહેવાતા સુન્ની મુરીદો તેને પીર સમજી રહ્યા છે કે જે ઈસ્લામમાંથી પણ કુર્આન હદીષની રૂએ નીકળી ચૂકેલ છે !__ (અસ્તગફિરુલ્લાહ !) અલ્લાહ નાદાન સુન્ની ભાઈઓને સાચી સમજ અતા કરે અને તૌબાની તૌફીક઼ આપે. (આમીન)*

*સાચા અવલિયા જે થઈ ગયા તેમણે જાહિલ કે દાઢીમુંડા કે શરીઅતથી બેપરવાને ખલીફા કે સજ્જાદા નથી બનાવ્યા બલ્કે તેમણે ખલીફા કોને બનાવ્યા અને સજ્જાદા કોને બનાવ્યા તેને સમજવા આ લેખ રજૂ કર્યો છે જેના પરથી સમજો કે __જો લાયક નથી તો પીરનો બેટો પણ ખલીફા કે સજ્જાદા નથી બની શક્તો,__ બલ્કે __અન્ય લાયક વ્યક્તિ જ સજ્જાદાનશીન થશે, એ આપણા સાચા સૂફીઓનો મઝહબ છે.__ વળી એ વલીઓના ફરઝંદો તો બાકમાલ જ હતા છતાં તેમણે અન્યોને અધિક કમાલવાળા પામ્યા અથવા કોઈ હિકમત જોઈ તો તેમને સજ્જાદા બનાવ્યા ! વાંચો ! મનન કરો અને ગુમરાહીમાંથી બહાર આવો અને પીરની ચિંતા પછી કરો ! પ્રથમ તમારા ઈમાનની તથા સુન્નિયતની ફિકર કરો ! -તંત્રી*

તસવ્વુફની શરૂઆત ક્યારથી થઈ ? આ એક અગત્યનો મસ્અલો છે. તહક઼ીક઼ી દૃષ્ટિથી એ સ્પષ્ટ થાય છે કે સૌ પ્રથમ તાજદારે અબુલ બશર હઝરત આદમ عليه السلام થી તસવ્વુફનો પ્રારંભ થયો. જેમ કે મખ્દૂમે બિહાર શૈખ શરફુદ્દીન અહમદ યહ્યા મુનીરીના એક "મક્તૂબ"થી આ તરફ સંકેત મળે છે. અને ત્યાર પછી આ સિલસિલો ક્રમશઃ આપણા નબી મુહમ્મદ મુસ્તફા ﷺ સુધી પહોંચી સંપૂર્ણ થયો. જેવી રીતે આમદે મુસ્તફા ﷺથી ઈસ્લામ ધર્મની સંપૂર્ણતા થઈ એવી જ રીતે તસવ્વુફ પણ કમાલની ચોટીએ (અંતિમ કક્ષાએ) પહોંચી સંપૂર્ણ થયું.

ખુદા સુધી પહોંચવા માટે અક઼ીદા, સારા અમલો તથા ઈબાદતોનું હોવું જેટલુ જરૂરી છે એ જ પ્રમાણે દિલની ખરાબી તથા મેલને દૂર કરવો પણ જરૂરી છે જેને આજે શૈક્ષણિક વિશ્વ તસવ્વુફનું નામ આપે છે. હવે તમે ખુલફાએ રાશિદીનના જીવનચરિત્રોનો

ધ્યાનથી અભ્યાસ કરો ! સૈયદુના સિદીકે અકબર رضی اللہ عنہ નબી કરીમ ﷺના પ્રથમ ખલીફા છે. એ જ પ્રમાણે બાકીના ત્રણેવ ખલીફા ક્રમશઃ થયા, પણ જ્યાં સુધી જાનશીનીની વાત છે તો એ નબી કરીમ ﷺએ સિદીકે અકબર رضی اللہ عنہને આપી. સરકાર પોતાની દુનિયવી જિંદગીના અંતિમ દિવસોમાં હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہને ઈર્શાદ ફર્માવે છે : "હે અબૂબક્ર ! (કાગળ) લાવો હું તમારા માટે લખી દઉં, મને અંદેશો છે કોઈ આરઝૂ કરવાવાળો આરઝૂ કરે અને કહે કે હું વધારે હક્કદાર છું ! જ્યારે કે અલ્લાહ તબારક વ તઆલા અને મો'મિન મુસલમાનો અબૂબક્ર સિવાય કોઈથી ખુશ નથી." અહીંયાં "ખુશ નથી"નો અર્થ સજ્જાદગી તથા જાનશીનીથી ખુશ નથી મુરાદ છે. કેમ કે સર્વ સહાબા અને ખાસ ખુલ્ફાએ રાશિદીનથી તો અલ્લાહ તબારક વ તઆલા ખુશ જ છે. જેમ કે આયતે કરીમા : رضی الله عنهم ورضوا عنه "અલ્લાહ એમનાથી ખુશ થયો અને એ લોકો અલ્લાહથી ખુશ થઈ ગયો." *(પારા : ૭, આયત નં. ૧૧૯)*થી પ્રકટ છે. પછી આ હદીષમાં કે, "અલ્લાહ તઆલા અને મો'મિનો અબૂબક્ર સિદીક સિવાય કોઈથી ખુશ નથી"નો શું અર્થ ? તો એનો અર્થ એ જ છે કે રસૂલુલ્લાહ ﷺની જાનશીની માટે આ સમયે અબૂબક્ર જ વધારે હક્કદાર છે અને એમના પર જ અલ્લાહની ખુશી છે. હદીષે પાકમાં છે : "અબૂબક્રને બોલાવો, હું એમના માટે લખી આપું, કેમ કે મને અંદેશો છે કે કોઈ આરઝૂ કરવાવાળો આરઝૂ કરે અને કહે કે હું સૌથી વધારે હક્કદાર છું. જ્યારે કે અલ્લાહ તઆલા અને મો'મિનો અબૂબક્ર સિવાય કોઈથી ખુશ નથી." *(મુસ્લિમ શરીફ, ભાગ : ૨, પેજ : ૨૭૩)*

## ★ ખિલાફત સર્વ સામાન્ય છે અને સજ્જાદગી ખાસ ★

ઈમાનના મજબૂત હોવાની સાથે પરહેઝગારી તથા તક્વાનું હોવું સૂફી સાહબોની દૃષ્ટિમાં જરૂરી રહ્યું છે. જ્યાં સુધી ચિલ્લા તથા વિર્દો વઝાઈફથી બાતિનને પાક ન કરી દેવામાં આવતું ત્યાં સુધી ખિલાફતના લાયક કોઈ વ્યક્તિને સમજવામાં ન આવતો હતો. બીજા તો બીજા હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہને પણ એમના પીરો મુર્શિદ હઝરત ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ બગદાદની મસ્જિદે જુનૈદમાં ચિલ્લાકશી કરાવતા હતા અને જ્યારે સંપૂર્ણ બાતિન પાક સાફ થઈ જાય છે ત્યારે કા'બા શરીફમાં હાથ પકડીને એમના પીરો મુર્શિદ કહે છે કે, "હે અલ્લાહ ! તેં મને મુઈનુદ્દીન સોંપ્યો હતો, હવે તું પોતાની બારગાહમાં કબૂલ કર ! ગૈબથી અવાજ આવે છે, મેં મુઈનુદ્દીનને કબૂલ કર્યો !" *(મિર્અતુલ અસ્રાર, પેજ : ૬૦૧)*

વળી આ કાનૂનને પણ યાદ રાખવો અતિ જરૂરી છે કે **દરેક તે વ્યક્તિ જે પરહેઝગાર હોવાની સાથે સાથે પોતાના બાતિનને પણ પવિત્ર તથા પાક રાખે છે તો એ પોતાના પીરની તરફથી ખિલાફતનો હક્કદાર છે, પણ સજ્જાદગી તથા જાનશીની દરેક ખલીફાને નથી મળી શક્તી !** એટલા માટે કે સજ્જાદગી તથા જાનશીની માટે અધિક લાયકાત તથા કાબેલિયત જરૂરી છે. કેમ કે સિલસિલાના બુઝુર્ગોની અમાનત જે સીના બ સીના તબદીલ થતી આવી છે એને તથા અમુક ખાસ બુઝુર્ગોના તબર્રુકાતને સજ્જાદાનશીનના હવાલે કરવામાં આવે છે, માટે અધિક્તર કાબેલિયત જરૂરી છે. અર્થાત કે દરેક સજ્જાદાનશીન ખલીફા તો જરૂર હશે પણ દરેક ખલીફા સજ્જાદા નથી બની શક્તો અને **સજ્જાદગીના માટે ઔલાદમાંથી હોવું પણ જરૂરી નથી.**

## ★ ખ્વાજા સાહબના સજ્જાદા કોણ બન્યા ? ★

સુલ્તાનુલ હિંદ હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ પોતાની જિંદગીની અંતિમ ઉમરમાં હતા ત્યારે હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ દિલ્હીથી અજમેર શરીફ પધાર્યા હતા અને પોતાના પીરો મુર્શિદથી કેવી નેઅમતો તથા બરકતોથી

માલામાલ થયા તે જુઓ, ધ્યાનથી વાંચો !! દલીલુલ આરિફીનમાં હઝરત કુત્બુદ્દીન બખ્તિાર કાકી رحمۃ اللہ علیہએ લખ્યું છે કે, "જુમેરાતના દિવસે જામેઅ મસ્જિદ અજમેરમાં હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની કદમબોસી નસીબ થઈ અને આ આપની અંતિમ મજલિસ હતી, બધા દુરવેશો, કુટુંબીજનો અને મુરીદો ખિદમતમાં હાજર હતા, મલિકુલ મૌત વિશે ચર્ચા થવા લાગી તો ખ્વાજા સાહબે ફર્માવ્યું, વિના મૃત્યુએ જિંદગીની કિંમત રાઈના દાણા સમાન પણ નથી. લોકોએ પૂછયું, કેવી રીતે ? ફર્માવ્યું, એટલા માટે કે મૌત એક પુલ છે જે દોસ્તને દોસ્તથી મેળાપ કરાવે છે. ત્યાર પછી ફર્માવ્યું કે દોસ્તી એ છે કે એને દિલથી યાદ કરે, નહીં કે માત્ર જબાનથી. અને દોસ્તી સિવાય બીજી કોઈ વસ્તુની ચર્ચા ન કરે. કલામે પાકમાં અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે, જ્યારે મારું ઝિક્ર વધારે થઈ જાય છે ત્યારે તું મારા સિવાય બીજા કોઈને યાદ નથી કરતો અને હું તારો આશિક઼ થઈ જાઊં છું. જ્યારે હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ આ ફાયદાઓ બયાન કર્યા તો રડયા અને ફર્માવ્યું, હે દરવેશ ! મને આ જગ્યાએ એટલા માટે લાવવામાં આવ્યો છે કે મારી કબ્રની જગા અહીંયાં છે અને અમુક દિવસો પછી હું આખરી સફર માટે રવાના થઈ જઈશ.

ત્યાર બાદ આપે (ખ્વાજા સાહબે) શૈખ અલી સંજરીને હુકમ આપ્યો કે ખિલાફતનામુ લખો કે, "મેં પોતાની ખિલાફત અને પોતાના ખ્વાજગાંનોની જાનશીની કુત્બુદ્દીન બખ્તિયાર કાકીના હવાલે કરી, દિલ્હી એનું સ્થળ હશે. જ્યારે ખિલાફતનામુ સંપૂર્ણ થયું તો મારા (બખ્તિયાર કાકી)ના હાથમાં આવ્યું તો મેં પોતાનુ માથુ નમ્રતાથી ઝુકાવી દીધું અને હુકમ કર્યો કે નજદીક આવી જાઓ ! મેં હુકમનું પાલન કર્યું. આપે ટોપી અને દસ્તાર મારા માથા પર રાખી અને ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہનો અસા મુબારક હાથમાં આપ્યો. ત્યાર પછી ખિર્કો પહેરાવ્યો અને કુર્આન શરીફ, મુસલ્લો અને નઅલૈન પણ અર્પણ કર્યા અને ફર્માવ્યું કે આ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની અમાનત છે, જે ખ્વાજગાં મારફતે મને પહોંચી છે. મેં આ અમાનત તમારા હવાલે કરી અને જેવી રીતે ખ્વાજગાંએ આનો હક્ક઼ અદા કર્યો તમે પણ હક્ક઼ અદા કરો જેથી ખ્વાજગાં સામે મને શર્મિંદગી ન થાય. જ્યારે મેં માથુ નમ્રતાથી ઝુકાવી દીધું તો ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ મારો હાથ પકડી આસ્માનની તરફ મોઢું કર્યું અને ફર્માવ્યું, જાવ ! મેં તમોને ખુદાના હવાલે કર્યા અને ઈજ્જતની મંઝિલ સુધી પહોંચાડી દીધા અને હકીકતના જંગલથી તમોને પસાર કરી દીધા.

એ સમયે આપે ફર્માવ્યું કે ચાર વસ્તુઓ ફકીરના માટે અમણોલ મોતી છે : (૧) દરવેશી પસંદ કરે પણ માલદાર જણાય. (૨) ભૂખ્યો રહે પણ ધરાયેલો જણાય. (૩) ગમનાક રહે પણ ખુશ જણાય (૪) દુશ્મન સાથે દોસ્ત જણાય. અર્થાત કે ભલે દુશ્મન દુશ્મની કરે પણ ફકીર એની સાથે ભલાઈ કરે.

જ્યારે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ આ ફાયદાઓ વર્ણન કર્યા તો મેં (બખ્તિયાર કાકીએ) વિચાર્યું કે રૂખસત થઈ જાઉં અને તરત જ મારી તરફ જોયું અને ફર્માવ્યું, આગળ આવો ! મેં હુકમનું પાલન કર્યું અને આપના કદમો ચૂમી લીધા. આપે સૂરએ ફાતિહા પઢી અને ફર્માવ્યું, જાવ ! જ્યાં રહો ત્યાં મર્દ બનીને રહો ! મેં સલામ પેશ કરી અને રૂખસત થઈ ગયો." *(મિર્અતુલ અસ્રાર, પેજ : ૬૦૮, ૬૦૯)*

ઉપર વર્ણન કરેલ ફકરાઓ ધ્યાનથી વાંચ્યા પછી અગણિત વાતો જાણવા મળે છે અને ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના કમાલોનો અંદાઝો પણ થાય છે. અને એ પણ સ્પષ્ટ થયું કે **ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની સગી ઔલાદમાં હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ નથી,** પણ સજ્જાદગીને સંભળાવવાની સંપૂર્ણ લાયકાત ધરાવે છે એટલા માટે ખ્વાજગાંને ચિશ્ત અને સરકારે દો આલમ صلی اللہ علیہ وسلمના તબર્રુકાત એમના હવાલે કરવામાં આવે છે અને **સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ પોતાની અને ખ્વાજગાંને ચિશ્તની સજ્જાદગી એમના હવાલે કરે છે અને સ્થળની પણ**

**સ્પષ્ટતા કરે છે** અને આ અમાનતો સારી રીતે હક્ક઼ સુધી પહોંચાડવા માટે દુઆ કરે છે. આથી આપે એ પણ સાબિત થયું કે સજ્જાદાનશીન અમાનતો અને ખાસ તબર્રુકાતના સિલસિલાનો અમીન હોય છે, જેનો મર્તબો બીજા ખલીફાઓ કરતાં ખરેખર વધારે હોય છે.

### ★ ફરીદ ગંજશકર رحمۃ اللہ علیہએ કોને સજ્જાદા બનાવ્યા ? ★

હવે વધુ વાંચતા ચાલીએ હઝરત ફરીદુદ્દીન ગંજશકર رحمۃ اللہ علیہ જેમના અગણિત ખલીફાઓ છે જે પોતાની જગ્યાએ સૂરજ સમાન છે પણ હઝરત ફરીદુદ્દીન ગંજશકરે દિલ્હીની વિલાયત અને પોતાની સજ્જાદગી માટે જેને પસંદ કર્યા તે આજ સુધી ઈતિહાસના હૃદયમાં સુરક્ષિત છે. ''તારીખે ફિરિશ્તા'' નામી કિતાબના લેખકે ''તઝકિરતુલ અત્કિયા'' નામની કિતાબના હવાલાથી ઉલ્લેખ કર્યો છે કે નિઝામી નામના ત્રણ વ્યક્તિઓ શૈખ ફરીદુદ્દીન ગંજશ શકર رحمۃ اللہ علیہની ખિદમતમાં રહેતા હતા. એક શૈખ નિઝામ, જે હઝરત ગંજે શક્કર رحمۃ اللہ علیہના પુત્ર છે. બીજા શૈખ નિઝામ જે હઝરત ગંજે શકર رحمۃ اللہ علیہના ભાણ્યા છે અને ત્રીજા શૈખ નિઝામુદ્દીન ઔલિયા. જ્યારે કે શૈખ ફરીદુદ્દીન ગંજે શકર رحمۃ اللہ علیہના પુત્ર અબ્દાલના મર્તબા પર બિરાજમાન હતા, એ છતાંય આપે એમને સજ્જાદાનશીન ન બનાવ્યા અને જ્યારે શૈખ ફરીદુદ્દીનનાં બહેને પોતાના પુત્ર માટે ઘણા પ્રયત્નો કર્યા કે સજ્જાદાનશીની મારા પુત્રને અર્પણ કરવામાં આવે, તો શૈખ ફરીદુદ્દીને દિલ ખુશ કરવા માટે મજબૂર થઈ ખિલાફત તથા સજ્જાદાનામુ લખ્યું અને પોતાની બહેનના પુત્ર એટલે કે (ભાણ્યા)થી કહ્યું કે મૌલાના જમાલુદ્દીનની બારગાહમાં જાવ અને ખિલાફતનામાની સુધારણા કરાવી લો. મૌલાના જમાલુદ્દીન હોંસવી رحمۃ اللہ علیہએ ખિલાફતનામાની સુધારણા ન કરી, તો શૈખ ફરીદુદ્દીનનો ભાણ્યો ક્રોધમાં આવી ગયો અને શૈખ ફરીદુદ્દીનથી શિકાયત કરવા લાગ્યો. બીજી વખતે બહેનની દરખાસ્ત મુજબ શૈખ ફરીદુદ્દીને ખિલાફતનામુ લખ્યું અને ભાણ્યાને એમની પાસે રવાના કર્યો, આ વખતે પણ મૌલાના જમાલુદ્દીન હોંસવીએ સુધારણા કરવાથી ઈન્કાર કર્યો અને એ ખિલાફતનામાના ટુકડે ટુકડા કરી દીધા, અને કહ્યું કે જમાલુદ્દીનના ટુકડા કરેલ ખિલાફતનામાને એકત્રિત ન કરવા જોઈએ અને ત્યાર પછી કેટલાક વર્ષો બાદ શૈખ ફરીદુદ્દીને ખિલાફત તથા સજ્જાદાનામુ નિઝામુદ્દીન ઔલિયા رحمۃ اللہ علیہને આપી મૌલાના જમાલુદ્દીન હોંસવી رحمۃ اللہ علیہની બારગાહમાં રવાના કર્યા. મૌલાના જમાલુદ્દીન ખિલાફતનામુ જોઈ ખુશ થયા અને ખિલાફતનામા પર આ શેર લખ્યો :–

તર્જુમો : લાખ લાખ શુક્ર છે કે મોતીને તમે મોતી ઓળખનારના હવાલે કર્યું.

ત્યાર પછી ખિલાફતનામા પર સહી કરી દિલ્હી રવાના કર્યા. *(તારીખે ફિરિશ્તા, પેજ–૩૯૧, મક઼ાલા–૧૨)*

### ★ નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہના સજ્જાદા કોણ ? ★

સુલ્તાનુલહિંદ ખ્વાજાગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ ખ્વાજગાને ચિશ્તના અમીન તથા સજ્જાદાનશીન હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہને બનાવ્યા અને એમના સજ્જાદાનશીન હઝરત ફરીદુદ્દીન ગંજેશકર رحمۃ اللہ علیہ થયા અને એમના જાનશીન હઝરત નિઝામુદ્દીન ઔલિયા મેહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ થયા જેમની સજ્જાદગી પર મહાન વલીએ કામિલ હઝરત મૌલાના જમાલુદ્દીન હોંસવી رحمۃ اللہ علیہએ તસદીક઼ (સમર્થન)ની મોહર લગાવી. હવે તમે જુઓ ! સૂફિયાએ કિરામ તથા મશાઈખોના જીવનચરિત્રોના અભ્યાસ કરનારાઓ પર એ વાત પણ સ્પષ્ટ છે કે ઔલિયાએ કિરામમાં ખાસ કરીને હઝરત મેહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہના ખલીફાઓની સંખ્યા એટલી વધારે છે કે બીજા ચિશ્તી ઔલિયાએ કિરામના ખલીફાઓની સંખ્યા એમનાથી ઓછી છે. ઈતિહાસ લેખકોએ ત્યાં સુધી લખ્યું છે કે મેહબૂબે ઈલાહી નિઝામુદ્દીન ઔલિયા رحمۃ اللہ علیہના સાત હજાર ખલીફાઓ હતા, સર્વ એક

બીજાથી શ્રેષ્ઠતમ હતા. એક તરફ અખી સિરાજ ભારતના અરિસા (દર્પણ) હતા તો બીજી તરફ મૌલાના યાકૂબ, મૌલાના બુરહાનુદ્દીન ગરીબ વગેરે દિલ્હીના આસમાને વિલાયતના સિતારાઓ હતા જેમણે પોતાના વિલાયતના નૂરથી અરબ તથા અજમ અને એશિયા તથા યૂરોપને પ્રકાશમય કર્યા. પણ આ સૌ વાતો લક્ષમાં રાખતાં એ જોઈએ કે સાત હજાર ખલીફાઓમાંથી મસ્નદનશીની (જાનશીની) કોના ભાગમાં આવી ? ખરેખર જેના મુકદરમાં આ મહાન પદ આવી રહ્યું છે એ હજારોમાં એક છે.

મેહબૂબે ઈલાહી નિઝામુદ્દીન ઔલિયા رحمۃاللہعلیہની પોતાની જિંદગીની અંતિમ મજલિસ છે, બધા ખલીફાઓ હાજર છે અને દરેકને એમના મર્તબા મુજબ પોતાના પીરની તરફથી તબર્રુક મળી રહ્યાં છે. વાંચો ! હઝરત મેહબૂબે ઈલાહી رحمۃاللہعلیہએ કપડાંની પોટલી મંગાવી અને એક દસ્તાર તથા મુસલ્લો મૌલાના બુરહાનુદ્દીન ગરીબને અર્પણ કરી 'દક્કન' તરફ રવાના કર્યા. અને એક દસ્તાર તથા મુસલ્લો શૈખ યાકૂબને આપી ગુજરાત તરફ રવાના કર્યા. આ જ પ્રમાણે મૌલાના જમાલુદ્દીન ખ્વારજમી અને મૌલાના શમશુદ્દીન યહ્યાને પણ તબર્રુક અર્પણ કર્યા ત્યાં સુધી કે પોટલીમાં કાંઈ ન રહ્યું અને મજલિસમાંથી શૈખ નસીરૂદ્દીન અવધી તબર્રુકથી વંચિત રહ્યા તો મજલિસમાં હાજર લોકો અંચબામાં પડી ગયા. થોડાક દિવસ પછી ૧૮ રબીઉલ આખર હિ.સ. ૭૨૫ના બુધવારના દિવસે ઝોહરની નમાઝ પછી હઝરત મેહબૂબે ઈલાહી رحمۃاللہعلیہએ શૈખ નસીરૂદ્દીન અવધીને બોલાવ્યાં અને ખિર્કા, અસા, મુસલ્લો, તસ્બીહ અને લાકડીનો પ્યાલો અને જે કાંઈ તબર્રુકો ફરીદુદ્દીન ગંજશકર رحمۃاللہعلیہ તરફથી એમને પહોંચ્યાં હતાં તે બધાં નસીરૂદ્દીન અવધીને આપી હઝરત મેહબૂબે ઈલાહી رحمۃاللہعلیہએ ફર્માવ્યું, તમારે દિલ્હી શહેરમાં રહેવાનું છે અને લોકો તમને તકલીફ પહોંચાડશે એને સહન કરજો. અસરની નમાઝ અદા કરી એમનો વિસાલ થઈ ગયો અને દિલ્હીમાં દફન કરવામાં આવ્યા.

હઝરત નિઝામુદ્દીન ઔલિયા رحمۃاللہعلیہના સજ્જાદાનશીન હઝરત નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી رحمۃاللہعلیہ થયા. જેમ કે આપણે ઉપરના પેરેગ્રાફોમાં વાંચ્યું. ઈતિહાસે આજ સુધી પોતાના હૃદયમાં સાત હજાર ખલીફાઓમાંથી જેને સજ્જાદાનશીનના સુવર્ણ લેબલથી તેમને સુરક્ષિત રાખ્યા છે એમને દુનિયા "ગંજમઆની" શૈખ નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી رحمۃاللہعلیہના નામથી યાદ કરે છે. શૈખ નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી, શૈખ નિઝામુદ્દીન અવલિયાના સજ્જાદાનશીન હતા અને આંતરિક બાહ્ય બંનેવ વિદ્યાઓના સંગમ હોવાની સાથે સારા અખ્લાક઼ના પણ માલિક હતા.

આ એ જ ખ્વાજા નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી رحمۃاللہعلیہ છે, જેમણે ટિઢના યુદ્ધમાં ફિરોજશાહ તગલકને ૪૮ ખજૂરો આપી કહ્યું હતું કે, તમે ભારતમાં ૪૮ વર્ષ સુધી હુકૂમત કરશો.

"હઝરત નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી رحمۃاللہعلیہએ ફિરોજશાહ તગલકને એના તંબૂમાં જઈ અલ્લાહ ﷺનો હુકમ સંભળાવ્યો અને કહ્યું કે જો તમે વાયદો કરો કે ખુદાની મખ્લૂક઼ સાથે ન્યાય અને પ્રેમનું વર્તન કરીશ તો અલ્લાહ તઆલા તમોને બાદશાહ બનાવવાનો ઈરાદો રાખે છે. ફિરોજશાહ તગલકે કહ્યું, હું તો લાચાર વ્યક્તિ છું, જો અલ્લાહ તઆલા મને આ કામ પર નિયુક્ત કરશે તો એ જ મને હિંમત તથા તાક઼ત આપશે કે હું જનતાની જરૂરતોને સારી રીતે પૂરી પાડી શકુ. હઝરત શૈખ નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી رحمۃاللہعلیہએ કહ્યું, તમે ઈરાદો તો કરો ! અલ્લાહ જ ખરેખર મદદ કરશે, નિય્યત જેની સારી હશે અલ્લાહ એની મદદ જરૂર કરશે. ત્યાર પછી આપે ફિરોજશાહ તગલકને ૪૮ ખજૂરો આપી અને કહ્યું કે તમે ભારતમાં ૪૮ વર્ષ હુકૂમત કરશો." *(અવલિયા અલ્લાહ નંબર, હુદા, ભાગ : ૫, પેજ : ૧૯૭)*

બીજી ઐતિહાસિક કિતાબોમાં પણ આ પ્રસંગનું વર્ણન છે. છેવટે દુનિયાએ જોયું કે આ જ ફિરોજશાહે

૪૮ વર્ષ સુધી હુકૂમત કરી અને સંપૂર્ણ દુનિયામાં ન્યાયનો ડંકો બજાવ્યો. સૈયદુના શૈખ અહમદ ખટ્ટુ رحمۃ اللہ علیہ જયારે હજ્જ અદા કરી ભારત પરત આવ્યા તો હઝરત જલાલુદ્દીન બુખારી જહાંનિયા જહાંગશ્ત رحمۃ اللہ علیہના સજ્જાદાનશીંથી મુલાકાત કરી. પોતે જ કહે છે કે, ''આ ફકીરની નિય્યત હતી કે જયારે હજ્જથી પરત આવીશ તો 'અવચ સિંધ'' પહોંચી મખ્દૂમ સૈયદ જલાલુદ્દીન જહાંનિયા જહાંગશ્ત رحمۃ اللہ علیہથી પણ મુલાકાત કરીશ. પણ જયારે ''અવચ'' પહોંચ્યો તો એમની કૂબ્રની ઝિયારત કરી અને લોકોથી પૂછયું કે હવે એમની જગાએ જાનશીન કોણ છે ? લોકોએ કહ્યું, સૈયદ રાજૂ કિતાલ છે. આ ફકીર એમની મુલાકાત માટે ઈશ્રાકના સમયે ગયો.'' *(તોહફતુલ મજાલિસ, મજલિસ : ૩, પેજ : ૨૩)*

### ★ જહાંનિયા જહાંગશ્ત رحمۃ اللہ علیہના સજ્જાદા કોણ ? ★

વિચારો ! મખ્દૂમ જહાંનિયા જહાગશ્ત رحمۃ اللہ علیہના ખલીફાઓમાં કેવી હસ્તીઓ છે, પણ સજ્જાદગી માત્ર હઝરત સૈયદ રાજૂ કિતાલને મળી. હઝરત મખ્દૂમ બુખારીના ખલીફાઓમાં જેવી રીતે મખ્દૂમ અશ્રફ સૈયદ જહાંગીર સિમનાની છે તેવી જ રીતે સૈયદ સિકંદર બિન મસ્ઊદ તિર્મિઝી માંગરોલી (ગુજરાત) પણ છે, એક તરફ સૈયદ અલીમુદ્દીન તિર્મિઝી છે તો બીજી તરફ સૈયદ અશરફ મશહદી છે, પણ સજ્જાદાનશીની માત્ર હઝરત સૈયદ સદરુદ્દીન રાજૂ કિતાલ رحمۃ اللہ علیہના મુકદ્દરમાં આવે છે, ત્યાર પછી સૈયદ રાજૂ કિતાલે સજ્જાદગીનો સુવર્ણ તાજ ફઝલુદ્દીન બુખારી બિન નાસિરુદ્દીન મહમૂદને અર્પણ કર્યો જે હઝરત બુરહાનુદ્દીન કુત્બે આલમ બુખારી અહમદાબાદી رحمۃ اللہ علیہના ભાઈ છે. *(જહાંનિયા જહાંગશ્ત, પેજ : ૧૫૭)*

### ★ શાહ વજીહુદ્દીન અલ્વી رحمۃ اللہ علیہના સજ્જાદા કોણ ? ★

હઝરત સૈયદના શાહ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી رحمۃ اللہ علیہ જેમની શખ્સિયત ઈલ્મવાળા વિદ્વાનોની દષ્ટિમાં પરિચયની મોહતાજ નથી. હઝરત શાહ વજીહુદ્દીને એવાં કારનામાં અંજામ આપ્યાં છે કે તેની ખ્યાતિ દુનિયામાં ચારે બાજુ પ્રચલિત છે. હઝરત શાહ વજીહુદ્દીન رحمۃ اللہ علیہના ઘણા ખલીફાઓ હતા પણ સજ્જાદગી માત્ર હઝરત શાહ અબ્દુલ્લાહના મુક્દ્દરમાં આવી. હઝરત શૈખ અબ્દુલહક્ક્ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ જયારે હજ્જ માટે રવાના થયા તો હઝરત શાહ વજીહુદ્દીન رحمۃ اللہ علیہથી ફૈઝ પ્રાપ્ત કર્યો અને અમુક સિલસિલએ કાદરિયાના વિર્દો વઝાઈફની ઈજાઝત તલબ કરી, પણ જયારે હજ્જ અદા કરી પરત આવ્યા તો હઝરત શાહ વજીહુદ્દીન رحمۃ اللہ علیہનો વિસાલ થઈ ગયો હતો. શૈખ અબ્દુલહક્ક્ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ કહે છે : ''હાલમાં આપના જાનશીન હઝરત શૈખ અબ્દુલ્લાહ رحمۃ اللہ علیہ છે જે ઘણા ઈલ્મવાળા અને પાકદામન છે અને દરવેશોના સર્વ અખ્લાકથી સુશોભિત છે.

આ અમુક નમૂના ઐતિહાસિક દષ્ટિએ રજૂ કર્યા છે જેનાથી એ સ્પષ્ટ થઈ ગયું કે ખિલાફત અને સજ્જાદગીમાં તફાવત છે.

અલ્લાહ તબારક વ તઆલા સર્વ મુસલમાનોને સિરાતે મુસ્તકીમ પર ચાલવાની તૌફીક્ આપે. (આમીન) *(માહનામા અશ્રફિયા, એપ્રિલ–૨૦૧૩)*

**પોરબંદર :** હઝરત મૌલાના મુફતી હાફિઝ મુહમ્મદ અશરફ બુરહાની સાહબને ત્યાં તા. ૧૩–૫–૨૦૧૩ના રોજ બાબા (મુહમ્મદ મુઈન રઝા)નો જન્મ થયેલ છે. ફરઝંદના જન્મની ખુશાલી પ્રસંગે અમારા કરમ ફર્મા મૌલાના મુફતી હાફિઝ મુહમ્મદ અશરફ સાહબે ''બરકાતે ખ્વાજા'' માસિકને બખ્શિશ પેટે રૂા. ૫૦૦/– મોકલ્યા છે. જઝાકલ્લાહ ! મુબારકબાદ ! રબ તઆલા નવાંગતુકને બંને જહાનની નેઅમતોથી નવાઝે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# અલ્લાહ તઆલાને "ઉપરવાળો" અથવા "અલ્લાહ મિયાં" કહેવું કેવું છે ?

રજૂકર્તા : **હાફિઝ ઉષ્માનગની-કોલવણા** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*

આ બાબત ખરેખર અફસોસનાક છે કે જે મુસ્લિમ કૌમ બીજાઓને સીધા માર્ગે દોરવા માટે અસ્તિત્વમાં આવી હતી આજે પોતે જ જાત જાતના બુરા અમલોમાં સપડાયેલી છે. એના કારણોમાં એક તો અજ્ઞાનતા અને નાદાની છે અને બીજુ કારણ ઈસ્લામી વૈભવ અને શૌકત ન હોવું છે. જ્યાં સુધી આલિમો તથા મુસ્લિમો અને લીડરોનો સવાલ છે તો તેઓ બરાબર તક્રીર અને તેહરીર (લખાણ)ના વડે પોતાનો ફર્ઝ પૂરો કરી રહ્યા છે, પણ વાસ્તવિક્તા એ છે કે મોટાભાગના લોકો આલિમોના બયાનો પર ધ્યાન નથી આપતા. જે અમુક લોકોએ ધ્યાન આપ્યું તો એમની ગણતરી ઘણી જ ઓછી છે. આજે પણ ઉમ્મતમાં ઘણા એવા લોકો છે જે પોતે જ બુરાઈઓને અનુભવી બેકાર કામોથી હાથ ખેંચી લે છે, અથવા તો પછી આલિમોના બયાનોની અસર કૃબૂલ કરીને બેકાર કામો અને ખરાબ વાતોથી બચવાનો પ્રયત્ન કરે છે.

એ જ ઉમ્મીદ પર અમે એક ખાસ વાત પર વાતચીત કરવાની કોશિશ કરી રહ્યા છીએ, અને તે એ છે કે ઈસ્લામી જગતના એ મુસલમાનો જેમની ઝબાન ઉર્દૂ છે એમાંથી વધારે પડતા લોકો જ્યારે પણ એકબીજાથી વાતચીત કરે છે અને વાતોમાં જો અલ્લાહ તબારક વ તઆલાનું નામ લેવાનું થાય છે તો જાણી બુઝીને અથવા અજાણતામાં અલ્લાહ તઆલા અથવા ખુદાએ પાકની જગ્યાએ "ઉપરવાળો" અથવા "અલ્લાહ મિયાં" બોલે છે. જેમ કે "અલ્લાહ મિયાં" અથવા "ઉપરવાળો જેવું ચાહે છે તેવું જ થશે" બોલવામાં આવે છે. તો આ પ્રમાણે બોલવું અથવા એકબીજા સાથે આ રીતે વાતચીત કરવી અને એ બાબરકતવાળી ઝાત માટે આ રીતે શબ્દો વાપરવા ક્યાં સુધી સહીહ છે ? આ વાત સમજાવવા માટે કુર્આને મુકૃદસની એક આયતે કરીમા સબૂત માટે રજૂ કરીએ છીએ. પછી એના હુકમને દર્શાવીશું જેથી વાંચકો પર મસ્અલો સ્પષ્ટ થઈ જાય.

અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે : "હે ઈમાનવાળાઓ ! (પોતાના નબીને) રાઈના ન કહો અને આવુ કહો કે હુઝૂર અમારી ઉપર નજર રાખો. અને પહેલાથી જ ધ્યાનથી સાંભળો, અને કાફિરો માટે ખતરનાક અઝાબ છે." *(પારા : ૧, રુકૂઅ : ૧૨, આયત : ૧૦૩)*

સદરુલ અફાઝિલ હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ આ આયતનું શાને નુઝૂલ આ મુજબ બયાન ફર્માવે છે :-

જ્યારે હુઝૂર ﷺ સહાબાએ કિરામને તા'લીમ આપતા તો સહાબા અમુક અમુક વાતોમાં અર્ઝ કરતા, راعنا یارسول الله ﷺ! રાઈના યા રસૂલલ્લાહ ! ﷺ તેનો અર્થ એ હતો કે યા રસૂલલ્લાહ ! અમારા હાલની રિઆયત ફર્માવો એટલે કે કલામે અકૃદસને સારી રીતે સમજવાનો સમય આપો. યહૂદીઓની ભાષામાં આ શબ્દ બેઅદબીનો

અર્થ ધરાવતો હતો, એમણે એ નિય્યતથી કહેવાનું શરૂ કરી દીધું. હઝરત સઅદ બિન મુઆઝ رضی اللہ عنہ યહૂદીઓની પરિભાષાથી પરિચિત હતા. આપે એક દિવસે આ વાક્ય એમની ઝબાનથી સાંભળીને ફર્માવ્યું, હે ખુદાના દુશ્મનો ! તમારી ઉપર અલ્લાહ તઆલાની લા'નત ! જો મેં હવે પછી કોઈની પણ ઝબાનથી આ શબ્દ સાંભળ્યો તો એની ગરદન મારી દઈશ ! યહૂદીઓએ કહ્યું, અમારી ઉપર તો તમે ગુસ્સે થાવ છો, પણ મુસલમાનો પણ આવું જ કહે છે ! તેના પર ગમગીન થઈને હુઝૂર ﷺની ખિદમતમાં હાજર જ થયા હતા કે એવામાં આયતે કરીમા નાઝિલ થઈ જેમાં راعنا (રાઈના) બોલવાથી રોકવામાં આવ્યા. અને એ અર્થનો બીજા શબ્દ انظرنا (ઉન્ઝુરના) કહેવાનો હુકમ થયો. *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, પેજ : ૨૫૦)*

તમે જરા વિચાર તો કરો કે راعنا (રાઈના) શબ્દનો એક અર્થ રિઆયત કરવી, કૃપા, દષ્ટિ કરવી અને બીજો અર્થ ભરવાડ અને બેવકૂફ છે. પણ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین રિઆયત કરવા અથવા મહેરબાનીની નજર ફર્માવવાના માટે એ શબ્દપ્રયોગ કરતા હતા, અને યહૂદીઓ ભરવાડ અને બેવકૂફના અર્થમાં વાપરતા હતા. પણ અલ્લાહ તઆલાને એ પસંદ ન આવ્યું કે એવો શબ્દ કે જેનો એક અર્થ સારો અને બીજો બરાબર ન હોય એ શબ્દ તેના મહબૂબ સાહિબે લવલાક ﷺ માટે બોલવામાં આવે. માટે આ શબ્દના વપરાશને મના કરાવી દેવામાં આવ્યો અને એની જગ્યા પર બીજા શબ્દને પસંદ કરવામાં આવ્યો. તો જાણવા મળ્યું કે કોઈ શબ્દ કેટલાક અર્થમાં વપરાતો હોય અને એમાં એક અર્થ પણ અદબ વિરુદ્ધનો હોય તો એ શબ્દનો ઉપયોગ નબીએ અકરમ નૂરે મુજસ્સમ ﷺના માટે નાજાઈઝ અને મના છે.

આટલી વાતો ધ્યાનમાં રાખ્યા પછી હવે "મિયાં" શબ્દનું નિરીક્ષણ કરીએ કે એના કેટલા અર્થ છે, અને કેટલા અર્થ સારા છે અને કેટલા ખોટા, અને એનો વપરાશ અલ્લાહ તઆલા માટે જાઈઝ છે કે નાજાઈઝ ? એને જાણવા માટે ઈમામે અહલે સુન્નત સરકાર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہનું ફર્માન વાંચો. આપે એક સવાલના જવાબમાં ઈર્શાદ ફર્માવ્યો છે : ઉર્દૂ ભાષામાં મિયાં શબ્દના ત્રણ અર્થ થાય છે એમાંથી બે એવા છે જેનાથી શાને ઉલુહિય્યત (અલ્લાહની શાન) પાક છે, અને એકનો અર્થ સચ્ચાઈ થઈ શકે છે. જ્યારે બીજા બે શબ્દો ખરાબ અર્થમાં અને એક સારા અર્થમાં ભેગા થાય છે. અને શરીઅતમાં વારિદ (આવેલ) નથી તો ઝાતે બારી પર મિયાં શબ્દ બોલવું મના થશે. અને એનો એક અર્થ મૌલા. અલ્લાહ તઆલા બેશક ! મૌલા છે, બીજા અર્થમાં પતિ, ત્રીજો અર્થ ઝિનાનો દલાલ કે ઝિના કરવાવાળો અને ઝિના કરવાવાળીમાં મુતવસ્સિત છે. *(અલ્ મલ્ફૂઝ કામિલ, ભાગ : ૧, પેજ : ૧૦૧, ફતાવા રઝવિય્યહ, મુતરજિમ, ભાગ : ૪, પેજ : ૬૧૪)*

વાંચકો ધ્યાન આપો ! ઈમામ અહલે સુન્નત આ'લા હઝરત رضی اللہ عنہએ મિયાંના ત્રણ અર્થો બતાવ્યા : મૌલા, પતિ, ઝિનાનો દલાલ. અલ્લાહ તઆલાની ઝાત અને સિફતો (મઆઝલ્લાહ !) કોઈનો પતિ અથવા ઝિનાનો દલાલ હોવાથી બિલકુલ પાક અને સાફ છે. મૌલા શબ્દ બોલવું બરાબર થઈ શકે છે પણ અમે ઉપર વર્ણન કરી ચૂક્યા છીએ કે કોઈ શબ્દનો એક અર્થ સારો અને બીજો ગલત હોય તો એના વપરાશથી આપણને અલ્લાહ તઆલા તરફથી આપણા નબીએ કરીમ ﷺના માટે રોકી દેવામાં આવ્યા, અને નબીએ પાક ﷺની ઝાતે અક્દસથી ખુદાએ તઆલાની ઝાત અને સિફતો અગણિત બુલંદો બરતર છે, અને એ શબ્દ જેનો એક અર્થ સારો અને બીજો ખોટો હોય તો એનો વપરાશ આકાએ દો આલમ ﷺ માટે નાજાઈઝ અને મના થયો અને મિયાં શબ્દમાં તો બે અર્થ ખોટા અને એક અર્થ સારો છે ! તો એનો વપરાશ જે સંપૂર્ણ જગતનો ખાલિક અને માલિક છે, એના માટે કેવી રીતે જાઈઝ થઈ

શકે છે ?! માટે અલ્લાહ તઆલા માટે એને વાપરવો જરૂર જરૂર નાજાઈઝ છે.

હવે અહીંયા મિયાં શબ્દ બોલવા વિશે અમુક એહલે સુન્નતના આલિમોના કથનો રજૂ કરીએ છીએ :–

**(૧)** સરકાર હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝા ખાન رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''અલ્લાહ તઆલા, અલ્લાહ અઝ્ઝ વ જલ્લ, અલ્લાહ અઝ્ઝ જલાલુહૂ, અલ્લાહુ સુબ્હાનહૂ અલ્લાહ અઝ્ઝ શાનુહુ, અથવા જલ્લશાનુહુ....વગેરે કહેવું જોઈએ ''મિયાં'' ન કહેવું જોઈએ. અવામમાં આ શબ્દ બોલવામાં આવે છે એનાથી એમણે બચવું જોઈએ. *(ફતાવા મુસ્તફવિય્યહ્, પેજ : ૩૨)*

**(૨)** શારેહે બુખારી હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ શરીફુલ હક્ક અમજદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : અલ્લાહ તઆલાનું ફર્માન **لا تقولوا راعنا** પર અમલ કરીને એને પણ નાજાઈઝ અને મમનૂઅ (મના) ઠરાવામાં આવે. *(ફતાવા શારેહે બુખારી, ભાગ : ૧, પેજ : ૭)*

**(૩)** ફકીહે મિલ્લત હઝરત અલ્લામા મુફતી જલાલુદ્દીન અહમદ અમજદી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે ખુદાએ તઆલાને અલ્લાહ પાક અથવા અલ્લાહ તઆલા કહેવું જોઈએ, અલ્લાહ મિયાં કહેવું નાજાઈઝ અને મમનૂઅ છે. *(અન્વારુલ હદીષ, પેજ : ૯૦, અન્વારે શરીઅત, પેજ : ૮)*

**(૪)** બેહરુલ ઉલૂમ હઝરત મુફતી અબ્દુલ મન્નાન رحمۃ اللہ علیہ ફર્માવે છે : અલ્લાહ તઆલા માટે મિયાંનો શબ્દ બોલવો ન જોઈએ, આ શબ્દના એવા અર્થ આવે છે કે જેનો વપરાશ અલ્લાહ તઆલા પર જાઈઝ નથી. *(ફતાવા બેહરુલ ઉલૂમ, ભાગ : ૫, પેજ : ૩૦૬)*

**(૫)** બદરે કૌમો મિલ્લત હઝરત અલ્લામા મુફતી બદરુદીન અહમદ رحمۃ اللہ علیہ ફર્માવે છે :અલ્લાહ તઆલાનું નામ અદબથી લેવું જોઈએ, જ્યારે એનું નામ લેવુ હોય તો અલ્લાહમિયાં ન કહો, પણ અલ્લાહ તઆલા, અલ્લાહ પાક, ખુદાએ પાક કહેવું જોઈએ. *(તા'મીરે અદબ, ભાગ : ૨, પેજ : ૫)*

ઉપર વર્ણન કરવામાં આવેલ સર્વ લખાણથી સ્પષ્ટ સાબિત થયું કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત માટે મિયાં શબ્દનો વપરાશ હર હાલતમાં નાજાઈઝ અને મમનૂઅ છે.

હવે આપણે ''ઉપરવાળા' શબ્દ પર તપાસ કરીએ. ઉપર એક સિમા અને સિમ્ત (દિશા)નું નામ છે. એટલે કે દિશાઓ છ છે : આગળ, પાછળ, ડાબી, બાજુ, જમણી, ઉપર, નીચે. અને ''ઉપર'' જ્યારે એક સિમાનું નામ ઠર્યું જેથી ઉપરવાળા શબ્દથી ખુદા તઆલાને યાદ કરવો જાઈઝ નથી, એટલા માટે કે અલ્લાહ તઆલાની ઝાત તથા સિફાત, દિશા અને સિમાથી પાક છે.

જેવી રીતે કે હઝરત અલ્લામા સઅદુદ્દીન તફતાઝાની رحمۃ اللہ علیہ ફર્માવે છે : (અર્થ) : ''અલ્લાહ તઆલા મકાનમાં હોવાથી પાક છે અને જ્યારે મકાનમાં હોવાથી પાક છે તો સિમાથી પણ પાક છે, એવી જ રીતે ઉપર, નીચે, હોવાથી પણ પાક છે. *(શરહે અકાઈદ નસફી, પેજ : ૩૩)*

અને હઝરત અલ્લામા ઈબ્ને નજમુદ્દીન મિસ્રી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, જે અલ્લાહ તઆલાને ઉપરવાળો અથવા નીચેવાળો ઠરાવશે તો એના પર **કુફ્રનો હુકમ** લગાડવામાં આવશે. *(બહરુર્રાઈક, ભાગ : ૫, પેજ : ૧૨૦)*

**જંબુસર** : જનાબ સૈયદ ઈમ્તિયાઝ હુસૈન હાજી શૌકત અલી ચાંદપુરાવાળા તરફથી ફરઝંદ મુહમ્મદ ઝયદની વિલાદતની ખુશીમાં જનાબ અલ્લારખા ફુટવાળા થકી રૂા. ૧૦૦ લિલ્લાહ માસિક ''બરકાતે ખ્વાજા–દયાદરા''ને મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ તઆલા ઔલાદને નેક બનાવે, બંને જહાનમાં આબાદ રાખે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

**★ શાદી મુબારક ★**

**માતર** : (હુસૈનીચોક, જિ. ખેડા)થી કુરૈશી નઝીર મુહમ્મદ હાજી અમીમિયાં જણાવે છે કે તેમના નેક ફરઝંદ ડો. સાજિદ હુસૈનની શાદી શકીલાબાનુ સાથે તા. ૨૬–૫–૨૦૧૩, ૧૫–૨જબ હિ.સ. ૧૪૩૪ના રોજ નડિયાદ મુકામે રાખવામાં આવી. મુબારકબાદ ! ૨બ તઆલા જોડાંને સદા ખુશ રાખે, આબાદ રાખે. (આમીન)

**★ ઈન્તેકાલ પુરમલાલ ! ★**

**લંડન** : ખાતે અમારા મિત્ર મુહમ્મદભાઈ મોજીના વાલિદ સાહબ જનાબ ઈબ્રાહીમ મોજી સીતપોણવાળા તા. ૫–૬–૨૦૧૩ના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે. જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**બોલ્ટન** : યુ.કે. ખાતે જનાબ ઉષ્માનગની યૂસુફ છીપાનો તા. ૧૪–૫–૨૦૧૩ મંગળવારે સવારના ઈન્તેકાલ થયો છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે. જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : ખાતે તા. ૫–૬–૨૦૧૩ બુધવારે મૂસાભાઈ સાલેહનો ઈંતેકાલ થયો છે તેમજ તા. ૧૬–૬–૨૦૧૩ રવિવારે ઈબ્રાહીમ ઈસ્માઈલ રૂડી (લીંબુવાળા)નો ઈંતેકાલ થયો છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં બંનેવ મર્હૂમોની કરવટ કરવટ મગફિરત ફર્માવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ધોરાજી** : જનાબ અલ્તાફભાઈ સૂર્યા (સૂરત)ના વાલિદ સાહબ અ. રઝઝાક કાસમ સૂર્યાનો ઈન્તેકાલ તા. ૧–૬–૨૦૧૩ના રોજ થયો છે. મર્હૂમના ઈસાલે સવાબ અર્થે રૂા. ૫૦૦ "બરકાતે ખ્વાજા" (માસિક)ને અલ્તાફભાઈ તરફથી મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**હાલોલ** : જનાબ ઈસુબભાઈ એંજીનીયર તરફથી રૂા. ૫૦૦ અંજુમન દયાદરામાં મર્હૂમ હાજી આદમભાઈ હાજી રશીદભાઈના ઈસાલે સવાબ અર્થે મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે. જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ખોજબલ** : જનાબ અબ્બાસભાઈ મુહમ્મદ યૂસુફ સૂફી તરફથી રૂા. ૫૦૦ અફીકાના ચામડાના દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદને લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**પ્રાંતિજ** : ખાતે સુન્નિયતના હમદર્દ મુહિબ્બે ગિરામી જનાબ ઈરફાનભાઈ અશરફી (મલમપટાવાળા)નાં વાલિદા મોહતરમા અમીનાબીબી અબ્દુર્રહીમ છાલોટીયા ૨૫–૫–૨૦૧૩, ૨જબ–૧૪ હિ.સ. ૧૪૩૪ના રોજ ઈન્તેકાલ કરી ગયાં છે તેમના સવાબ અર્થે ઈરફાનભાઈ તરફથી રૂા. ૨૫૧/– "બરકાતે ખ્વાજા" (માસિક)ને લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે. જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**રાજકોટ** : થી. ગુલામભાઈ ગાજીયાણી (લીંબુવાળા) જણાવે છે કે એમનો પુત્ર "યાસીન" ધો. ૧૨ કોમર્સમાં ૯૮% સાથે રાજકોટ જિલ્લામાં પ્રથમ ક્રમે આવેલ છે. મુબારકબાદ ! *–તંત્રી*

**મછાસરા** : તા. આમોદના વતની મુહમ્મદ હાજી સુલેમાન બુમની પૌત્રી મેહફૂઝા યાકુબ પટેલ ધોરણ

–૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)માં ૯૧.૩૦% પર્સન્ટાઈલ રેન્ક સાથે સફળ થયેલ છે. મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ દસ્તારે ફઝીલત વ દસ્તારબંદીના જલસાઓ ★

**આમોદ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ** (જિ. ભરૂચ) ખાતે તા. ૧૦–૬–૨૦૧૩ સોમવારે ઈશાની નમાઝ બાદ જશ્ને દસ્તારે ફઝીલતનો શાનદાર જશ્ન થયો જેમાં કારીએ ખુશઈલ્હાન વ નઅતખ્વાં હઝરત કારી રિયાઝુદ્દીન અશરફી (મુંબઈ)ની નિઝામત હેઠળ આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ મન્સૂર આલમ રઝવી (આમોદ)ની સદારતમાં મોહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી (મુબારકપુર) થકી ખત્મે બુખારીનો ઈલ્મના મોતી વેરવા સાથે શાનદાર પ્રોગ્રામ થયો. બાદમાં પીરે તરીકત અતાએ મુફતીએ આઝમે હિંદ હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી (અમીરે સુન્ની દાવતે ઈસ્લામી)ની હાજરીમાં સાદાત ઉલમાના મુબારક હાથો વડે ૩–આલિમ ફાઝિલ, ૭–હાફિઝ, ૭–કારીની દસ્તારબંદી કરવામાં આવી. ફઝીલતની સનદ પામનાર ત્રણેવ આલિમોને "ફતાવા બેહરુલ ઉલૂમ"નો હમદર્દે સુન્નિયત હઝરત મૌલાના ઈકબાલ મિસ્બાહી વોરા સમનીવાળા (બોલ્ટન) તરફથી મોકલેલ ૧–૧ સેટ તોહફામાં મુફતી સાહબના મુબારક હાથે આપવામાં આવ્યો. તેમજ નુઝહતુલ કારી શરહે બુખારી (ભાગ–૪) ના ગુજરાતી અનુવાદનો રસ્મે ઈજરા પણ હઝરત મુફતી સાહબના હસ્તે થયો. યુ.કે.થી પધારેલ દારુલ ઉલૂમના હમદર્દ હઝરત મૌલાના ઈમરાન ઝંઘારવી સાહબે પણ ફારિગ થનારની હોસલા અફઝાઈ તોહફા આપીને કરી હતી. બાદમાં અમીરે સુન્ની દાવતે ઈસ્લામીએ પોતાના બયાનમાં દુનિયાની મહોબ્બત સંબંધે બોધદાયક બયાન કરીને ખાસ ફારિગ થનાર ઉલમા હુફફાઝને તેમજ અવામને નસીહતો કરી હતી.

**થામ** : તા. ૧૬–૬–૨૦૧૩ રવિવારે સવારના નવથી બાર વાગ્યા સુધીમાં **દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ** (જિ. ભરૂચ)નો વાર્ષિક જલસો યોજાયો જેમાં ૨ હાફિઝોની દસ્તારબંદી સાદાત તથા ઉલમા હઝરાતના મુબારક હાથોથી કરવામાં આવી. જનાબ હાફેઝ ઈકબાલ મછાસરવી તથા હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળાનાં પ્રસંગાનુરૂપ બયાનો થયાં હતાં તેમજ ઝોહર બાદ જામિઆ આઈશા અલબનાતમાં બહેનોના જલસામાં ૩૧ આલિમા ૪૬ ફાઝિલા બહેનોને સનદ (રિદાઅ) અર્પણ કરવામાં આવી. તેમજ આલિમા શબાના આપા બાબુ માસ્તર (મુંબઈ)એ બહેનોની ઈસ્લાહ સંબંધે બયાન કર્યું હતું.

**લાતૂર (મહારાષ્ટ્ર)** : ખાતે તા. ૧૬–૬–૨૦૧૩ રવિવાર ઈશા બાદ **દારુલ ઉલૂમ હસનાત દીનીયાત** ખાતે દસ્તારબંદીનો સાલાના જલસો યોજાયો જેમાં વિવિધ ઉલમા, સાદાત, શોઅરા, નઅત ખ્વાંએ હાજરી આપી હતી જેમાં હઝરત મૌલાના મુહિબ્બુલ કાદરી–પરભની, હઝરત હાફિઝ રફીક સાહબ–અંબાજોગાની, કારી મુહમ્મદ ઈસ્માઈલ સાહબ, ઉષ્માનાબાદ....વગેરે તેમજ સ્થાનિક ઉલમાની હાજરીમાં હઝરત મૌલાના અ. સત્તાર હમદાણી સાહબે બયાન કર્યું હતું. તેમજ ૬ આલિમ, ૪ હાફિઝ તથા ૨ કારી થનારાઓની દસ્તારબંદી કરવામાં આવી.

**ભરૂચ** : તા. ૧૯–૬–૨૦૧૩ બુધવારે ઈશાની નમાઝ બાદ **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે દસ્તારબંદીનો શાનદાર જશ્ન ઉસ્તાઝુલ હુફ્ફાઝ હઝરત હાફિઝ કારી મૌલાના ઈબ્રાહીમ રઝવી કાપોદ્રાવાળાની સદારત તથા જનાબ હાફેઝ સઈદ રઝવીની નિઝામત હેઠળ યોજાયો. જેમાં ૭ હાફિઝ, ૪ કારી અને ૫ આલિમ ફાઝિલની દસ્તારબંદી સાદાત, ઉલમા તથા હુફ્ફાઝના મુબારક હાથો વડે કરવામાં આવી. ખુસૂસી મહેમાન તથા મુકર્રિર, ખતીબે બાકમાલ હઝરત હાફિઝ કારી મૌલાના હબીબુલ્લાહ રઝવી (વસોવાળા)એ શાનદાર બયાન કર્યું હતું. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## :: મદદની અપીલ ::

વારાહી : (જિ. પાટણ) ગુજરાત રાજ્યના અતિપછાત વિસ્તાર વારાહીમાં વર્ષોથી દીની અને દુનિયવી શિક્ષણ આપતી સંસ્થા શાહ મદાર બોર્ડીંગ મદ્રસાએ ફૈઝેમદાર સંચાલિત નૂરે મદાર માધ્યમિક અને પ્રાથમિક શાળા નિયમિતરૂપે ચાલી રહે છે. શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને તમામ સુવિધાઓ મફત આપવામાં આવે છે. કૌમના સખી દાતાઓને નમ્ર વિનંતિ કે રમઝાનુલ મુબારકમાં ભરપુર સહાય આપી સવાબે દારૈન હાંસલ કરશો. હાઈસ્કૂલના મકાનનું બાંધકામ ચાલે છે તો એમાં પણ સાથ સહકાર કરવા વિનંતિ.

**સંપર્ક કરો** : શાહમદાર બોર્ડીંગ મદ્રસાએ ફૈઝેમદાર, ઠે. કંડલા હાઈવે, મુા. વારાહી, તા. સાતલપુર, જિ. પાટણ, પીન : ૩૮૫૩૬૦, Dena Bank A/c. No. : 029510002514, Mob. : 9898919917

**કિતાબ જરૂરથી મંગાવો !**

**માહે રમઝાન કૈસે ગુઝારેં ?**

(પેજીસ : ૧૪૮, હદિયો : રૂા. ૩૦)

લેખક : **હઝરત અલ્લામા મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી** (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)

પ્રકાશક : સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા) મુા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧ (રોઝા, ઝકાત, સદકા, ફિત્ર, તિલાવતે કુર્આન, તરાવીહ, એ'તેકાફ વગેરેનું વર્ણન વાંચો)

**પોસ્ટકાર્ડ લખી કે SMS કરીને મંગાવો**

**કિતાબ : અવલિયા અલ્લાહની કરામતો**

અઝઃ **હઝરત ઈમામ કુશૈરી** رحمۃ اللہ علیہ

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી**

*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

પ્રકાશક : **અંજુમને રઝાએ મુસ્તફા દયાદરા**

મુા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ,

ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## આ છે અમારા હમદર્દો

### દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ (જિ. ભરૂચ)ને સહાયકર્તાઓની યાદી

| | |
|---|---|
| ★ મુન્નાભાઈ ફ્રુટવાળા–આમોદ | ૨૦ કિ. કેળાં (ઈફતારી માટે) |
| ★ હાજી ઈસ્માઈલભાઈ સુબા–આમોદ | તફસીરે અશરફી ૧–સેટ |
| ★ હાજી હમીદભાઈ બગદાદી–આમોદ | ઘંઉ લોટ ૩૦ કિલો |
| ★ નૂરાનીમિયાં તાલુકદાર–ભરૂચ | ૧–બકરો (સદકો) |
| ★ મુહમ્મદ હસન તાલુકદાર–ભરૂચ | ૧–બકરો (સદકો) |
| ★ સઈદભાઈ મલેક–જંબુસર | ૩૫–કિલો કેરી |
| ★ મુહમ્મદભાઈ પાનવાળા–આમોદ | ૫૦ કિલો અકકાનું મટન |
| ★ મકબુલ હાજી દુન્યા (મો. ઈકબાલ સાહબ થકી) | ૧–ટાઈમ ન્યાઝ |
| ★ ઈલ્યાસ હાજી–વોરાસમની | ૧–બકરો (સદકો) |
| ★ મૌલાના ઈકબાલ મિસ્બાહી વોરાસમનીવાળા | ૧ સેટ વિવિધ કિતાબો |

ઉપરાંત નામી અનામી સહાયકર્તાઓને રબ્બે કરીમ બંને જહાનમાં બેહતરીન બદલો આપે, તેમની તથા તેમની ઔલાદની બંને જહાનની મુસીબતો, મુંઝવણોને દૂર ફર્માવે. (આમીન)

લિ. **(નાઝિમે આ'લા) હાફિઝ અ. રહીમ ભોલાવવાળા**

## :: મદદની અપીલ ::

**ગોંડલ :** શહેરમાં ગુંદાળા રોડ, સુમરા સોસાયટીમાં ૪૦૦ કુટુંબ વસવાટ કરે છે. હાલમાં ત્યાં એક કાચા મકાનમાં મદ્રસો શરૂ કરવામાં આવેલ છે. તથા જાનિસારે મુસ્તફા કમિટીની સાર્વજનિક ટ્રસ્ટ અન્વયે નોંધણી કરવામાં આવી છે. હાલમાં ૮૦૦ ચો. વાર સાર્વજનિક પ્લોટની જમીન મળેલ છે. જેની ફરતે કંપાઉન્ડ વોલ સખીદાતાઓ દ્વારા માલસામાનની મદદથી બાંધવામાં આવેલ છે. આ જમીન ઉપર મદ્રસાનું પાકુ મકાન બાંધવાનો નેક ઈરાદો છે. આથી સર્વે સુન્ની મુસ્લિમ બિરાદરોને દર્દભરી અપીલ કરવામાં આવે છે કે રસૂલુલ્લાહ ﷺના ઘરને આબાદ કરવા આપની ઈમદાદ, ઝકાત, ખૈરાત, સદકા, ઉશ્ર, ન્યાઝ વગેરે મદદ કરીને દીનના પાયાને મજબૂત બનાવશોજી અને જન્નતમાં મહેલ બનાવવા હક્કદાર થશોજી.

સંપર્ક કરો : જાનિસારે મુસ્તફા કમિટી, ગુંદાળા રોડ, સુમરા સોસાયટી, ગોંડલ–૩૬૦૩૧૧, જિ. રાજકોટ, મો. ૯૬૬૨૭ ૪૫૬૪૬, ૯૯૦૪૦ ૬૨૩૭૧

**મદ્રસાએ ક઼ાદરીયા :** મુ. લાઠોદરા, તા. માંગરોળ, જિ. જુનાગઢનું બાંધકામ ચાલુ છે. અહીં નાનુ ગામડુ છે વસ્તી મોટા ભાગે ગરીબ લોકોની છે તો આવી જગાએ ઈલ્મે દીન શીખતા બાળકો માટે મદ્રસાના બાંધકામમાં લગભગ રૂ. ૫૦ હજારથી એકલાખ જેવી ઈમદાદની જરૂરત છે તો સખીદાતાઓ જરૂરથી ધ્યાન કરે. સંપર્ક કરો : મો. ૯૬૩૮૦૦૮૬૬૨ અથવા મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**સુથોદરા :** ખાતે ''નૂરાની મસ્જિદ''નું બાંધકામ ચાલી રહેલ છે. હઝરત સૈયદ યૂસુફબાવા નૂરાની (પેટલાદી)ના મુબારક હાથે સંગે બુનિયાદ ૧૩–૩–૨૦૧૩ના રોજ કરવામાં આવી હતી. ગામની આબાદી મોટાભાગે ગરીબ હોવાથી સખીદાતાઓ અલ્લાહનું ઘર બનાવી આપી જન્નતમાં મહેલ ખડો કરે એવી અપીલ છે.

સંપર્ક કરો : નૂરાની યંગ કમિટી, મુ. સુથોદરા, તા. આમોદ, જિ. ભરૂચ, **Mob. 94274 57592, SBI A/c. No. 32899104985**

**વઢવાણ :** મુક઼ામે દારુલ ઉલૂમ ફૈઝે મુફતીએ આ'ઝમ ચાલે છે તેમાં નવુ બાંધકામ ચાલુ છે, તો રમઝાન મુબારકના પવિત્ર દિવસોમાં શક્ય તે સહાય મોકલવા નમ્ર અપીલ છે. લિ. અ.સત્તાર રઝવી, દારુલ ઉલૂમ ફૈઝે મુફતીએ આ'ઝમ, અબોલ પીર ચોક, વઢવાણ સીટી, જિ. સુ. નગર

**પેટલાદ :** ખાતે ''અંજુમને બરકાતે રઝા એજ્યુ. ટ્રસ્ટ'' થકી પાંચ ઠેકાણે મદ્રસા ચાલે છે જેમાં બાળકો ઉપરાંત મોટી વયના ભાઈઓ પણ દીની તા'લીમ મેળવે છે. તેમજ સુહરવર્દી કોમ્પ્યુટર સેન્ટર, સિવણ કલાસ.... વગેરે ચાલે છે. તો આપની ઝકાત, લિલ્લાહ વગેરે મોકલી જરૂરથી સહાય કરશો. સંપર્ક સરનામુ : અંજુમને બરકાતે રઝા એજ્યુ. ટ્રસ્ટ–પેટલાદ, મો. ૯૯૨૫૨ ૪૩૭૮૬, ૯૪૨૯૬ ૬૨૬૦૬, **Bank Ac. No. BOB 02960100026407**

### ઈસ્લામી લાયબ્રેરી માટે મદદની અપીલ

**રાજકોટ :** ખાતે આ લાયબ્રેરી ચલાવનાર હાજી અલારખ ઉમરભાઈ ચાવડા ગુજરાતભરમાંથી સાહિત્ય ઉઘરાવીને ભેગુ કરે છે અને લોકો લાયબ્રેરી થકી એનો લાભ ઉઠાવે છે. આ કામે કબાટ, ઘોડા, ટેબલ.... વગેરેની ખાસ જરૂરિયાત છે તો સખીદાતાઓ શક્ય તે રીતે સહાય નીચેના સરનામે મોકલે એવી અપીલ છે.

સરનામુ : હાજી અલારખ ઉમરભાઈ ચાવડા, ચાંદ રોશની, અંકુર સોસાયટી, શેરી નં. ૯, ભવાની ચોકથી આગળ, કોઠારીયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૨, મો. ૯૩૭૭૩૧૮૩૯૩, ૯૮૭૯૫૯૯૨૨૩

## દીનો સુન્નિયતની મજબૂત ખિદમત માટે........

# "બરકાતે ખ્વાજા"ના ગ્રાહક બનો તથા બનાવો !

***આસ હૈ કોઈ ન પાસ, એક તુમ્હારી હૈ આસ-બસ યહી હૈ આસરા તુમ પે કરોડોં દુરૂદ***

★ અહલે સુન્નત વ જમાઅતની હક્ક઼ાનિયતનો પરચમ અલલ એલાન બુલંદ કરનારા........

★ "મસ્લકે આ'લા હઝરત"નો ડંકો દુનિયાભરના ગુજરાતી જગતમાં બજાવનારા......

★ સુન્નિયતના મોહરા પાછળ સુલેહકુલ્લિયતના પ્રખર પ્રણેતાઓને કશાય ડર વિના અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની મહોબ્બતને ખાતર તેમના જ ભરોસે લોકો સમક્ષ ઉઘાડા કરનારા......

★ બાતિલ ફિર્ક઼ાઓની ધોકબાઝીઓ તથા મુનાફિક઼ોના ચાલોનો પર્દો ફાશ કરનારા.......

★ બેહયાઈની ગરમ બાઝારીમાં ઈસ્લામી હયાની અનેરી ઠંડક લહેરાવનારા.....

★ ઈસ્લામ બેઝારી તથા આઝાદ ખયાલીના ભામટાઓની ખબર લેનાર અને સહીહ શરીઅતે ઈસ્લામીનો પ્રચાર કરનારા.....

★ બનાવટી પીરો તથા ઢોંગી મુલ્લાઓના ધોકા ફરેબથી બચવા શરીઅતના પાબંદ સાચા મહાન બુઝુર્ગોનાં કથનો તથા અમલો રજૂ કરીને પબ્લિકની આંખોથી પાટા હટાવનારા.....

★ ઈસ્લામ તથા બાનીએ ઈસ્લામ તેમજ ક઼ાનૂને ઈસ્લામ સામે ઉઠતાં ગુમરાહીના વાદળોના ફેલાતા અંધકારને ચીરવા ઈસ્લામી અસલ રૂહ તથા અમ્નો શાંતિના ઈસ્લામના પયગામોની રોશની ફેલાવનારા.....

★ કરન્ટ ઈસ્યુઝ પર બેબાક વિવેચન કરનારા...

આ એક અને અનોખા અજોડ માસિક **"બરકાતે ખ્વાજા"**ના મેમ્બર બનો તથા બનાવો. **મર્હૂમોના સવાબ અર્થે** વિવિધ મસ્જિદોનાં અથવા ચાહો તે વ્યક્તિઓનાં સરનામાં સાથે લવાજમો મોકલો જેથી ઘણા લોકો વાંચશે, તેમનું ઈમાન મજબૂત થશે અને નેક અમલ કરશે તેનો સવાબ મર્હૂમને થશે. અફસોસ કે ઘણા ભાઈઓ એક વરસ પછી લવાજમ મોકલવામાં સુસ્તી કરે છે, તો આ માસિકના પયગામને સમજે અને **દીનો સુન્નિયતના પ્રચારનું મહત્વ** સમજીને **મસ્લકે આ'લા હઝરત**ના પયગામના ફેલાવા માટે લવાજમ દયાદરાના સરનામે એક ગ્રાહક દીઠ **રૂા. ૧૫૦/–** મની ઓર્ડર થકી કે આંગડીયા થકી મોકલી આપે. (આંગડીયા માટે ભરૂચનું સરનામુ છે : "બરકાતે ખ્વાજા" માસિક, C/o. ઈન્ડિયન ઓપ્ટિક, હોટલ પ્રેસિડન્ટ નીચે, રેલ્વે સ્ટેશન સામે, ભરૂચ)

લિ. આપનો અદના ખાદિમ, ગુલામે ગૌષો ખ્વાજાઓ અશરફો રઝા

**પટેલ શબ્બીર અલી રઝવી** *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧*

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. સુન્ની યુવતી** : ઉમર : ૩૦ વર્ષ, USA (Citizen), ઊંચાઈ : ૫'.૧, ગોરો રંગ, એજ્યુ. : ડિપ્લોમાં ઈન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ, ભાષા ગુજરાતી, હિંદી, ઉર્દૂ અને ઈંગ્લિશ, સંપર્ક ફોન નં. **Phone : 773-856-5299 and email rafhat@yahoo.com**

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧